Barcode - 99999990869793
Title - Imame Mojud-2
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 166
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086979

# ઈમાનં મારગનું

## ભાગ ૨ જો

રચનાર

નગીનભાઈ નાનજી. [illegible]

પ્રકાશક

મુંબાં બાલગોભાઈ દેવરાજ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૮૧૭ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૫૭૨૬:૬

ઇમામે ઝમાનની શોધ કરનારાઓની
રહેબરી કરનારૂ પુસ્તક.

# ઇમામે-મોજુદ,

## ભાગ ૨ જો.

મી० અએનના ત્રીસ સવાલોના જવાબો તથા
મી० આકાંક્ષીને જવાબ તથા મી० ગુલામ
હુશેન જંગબારવાળાને જવાબ.

લખનાર


## વલીભાઈ નાનજી હુદા.

ગુલશને એહમના કર્તા તથા અમુલ્ય
મોતીની માળા ભા० ૧-૨-૩-૪-૫ ના
ગ્રંથ કર્તા તથા ઈ. સ. પ્રકાશના અધીપતી.



પ્રગટ કરનાર.

મુખી લાલજીભાઈ દેવરાજ

આવતી ૧ લી] મુંબઈ [પ્રત ૩૦૦૦

તા० ૧-૬-૨૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૮૨૧૫

આ બુક મેનેજર વલીભાઇ નાનજીએ ધી
ખોજા સિંધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧૧૩ પાલખી
મહોલા, મુંબઇ નંબર ૯ માં મુખી
લાલજીભાઇ દેવરાજ માટે છાપી
અને મુખી લાલજીભાઈ
દેવરાજે ધી ખોજા સિંધી
પ્રી. પ્રેસ ૧૧૩, પાલખી
મહોલા, મુંબઇ-૯ માં
પ્રગટ કરી.

# પ્રસ્તાવના.

જ્યારે મેં ઇમામે મોજુદ લખી ત્યારે મ્હને સ્હેજ પણ ખ્યાલ નહિ હતો કે મ્હારે ત્હેનો બીજો ભાગ પણ લખવો પડશે. **ઇમામે મોજુદ ભાગ ૧ લો** લખ્યો ત્યારે ૭ માસ જેટલી ટુંક મુદ્દતમાં પાંચ પાંચ આવૃતીઓમાં હજારો કોપીઓ બ્હાર પડશે એવી આશા મને ન્હોતી.

શરૂઆતમાં સીંધી પ્રેસ તરફથી ત્હેની પ્રથમ આવૃતીની **અઢી હજાર** કોપીઓ છાપી બ્હાર પાડવામાં આવી અને તે **ઇસ્માઇલી સતપંથ પ્રકાશના** ગ્રાહકોને ઇમામે ઝમાન હાદી યુલ મ્હેંદી કાયમુલ કિયામત ઇસ્માઇલી હાજર ઇમાન સર **સુલતાન મહમદશાહની** પવિત્ર સાલગરેહ જેવા શુભ પ્રસંગે ભેટ આપવામાં આવી; તે ઉપરાંત **દાઉદી વ્હોરા** તેમજ શીયા ઇશના અશરી ખોજા ગ્રહસ્થોને **ફ્રી** આપવા જાહેર ખબરો આપવામાં આવી અને એવી જાહેર ખબરના બોર્ડ **સીંધી પ્રેસના** મકાનપર **તેમજ** અન્ય જગોએ લટકાવવામાં આવ્યાથી, દાઉદી વ્હોરા તેમજ ઇશનાઅશરી ખોજા ગૃહસ્થો તરફથી હજારો કોપીઓનો ઉઠાવ થઇ ગયો. એટલુંજ નહી પણ તેઓ તરફથી ચાલુ માગણી થતાં બીજી આવૃતી છપાવવાની તઇયારી થવા લાગી; એટલામાં આફ્રીકા **દારેસલામ** મુકામેથી ત્યાંના ધર્મચુસ્ત કેળ-

P

વણીના હીમાયતી ગૃહસ્થ મી૦ **અકબરઅલી રતનશી** નો ત્યાંના કેટલાએક સખી ગૃહસ્થોના ખરચે એક હજાર ને પચાસ કોપી છપાવવાનો ઓર્ડર સાથનો પત્ર મળ્યો. જ્યારે આ ખબર ઈ. સ. પ્રકાશદ્વારા બ્હાર પડી કે તે ઉપર આફ્રીકાના શાહ વેપારી સખી શેઠ સુલેમાનભાઈ વીરજી એન્ડ સન્સ વાળા શેઠ **મહમદઅલીભાઈ સુલેમાન વીરજી**નું લક્ષ ખેંચાતા તેઓશ્રીએ પણ એક **હજાર** કોપી પોતાના ખરચે છપાવી પોતા તરફથી દરેક સ્થળે ભેટ મોકલી આપી.

એ મુજબ ત્રણ આવૃતીઓ ખલાસ થતાં ચોથી અને પાંચમી આવૃતી સીધી છાપખાના તરફથી બ્હાર પડતાં કુલ્લે **સાત હજાર** કોપીઓ છપાઇ બ્હાર પડી ચુકી છે અને શીયા ઇશનાઅશરી ખોજા ગૃહસ્થો તેમજ દાઉદી વ્હોરા ભાઇઓને **તદ્દન મફત** આપવાનું હજુ ચાલુ છે.

આજનો ચળવળવાળો જમાનો અમુક નવિન અને ઉપયોગી બાબતને તુરતજ ઉપાડી લે છે એ ઉપરની બાબતથી સીદ્ધ થાય છે અને અમુક લખાણ કે કિતાબ ત્યારેજ પ્રિય તથા ખેંચાણકારક થઈ પડે છે કે જ્યારે તેમાં કાંઇક નવીનતા અને કુદરતી સત્ય ઝળકતું હોય છે અને એ મુજબ આટલા ટુંક અરસામાં આટલી મોટી સંખ્યામાં ઉચકાયેલ આ કિતાબમાં સત્યનો ખરો ઝળકાટ હોવાનું સાબીત થાય છે.

ઇસ્લામના કેટલાએક ફીરકાઓ ઇમામની ઇન્તેજારી માં હોવાથી **ઈમામત** માટેની બાબતો વાંચવા ઘણાએક જીજ્ઞાસુઓ હમેશા ચપળ રહે છે એટલુંજ નહી પણ તેના પર અન્ય લખાણો કરતાં વધારે ધ્યાન આપે છે. શીઆ ઈશનાઅશરી મતવાળાઓ ઈમામને ગયબ માને છે જ્યારે આ કિતાબ ઇમામનુ સર્વદા જાહેર હોવાપણુ સિદ્ધ કરતી હોવાથી, તેઓને આ કીતાબનું લખાણ ફટકા સમાન થવાથી તેવી માન્યતા ધરાવતા કોઇએ **અએન** તખ્હલુસ હેઠળ અમોને ત્રીસ સ્વાલો પુછેલા છે, જેના જવાબ રૂપે અમોએ આ **બીજો ભાગ** લખ્યો છે.

જેઓ ખરેખરા જીજ્ઞાસુ છે તેઓ માટે અમને સંપુર્ણ માન છે, પણ જેઓ અંધ શ્રધાળુ છે અને ફકત સત્ય જાણવા ખાતર નહીં, પણ પોતાના ટકા ખરા તરીકે ઘુંટાવવા અર્થે વિધ વિધ પ્રશ્નો ઉભા કરી અમોને મહેનતમાં નાંખે છે તેમના તરફ અમોને સ્વાભાવીક અભાવ ઉત્પન્ન થાય છે. જો કે મી૦ અ.એન કોણ છે તે અમે જાણતા નથી તેમજ મી૦ **અએન** પોતે ગયબ રહેવા ખુશી હોવાથી તેમને બહાર આવવાની ખોહીશ પણ કરી શકતા નથી, છતાં તેઓના લખાણ અને તેમાં જણાતા તેમના વિચાર ઉપરથી તેઓ ખરેખરા જીજ્ઞાસુ હોય એવી કાંઇક આશા બાંધી શકાય

છે, અને તેથીજ તેમના કેટલાએક વિચીત્ર અને જ્ઞાની વર્ગ હસે એવા સ્વાલોના જવાબો આપવાનું મુનાસબ ધાર્યું છે; પણ મી૦ **આકાંક્ષી**ના સ્વાલો એક બાળકના હવાઇ ખ્યાલ જેવા લાગે છે, છતાં તેમને ગેર ઇન્સાફ ન થાય તે ખાતર આજ કીતાબમાંજ તેમની શંકાઓનું સમાધાન યથાશક્તિ કરી દીધું છે અમો મી૦ આકાંક્ષીના સવાલોને બાળ બુદ્ધિથી ઉદ્‌ભવેલા એટલા માટે ગણીએ છીએ કે તેઓ **ઇમામ**નો ખરો અર્થ અને મરતબો સમજતા હોય તેમ જણાતું નથી. તેઓ **ઈમામ**ને માણસના રમકડા તરીકે લેખતા હોય તેમ ઇમામે માણસોને પસંદ પડે તેવી ઢબ છબમાં રહેવું જોઇએ, એવો મત ધરાવે છે, અથવા તો તેમને જમાનાના ફેરફારો અને તેમા **ઈમામ**ની જરૂરત અને ફરજનો ઘણો થોડો ખ્યાલ છે. આ માટે તેઓ જે દીનમાં હોય તે દીનના બાહોશ ઓલ્માઓ પાસે એ વિષયમાં તેમણે અભ્યાસ કરવો ઘટે છે.

મી૦ અએનના સ્વાલો અને અમારા જવાબો ઉપરથી વાંચક વર્ગ સમજી શકશે કે, મી૦ અએન ફક્ત કીતાબો ઉપરજ ઝઝુમે છે જ્યારે અમારો મદાર ફક્ત કીતાબોના લખાણો ઉપરજ નહી પણ તે સાથે અકકલ ઉપર પણ છે. કીતાબો લખી જનારાઓ પણ ઇન્સાનોજ હતાં, તેઓ પણ એક ઇન્સાનની વધતામાં વધતી હદ

સુધીની અકકલ ધરાવતા હતા, એટલે કે તેમની અક્કલને હદ હોવાથી તે હદ બ્હારની વાતો તેઓ નજ લખી શકે એ સ્વાભાવિક છે. તેમજ તેઓ ઈસ્લામીઓના ૭૩ ફીરકાઓમાંના એક ફીરકામાંહેના હોવાથી, તેઓ જે બાબત લખે તે તેમના અકીદાને મજબુત કરનારીજ હોય એમાં શક જેવું નથી અને તેથી તે સત્યજ હોય એમ નબને: તેથી સત્ય શોધકોએ તેવી બાબતો ઉપર આધાર રાખવો નહી જોઈએ બલ્કે પોતાની અક્કલનો તે બાબત પર ઉપયોગ કરી તેમાંથી સત્યનું દોહન કરવું જોઈએ.

ઈમામી ઈસ્માઈલી દીનને સુફીઝમ સાથે ઘણો ઘાટો સંબંધ છે, કારણ કે બન્ને અક્કલ ઉપર મદાર રાખે છે અને તેથી ઈસ્માઈલી દીનના સીધ્ધાંતો સુફી મતવાળાને જેટલા અસર કરી શકે અને સમજમાં ઉતરી શકે, તેટલા ફકત શરીયત ઉપરજ મદાર રાખનારાઓને અસર કરી શકતા નથી; કારણ કે ફકત જાહેરી જોનારાઓ હીરાથી ભરેલ દાબડાની કિમત દાબડા ઉપરથી કરે છે જ્યારે બાતુન પરસ્તો ગમે તેવા લોખંડના દાબડામાં રહેલા હીરા ઉપરથી દાબડાની કિમત આંકે છે. આટલોજ ફર્ક અમારાં પુસ્તક ઉપરથી સવાલો ઉત્પન કરનારા અને અમારા વચ્ચે છે. જો તેઓ મુળ અને બાતુન તપાસે તો તેઓ અમારા વિચારો બરાબર

સમજી શકે; પણ જ્યાં સુધી તેઓ બ્હારથીજ જોનારા છે ત્યાં સુધી તેઓને અમારા વિચારો અજાયબ લાગશે અને તેથી તેઓને અનેક શંકાઓ ઉભી થાય એ સ્વાભાવીક છે. દોડતી ત્રેનમાં બેઠેલાંઓ ઝાડો અને પ્હાડોને દોડતા જુએ છે અને જો તેઓ બચ્ચાંઓ હોય તો ત્હેમને ગમે તેટલું સમજાવો કે ઝાડો કે પ્હાડો દોડતા નથી પણ ગાડી દોડે છે તો તે તેમના મગજમાં કદી ઉતરી શકશે નહીં; તેજ રીતે તેવા જોનારાઓની અકકલમાં અમારા વીચારો અને સમજણ કદી ઉતરી શકે તેમ નથી. તેઓએ અમારા વીચારો સમજવા ગાડી માંથી ઉતરી જવું જોઇએ. તે સીવાય તેઓ સાથેની અમારી માથાફોડ તદ્દન નકામીજ છે; છતાં અમારે તો અમારી ફરજ બજાવવાની હોવાથી અમારી શકતી અનુસાર તેઓની શંકાઓની સમાધાની અર્થે જવાબો આપવાને બનતુ કરીએ છીએ અને કરીશું પણ સમજવા ઇચ્છનારાઓએ એટલે ખરા જીજ્ઞાસુઓએ પહેલાં અમોએ જે અખતરો બતાવ્યો તે અજમાવી જોવો જોઇએ અને તે બાદ જે જે શંકાઓ રહે અગર ઉદભવે તો તેવા સવાલો રજુ કરવા જોઇએ, જે વગર અમોને ભય રહે છે કે અમારી માથાફોડ તેવાઓ માટે તદ્દન નકામીજ નીવડશે.

દરેક કાર્ય કે ચીજ દીન પ્રતીદીન સુધરતી જાય છે, એ કુદરતનો નીયમ છે જેને (Evolution) પ્રગટીકરણ કહેવામાં આવે છે. ઇસ્લામની સ્થાપનાને આજે તેરસો વર્ષ ઉપરાંત મુદત થઇ છે તો તે સમયમાં તે પોતાની પ્રગતી કરે તેમાં શક જેવું નથી અને તે ફક્ત ઇસ્લામી દીનમાં દાખલ થનારાઓની સંખ્યામાં વધારો થવા તે નહી, પણ તે દીનમાં દાખલ થયેલાઓ પોતાની અસલીયાતમાં મળવા આગળ વધવું તે છે. જેમ ખુદાવન્દ તઆલાએ ફરમાવ્યું છે કે—

**"યા અઇ યવહન નફસુલ, મુતમઇન્ન તુર જઇ ઇલા રબ્બેકા, રાઝીયતન, મરઝીયતા."**

**એટલેકે**—"ઓ શાન્ત પામેલા રૂહ તું તારા પરવરદીગાર તરફ ખુશ અને રાજી થઇને પાછો ફરજે."

(સુરે ફેજર આ. ૨૭–૨૮)

**તેમજ કહ્યું છે કેઃ—**

**"કુલે શયુન હલિક ઇલાહુ વજહહુ"**

**અર્થ**—દરેક આદમનો રૂહ પોતાની જાતમાં **મળશે.**

**જેને હ૦ રસુલિલ્લાહની હદીસ ટેકો આપે છે.**

## કુલ્લુન નબી

## યો કુલ્લો શઇઇન નયરજેઆ ઈલા અસ્લેહી

**અર્થ**—કુલ ચીજોને પોતાની અસલીયાતમાં સમાવાનું છે.

એ મુખ્ય દીન યાને ધર્મનો હેતુ આ દુનીયાના લોકોના આત્માઓને પોતાની અસલયાત કે જે ખુદાવન્દ તઆલાનું નુર છે તેમાં સમાવવાનો છે અને તે હેતુ જે રસ્તે બર આવી શકે છે તેનેજ ખરો રસ્તો યાને સરાતલ મુસ્તકીમ કે સતપંથ કહેવામાં આવે છે.

ઈસ્લામ એ છેલ્લામાં છેલ્લો અને સુધરેલો દીન એટલા માટે ગણાય છે કે, તેનાથી માણસ પોતાની અસલ જાતમાં મળી શકે છે, કારણ કે તે દીનમાં **શરીયત, તરીકત, હકીકત,** અને **મારફત** જેવા અનુક્રમ દરજ્જાઓ છે, જે પસાર કરેથી **મારફત** કે જે છેલ્લો દરજ્જો છે અને જે થકી ખુદાવન્દતઆલાની જાતમાં મળાય છે તે મેળવી શકાય છે એ ચાર દરજ્જાનું હોવાપણુંજ ઈસ્લામીઓને આગળ વધવાનું સુચવે છે; વળી જેમ પંથમાં આગળ વધવા ભોમીયાની જરૂર પડે છે, તેમ એ સરાતલ મુસ્તકીમમાં આગળ વધવા રાહબર તરીકે **ઇમાને ઝમાન** હમેશાં મોજુદ રહે છે, અને તે રસ્તે વધવા ઇચ્છનારાઓને આગળ વધારે છે. એથીજ **ઈસ્લામદીનની મહત્ત્વતા વધારે છે.**

ચાર તરીકાઓ પસાર કરવા ઇચ્છનારાઓને અનુક્રમ દરજ્જાઓ પસાર કરવા પડે છે, અને તે મુજબ દરેક દરજ્જાઓની રહેણી કહેણી બીજા બીજા હોય એમાં શક જેવું નથી; પણ તે બતાવનાર રહેબર ઇમામે ઝમાન હોવાથી દરજ્જા પ્રમાણે મોમીનોને આગળ વધારે છે અને જરૂર જોગી નસીહતો કરે છે; જેઓ ખરા રાહદારીયો (મોમીનો) છે તેઓ તે રહેબર હાદીના હુકમો પર ચું ચાં કર્યા વગર અમલ કરે જાય છે, જ્યારે કેટલાએક દોઢ ડાહ્યા પોતાની અક્કલ ચલાવી હાદીને છોડી પોતાની અક્કલને પોતાનો રાહબર બનાવી ખરો રસ્તો મુકી ગુમરાહ થઇ જાય છે.

તેવા દોઢ ડાહ્યલાઓને નવા દરજ્જાની રૂઢીયો પર શંકા થાય છે કારણ કે તે અમાઉના દરજ્જાથી બીજા હોવાથી તેની અકકલમાં ઉતરી શક્તી નથી અને તેથી તે તેની નવી રૂઢી કે અકાયદો માટે તાજુબીથી જુએ છે અને પોતાની અકકલનો ઉપયોગ તેની ટીકા કરવામાં કરે છે. પણ ખરૂં જોતાં પહેલા દરજ્જાના રાહદારીઓની નજરમાં બીજા દરજ્જાવાળાના અકાયદો ગમે તેટલા વિચીત્ર લાગતા હોય, અગર તેની નજરમાં ટીકાને પાત્ર જણાતા હોય, છતાં તે નીચેના દરજ્જાનો હોવાથી તેમાં ભુલ શોધી શકવાની તાકાત ધરાવતો નહી હોવાથી તેમ કરવામાં તે પોતાની અકકલનું કમીપણું જ બતાવે છે.

એટલે કે શરીયતીઓ હકીકતીઓના અકાયદોને પોતાથી ઉતરતા ગણે અથવા વાચીત્ર ગણે તેમાં ફકત તેમની સમજમાં તે ન ઉતરી શકે તેરી તેમની કમતાકાત અકકલ અને કમસમજણને લીધેજ તેમ તેઓને જણાય છે. ખરૂં જોતાં તે અકાયદો ઉતરતા નહી પણ વધારે મહાન હોય છે. આવા કારણને લઇનેજ ઈમામી ઇસ્માઇલી ફીરકો કે જે હકીકતી દરજ્જાનો ફીરકો છે તેના અકાયદો શરીયતીઓની બુધ્ધી આગળ વીચીત્ર લાગે તો નવાઈ પામવા જેવું નથી અને તેથી તે ઉપરની તેઓની ટીકાથી તે દીનના મહાન અકાયદોની મહત્વતા ઘટતી નથી પણ તે સમજવા જેટલી બુધ્ધી ધરાવનારા પાસે તેનું મહાત્મય વધે છે.

શીયા ઇશ્નાઅશરી ખોજાઓ કે જેઓના બાપદાદા અસલ હીન્દુ હતા અને જેમને પીર સદરદીન વગેરે પીરો જેવા મહાન અજીત દાઇઓએ હકીકતી તરીકાના ઇસ્માઇલી દીનમાં દાખલ કીધા હતા, તેઓ સંગતને લીધે અગર તો ઇસ્માઇલી દીનના મહાન અકાયદો સમજવા જેટલી અકકલની કોતાઈને લીધે એ પાક દીનની હકીકતી સડક પરથી ખડી જઇ શરીયતી સડક પર ઉતરી જવાથી, તેઓની નજર આગળ ઇસ્માઇલી સીધ્ધાંતો લાજુખી ઉત્પન કરનારા તથા વીચીત્ર જણાય એ સ્વાભાવીક હોવાથી, તેઓ પોતાના જેવાઓ

આગળ એ પાક મહાન સીધ્ધાંતોની મહત્વતા ઘટાડવાના ઈરાદાથી તે ઉપર ટીકા કરતા જણાય છે; પણ તેઓએ ખુબ યાદ રાખવુ જોઈએ કે તેમનો તેવો હેતુ તેમના જેવા આગળજ પાર પડી શકશે પણ જેને ખુદાવન્દ તઆલાએ સમજવાની બુધ્ધી બક્ષેલી છે અને જેઓ તત્વ શોધનારા છે તેઓ આગળ તો તેઓની તે પાક સીધ્ધાંતો પરની ટીકાઓ તે સીધ્ધાંતોનો ઝળકાટ બતાવ નાર તરીકે કારગત નીવડશે.

જેમ બીલાડીને ખીર પચી શકતી નથી તેમ ઈસ્માઈલી સીધ્ધાંતો તેવા શરીયતી ખ્યાલવાળાઓની અક્કલ માં કદી પચી શકે તેમ નથી અને તેમ થવાથીજ તેઓએ આ પાક દીન છોડી જવામાં પોતાની બહેતરી ન્હાઈ છે અને જ્યાં સુધી તેઓની બુધ્ધી પરીપકવ ન થાય ત્યાં સુધી તેમજ રહેવામાં તેમના હકમાં ફાયદો છે.

ઇમામી ઇસ્માઇલી દીનના સિદ્ધાંતો બાતુનની બાજુ જોતા હોવાથી, ભાષા ઉપર નહી પણ હેતુ તરફ, કાર્ય તરફ નહી પણ નિય્યત તરફ, પોષાક તરફ નહી પણ દીલ તરફ, અંગની સફાઈ તરફ નહી પણ ઇમાનની સફાઇ તરફ, જાહેરી દેખાવ તરફ નહી પણ બાતુન તરફ, ભાષા ઉપર નહીં પણ અંદરના મકસદની સંપૂર્ણ તરફ પોતાની મદેહ નજરે રાખતા હોવાથી, તે બાબતમાં શંકા લઈ નારાઓએ પ્રથમ તે પાક સિદ્ધાંતોનું લક્ષ બિન્દુ તપાસીનેજ એનો કરવા ઘટે છે.

મી૦ અએન તેમજ મી૦ આકાંક્ષીએ જે સ્વાલો પુછ્યા છે તે ઉપર મુજબ ઇસ્માઇલી સિદ્ધાંતોના લક્ષ બીન્દુ તરફ જરા પણ ધ્યાન આપ્યા વગર પુછ્યા છે. તેઓ પોતે શરીયતી તરીકા ઉપર હોવાથી અને પોતે જે તરીકા ઉપર છે તેને સવથી આલા દરજ્જાનો ગણતા હોવાથી, પોતાના સિદ્ધાંતોને સર્વથી શ્રેષ્ઠ ગણે છે, અને તેથીજ પોતે જે સિદ્ધાંતોને વળગેલા છે, તે સિદ્ધાંતોથી વીરૂદ્ધ જણાતા સિદ્ધાંતો તરફ હલકી દૃષ્ટિથી જુએ છે અને ટીકા કરે છે, પણ જો તેઓ આગળ વધે અને પોતાની બુદ્ધિને હકીકતી સિદ્ધાંતો સમજ્વા એટલી કેળવે તો વગર પ્રશ્ન પુછે તેઓ પોતાની બુદ્ધિ આગળથીજ પોતાની શંકાઓની સમાધાની મેળવી શકે અને ત્યાંસુધી અમારા જવાબો પણ તેમની સમજમાં કદાચ ન ઉતરે તો અમો તાજુબ થઇશું નહીં.

દરેક દીન ઉપર ઇસ્લામ દીનની શ્રેષ્ટતા હોવાના બે કારણો છે. એક તો તે દીન છેલ્લો અને સુધરેલો દીન હોવાથી તે દીન પાળનારાઓને આગળ વધારનારો છે, જ્યાં સુધી કે તેઓ પોતાની અસલ જાતમાં મળે અને બીજું તે મુજબ આગળ વધારવા તે દીનનો પેશ્વા ઇમામે ઝમાન હમેશાં હાજર અને જાહેર રહે છે કે જેમાં તે પાક જાતનું નુર જરૂર રહે છે. જેમ ખુદાવન્દ તઆલા ફરમાવે છે કે:—

**" ખુદાવંદતઆલા જેને ચ્હાય છે તેને પોતાના નુર વડે હીદાયત કરે છે "**

એ મુજબ જેઓ તે રાહબર–હાદીને મેળવી શકે છે, અને તેનો પાલવ કદી છોડતા નથી, તેઓજ તે પાક દીન પર આગળ વધી પોતાની મકસદને પહોંચી શકે છે પણ જેઓ તે પાક જાતનો પાલવ છોડી દે છે તેઓ ત્યાંજ અટકી પડી ગુમરાહ થઇ જાય છે.

તેવા રાહબરની શોધ માટે ખરા રાહદારીયા સદા ઇન્તેઝાર રહે છે, અને જો તેઓની ઇન્તેઝારી ખરા જીગરની હોય છે તો તેઓ તેવા રાહબર–હાદી જરૂર મેળવવા ભાગ્યશાળી થાય છે પણ જેઓ પોતાની અકલ ઉપર મગરૂર છે અને પોતામાં રહેલા એલ્મ માટે તકબુરી કરે છે તેવાઓ તેવા હાદી કદી મેળવી સકતા નથી.

હાલમાં ટુંક વખત થયા ખોજામાંથી જુદા પડનારા માંના મો૦ કાબા ઇસનાઅશરી લેખક તરીકે પોતાને ઓળખાવે છે, તેમના પુસ્તકો અને લખાણમાં ઇસ્માઇલી દીનના સીધાંતોની નીંદા જ્યાં ત્યાં નજરે પડે છે અને તેવી હીચકારી કોશેશ તેઓ ઇસ્લામી સુધારકના ડોળ નીચે કરે છે, પણ ખરૂં જોતાં તેઓ ઇમામી ઇસ્માઇલી દીનદારોની લાગણી દુઃખવવા સીવાય બીજું કાંઇ કરતા નથી. છતાં અમારે એટલું તો કબુલ કરવું જોઇએ કે તેમની તેવી કોશેશથી ઇમામી ઇસ્માઇલી દીનને ઘણો

ફાયદો થયો છે અને અનેક જીજ્ઞાસુને તે પાક દીનનો સત્ય ઝળકાટ નજરે પડવાના સાધનો આપો આપ મળી ગયા છે.

અમોને પુછાયેલા ત્રીસ સવાલોનું જુદું પેમ્ફલેટ મી૦ કાબા તરફથી બ્હાર પાડવામાં આવ્યું છે તેમાં તેઓએ જે ભુમીકા લખી છે તેમાં ઇમામી ઇસ્માઈલી ખોજાઓના સીધ્ધાંતો માટે અનેક શંકાઓ કરી જાહેર આલમ પાસે તે પાક સીધ્ધાંતોને ગુંચવડીઆ જણાવવા કોશેશ કીધી છે: ઈમામી ઇસ્માઈલી ખોજાઓ કે જેઓ હીન્દુ અને ઇસ્લામી દીની દુન્યવી અઇકયતા જોવાને એક પગે આતુર છે, તેમને તેવા અઇકયતા દર્શાવતા આચરણોને ઇસ્લામ વિરૂદ્ધનાં આચરણો અને અસાધારણ સેળભેળપણું આમેજ થયેલા તરીકે જણાવી ટીકા કરે છે, પણ તેઓએ ખુબ યાદ રાખવું જોઇએ કે હીન્દુ અને મુસલમીનનો ખુદા એકજ છે અને તેની નજરમાં તે બન્ને મહાન કોમો એક સરખીજ છે. તે પાક જાતને બન્નેમાં અઇકયતા થાય તેવા આચરણો પસંદ છે, તો તેવી હક બાબત પર ટીકા કરી મી૦ કાબા ખુદાના ગુનેહગાર થાય છે, એટલુંજ નહિ પણ તેમ કરી તેઓ જે દેશમાં રહે છે તેની મહાન બે કોમોની અઇકયતા સંધાતી અટકાવવા માટે દેશદરોહી ઠરે છે. તેઓ જો એક લેખકનો દાવો કરતા હોય અને એક લેખકની જો તેઓ ફરજ સમજતા હોય તો, તેઓએ બે મહાન કોમો ઇસ્લામ માં

અને હીન્દુઓના ધર્મના મુળ સીધ્ધાંતો તપાસી, તેનું મળતાપણું બતાવી, તે બન્ને વચ્ચે ઐક્યતાનું જોડાણ મજબુત કરવા પોતાની કલમનો ઉપયોગ કરવો જોઇએ કે જેમ પ્રખ્યાત ઉર્દુ લેખક મી૦ **ખ્વાજા હસન નીઝામી** હીન્દુઓના મહાન પુરૂષોના જીવન ચરીત્રો **"ક્રીષ્ન બીતી" "રામ ઓર ક્રીષ્ન હીંદુસ્તાનકા પેગમ્બરો"** વગેરે લખી હીન્દુસ્તાનની મહાન સેવા બજાવી છે. ઇસ્માઇલી મહાન પીરોએ નવસો વર્ષ પહેલાં એ કોશેશ આરમ્ભી હતી અને આજ સુધી તેવી કોશેશ તેમના અનુયાયીઓ તરફથી ચાલુ છે, જેને તેમનાજ હાથે ઇસ્લામ દીનના શુધ્ધ હકીકતી તરીકામાં મુશરફ થયેલાઓમાંના કેટલાક ગુણુચોર ફરજંદો તોડી પાડવા મથે છે.

મજકુર પેમ્ફલેટમાં મી૦ અપ્રેને ઇસ્માઇલી સીધ્ધાંતોને વખોડવા અને જાહેર આલમ આગળ હલકા દેખાડવા પ્રયત્ન કરતાં, હીઝ હાઇનેસ ના૦ આગાખાન ઇસ્માઇલી ઇમામે ઝમાનનાં ફર્માનો ટાંકયા છે અને તેમ કરી જ્ઞાની વાંચક વર્ગ આગળ પોતાની બુધ્ધિ કમતાકાત સાબિત કરી છે. કારણ કે તેઓ જે શંકા ધરાવે છે અને જે ઇસ્માઇલી સીધ્ધાંતો પર ટીકા કરે છે તેનો સચ્ચોટ જવાબ તેજ મુબારક ફરમાનમાં પ્રગટી નીકળે છે; અને તેમ થતાં જ્ઞાની વાંચક વર્ગ મી૦ અપ્રેનની સમજ શકિત માટે મુખમાં હસે તો નવાઇ પામવા જેવું નથી.

ટુંકમાં ઇસ્લામી દીનના સિધ્ધાંતો સુરીજમને મળતાં અને આલા દરજ્જાના હોવાથી શારીયતી મી૦ અએન કે મી૦ કાબાની સમજમાં ઉતરી શકે તેમ નહી હોવાનું તેમના લખાણ પરથી સાબિત થાય છે અને તેથી તે સિધ્ધાંતો પરની તેમની ટીકા તે સિધ્ધાંતોની મહત્વતા ઘટાડવાને બદલે વધારે છે.

ઇસ્લામી દીનના સિદ્ધાંતો અને આચરણો પર ટીકા કરનારાઓએ પ્રથમ એ પાક દીનનો અભીયાસ શુદ્ધ મનથી કરવો ઘટે છે અને ઇમામે ઝમાનને શરણે જઇ તેમના તરફથી હીદાયત મેળવવી ઘટે છે, તે વગર તેઓ તે દીનનું મહત્વ અને ખુબી કદી સમજી શકવાના નથી અને તેથી તેઓએ તે પાક દીન પર ટીકા કરવાનું મોકુફ રાખવું જોઇએ.

છેવટમાં મી૦ અએન કે જેઓના પ્રશ્નોને લીધેજ આ કિતાબ બહાર પાડવાનું બન્યું છે તેમજ અન્ય બીરાદરો કે જેઓ મને હમેશાં દરેક કાર્યમાં મદદ કરતા રહે છે તેમનો આ તકે ઉપકાર માનતાં વાંચક વર્ગ પાસે આજીજીથી માંગી લઉં છું કે, આ પુસ્તકમાં નજર ચુકથી કે બીજા કારણે ભુલો રહી જવા પામી હશે તો, તે તરફ દરગુજરની દ્રષ્ટિથી જોવા કૃપા કરવી.

કર્તા.

# ઇમામે મોજુદ

## ભાગ ૨ જો.

### મી. અએનના ત્રીસ સવાલોના જવાબો.

### મી. અએનનો પત્ર.

મે. વલીભાઇ નાનજી હુદા,
અધિપતિ;—ઇ૦ સ૦ પ્રકાશ.
જોગ મુ. મુંબઇ.

માનવંતા સાહેબ,

આપ ઇસ્માઇલી કોમમાં જે જે ધાર્મિક કેળવણીનો પ્રચાર કરો છો તેના માટે આપને ખરેજ ધન્યવાદ ઘટે છે.

આપ કદાચ નિઃપક્ષપાતથી જો ધર્મનો પ્રચાર કરતા હો અને ઇસ્લામમાં રહો, સર્વ

ઈસ્લામ એક મતે કબુલ કરે તેવી જો કોશેશ આપ કરતા હો તો ખરેજ આખી દુન્યામાં સુજ્ઞ ઉપદેશક તરીકે મશહુર થઈ શકો (દિલગીરી એટલીજ કે તેમ થતું હોય એમ જોવામાં આવતું નથી.)

આપ જાણો છો તેમ એ તો જગમશહુર છે કે, સ્વજ્ઞાતિ અંધકાર તરફ હોમાતી હોય તો તેને સુજ્જનોએ પ્રકાશમાં લાવવા પ્રયત્ન કરવો તેના જેવો બીજો કોઇ ધર્મ નથી અને તે મુન્દો આપે આજે ઇસ્માઈલી જ્ઞાતિમાં હસ્ત કર્યો છે, તે ખરેખર માનનીય છે પરન્તુ સખેદ લખવાનું કે આપ એક કેળવાયલા મહાન પુરૂષ થઈ ભોળા ઇસ્માઈલી બન્ધુઓને અન્ધકાર પ્રદેશમાં હડસેલી મુકો છો તે આપ જેવા સુજ્ઞ વકતાને છાજતું નથી.

આપથી અજાણ્યુ તો નહીજ હોય કે દુનિયાની લાલચમાં કારૂન ફિરઔન નમરૂદ અને શદ્દાદ ફસાઈ પડી કેવા કેવા અનર્થ ભર્યા કાર્યો કરેલા છે તેમાં તેઓ પણ આખર નિષ્ફળ

નિવડયા છે, તે ફરી આપને યાદ દેવરાવવાની અગત્ય નથી અને તેવાઓની માફક આપ નહિ જ હો જેથી કરીને આપે પ્રગટ કરેલ ' ઈમામે મોજુદ ' માંથી કેટલાક સ્વભાવિકપણે ઉદભવેલા પ્રશ્નો આપને પુછવાની રજા લઉં છું જે કૃપા કરી સમસ્ત ઇસ્લામ કબુલ કરી શકે તેવા પ્રશ્નો સાથના ઉત્તરો આપના કોમ પ્રિય માસિકમાં અને જુદુજ પુસ્તક પ્રગટ કરી સ્વજ્ઞાતિ ઉપરથી ઝઝુમી રહેલું અંધકારનું વાદળ દુર કરી આભારી કરશો.

સાહેબ, આપ જાણો છો તેમ આ દુનિયા કોઇની થઈ નથી અને થવાનીએ નથી. ઈસ્લામી શરાઅ માફક રોજે કયામતમાં દુન્યામાં કરેલા કૃત્યનોબદલો મેળવવો પડશે તો આપ તે દિવસનો ડર રાખી લાલચમાં ન લોભાતાં અને બીજા સ્વાર્થીઓના ફંદામાં ન ફસાતા જે હક વ્યાજબી વાત હોય તે જ મુજબ વર્તી ઉત્તરો આપી ઉપકૃત કરશો.

# અમારો જવાબ.

આપનો તા૦ ૧૧–૧૨–૧૯૧૯ નો પત્ર પ્રશ્નો સાથેનો મલ્યો. આપે પૂછેલા સવાલોના સંબંધમાં કેટલાએક પ્રશ્નો આપને પૂછવાની મારી ઇચ્છા થઇ કે જેના જવાબો મળવાથી આ પ્રશ્નોનો જલ્દી અને સ્પષ્ટ રીતે નિવેડો થવા સંભવ હતો અને તેથીજ આપને મેં તા. ૧૮-૧૨-૧૯ પત્રથી સવાલો પૂછવાની રજા મંગાવી પણ આપને નહિ રૂચવાથી આપે નામરજી દેખાડી તેથી હવે આપના પ્રશ્નોનો જવાબ બની શકે તેટલા ખુલાસાથી આપવા કોશેશ કરૂં છું.

આપ નિઃપક્ષપાતપણે અને સર્વ ઇસ્લામ એક મતે કબુલ કરે તેવી કોશેશ મારા તરફથી થવાની માંગણી કરો છો પણ સાહેબ, નિઃપક્ષપાતપણે કોશેશ કરવાનું દરેક લેખક કે વક્તા જણાવે છે પણ તેની કોશેશ નિઃપક્ષપાતી કોશેશ છે કે પક્ષપાતી તેનો નિર્ણય આપ કે હું કેમ કરી શકીયે ? તેનો ઇન્સાફ ઇન્સાફી વાંચક વર્ગે કરવો ઘટે છે; વળી સર્વ ઇસ્લામ એક મતે કબુલ કરે એવી

કોશેશ આજ સુધીમાં કોઇએ કરી હોત તો, ઇસ્લામમાં ધાર્મિક મત ભેદો શા માટે હોત ? આનો જવાબ તેજ તેનો જવાબ છે. ઇસ્લામમાં તો શું પણ કોઇ પણ જાતિમાં જ્યાં ધાર્મિક મત ભેદો છે ત્યાં પણ કોઈ પણ મહાન પુરૂષ એવો નથી થયો કે જેણે તે આખી જાતિને એક મતે કબુલ હોય તેવી કોશેશ કરી હોય ! ! તો મારા જેઓ અદના ઇસલામનો ગુલામ તેવી કોશેશ કરવાની શેખી કેમ કરી શકે ? આપની આ માંગણી કેટલી બેહુદી છે એ આપ લાંબો વિચાર કરશો તો સારી રીતે સમજી શકશો. એક ઇન્સાન તો શું પણ ખુદ પયગમ્બરો તેવી કોશેશ કરી શકયા નથી. ખુદ ખુદાવન્દ તઆલાના પાક કલામો પણ જે કોમ ઉપર તે ઉતારવાનાં આવ્યા તેઓએ એકમતે કબુલ નથી રાખ્યા તો આ માંગણી "સસલાને સીંગડા ઉત્પન્ન કરવા" જેવી છે.

મારી કોશેશો મારા મત મુજબ નિઃપક્ષપાતી છે એમ હું માનું છું કારણકે મને જે સત્ય લાગે છે તેજ બતાવવા કોશેશ કરૂં છું. મને ભાસતું સત્ય બીજાને અસત્ય લાગતું હોય તેમાં મારો દોષ નથી. મારી બુદ્ધિની તુલનામાં મને જે

હક લાગે છે તેજ યથાશક્તિ જણાવવા કોશેશ કરવી એ મારી મારા ભાઇઓ તરફની ફરજોમાંની એક ફરજ સમજું છુ. સુજ્ઞ ઉપદેશક હોવાનો મારો દાવો નથી તેમજ તેવો થવાનો અભખરો પણ મને નથી. મને મારા બાપ દાદા તરફથી જે દીન વારસામાં મળેલ છે તેની સત્યતા પ્રકાશમાં લાવવી તે મારા દીન તરફની મારી ફરજને અંગે છે. હું આલિમ છું અગર તો હુંજ બધું જાણું છું એવા અઝાઝીલના ખ્યાલ જેવા ખ્યાલોથી તોબાહ કરૂં છું પણ મને જે કાંઇ અદના જ્ઞાન અને સાર અસાર તોળવાની તુલના ( બુદ્ધિ ) ની બક્ષીસ તે બારીતઆલા તરફથી થયેલ છે તે વડે મારા દીન ભાઇઓની યથાશક્તિ સેવા બજાવવાની હું હોંશ રાખું છું.

પોતાની જ્ઞાતીને અજ્ઞાનતાના અંધકારમાંથી બ્હાર કહાડવા અગર અંધકાર તરફ જતી અટકાવવાની કોશેશ તે કોમના સમજુ વર્ગે કરવી ઘટે છે. તેવી કોશેશો પોતાનું એટલું ખરાબ અને અન્યનું એટલું સારૂં એવી સમજાણ આપવાથી ફળીભૂત નથી થઇ શકતી પણ પોતાનુંજ જે છે તેમાં તત્વ શું છે ? તેમાં ખુબી શું છે ? અને તે ખરાબ

શામાટે લાગે છે ? તે બતાવવાથીજ ફળે છે. અન્યનું સારૂં શા માટે ? અને આપણું ખરાબ કેમ ? એ શોધી આપવાની કાશેશોજ ફળીભૂત નિવડે છે.

આપ અમારા ઉપર ભોળા ઇસમાઇલી બન્ધુ-ઓને અન્ધકારમાં હડસેલી મુકવાનું તહોમત મુકો છો એવી આપની બુદ્ધિ અને દ્રષ્ટિ માટે દયા ઉપજે છે. કેળવાયેલ મહાન પુરૂષ તરીકે સંબોધી તેવો આક્ષેપ મૂકવામાં આપ મારી મશ્કરી કરો છો એ જોઇ મને ખેદ થાય છે પણ જ્યારે તેમાં આપનો દોષ નથી પણ આપની દ્રષ્ટિનો તથા બુદ્ધિનો દોષ જોઉં છું ત્યારે તે ખેદ દયામા બદલી જાય છે.

દુનિયાની માયાએ અનેકોને ફસાવ્યા છે. જો તેવી માયા ન હોત તો આજે તીફરકા ન હોત, મતમતાંતરો ન હોત, એ આપ ઇતિહાસિક દ્રષ્ટિથી જોશો તો જણાશે. પોતાના પાપી પેટ ખાતર **સત્ય પંથ** મૂકી ખુદાઈ જ્યોત મૂકી પાપી પેટને ખાતર બેદીન થનારાઓ અને ભોળા-ઓને ઉંધે રસતે દોરવનારાઓ ખરેજ ફીટકારને લાયક છે.

આપ મારા તરફથી લખાયલ બુક નામે "ઇમામે મોજુદ" નાં વાંચનથી ઉદ્ભવેલા પ્રશ્નો પૂછો છો અને તેના ઉત્તરો સમસ્ત ઇસલામ કબુલ કરી શકે એવા માંગો છો પણ સમસ્ત ઇસ્લામ કબુલ કરી શકે એવા જવાબોની આપની માંગણી કેટલી ગેરવ્યાજબી છે? એ આપ કોઈ નિઃપક્ષપાત વિદ્વાન જ્ઞાની જનને પૂછી જોશો તો જણાશે. "લલાટે લલાટે ભિન્ન ભિન્ન મતી" હોય છે એટલે મારા જવાબો દરેક માન્ય કરે એવો દાવો હું નજ કરી શકું પણ જેને ખરૂં અંતઃકરણ છે સાફ નજર છે અને શુદ્ધ બુદ્ધિ છે તેવાઓને કબુલ કરાવવાને સમજાવવાને યથાશક્તિ કોશેશ કરી શકું.

જેને ખુદાવન્દ તઆલાએ કાંઈ પણ સમજવાની શક્તિ આપેલી છે અને જો તે આસ્તીક છે તો સારા કૃત્યનો બદલો સારો અને ખરાબ કૃત્યોનો બદલો ખરાબ મળશે એમ જાણી શકે છે અને તે નિઃપક્ષપાતપણે પોતાની બુદ્ધિથી ન્યાય અન્યાયની તુલના કરી સારા કૃત્યો કરે છે તો તેને સારો બદલો મળશે અને જો ખરાબ કૃત્યો કરશે તો તેને તેવો બદલો ભોગવવો પડશે

પણ તેવા કૃત્યો અન્યની નજરમાં ગમે તેમ લાગતા હોય તેથી ખરાબ છે અને સારા લાગતા હોય તેથી સારા છે એમ કહી શકાય નહિ; કારણકે પોતાના અંતઃકરણમાં રહેલા ખુદાના વાસને લીધે તે સર્વ રીતે સમજી શકે છે કે તે કેવા કૃત્યો કરે છે. તેવી સમજ ધરાવનારનું અંતઃકરણ ખરાબ કૃત્યો કરવા જતાં તેને રોકશે અને સારા કૃત્ય કરતાં ઉ-તેજીત કરશે. આ ભેદ આપ લાંબો વિચાર કરશો તો સમજી શકશો.

કોઈ પણ શખ્સ પોતાની બુદ્ધિ અનુસાર હક અને વ્યાજબી વાત કરે તો તે જો કોઇ વિરોધીના અંતઃકરણમાં બંધએસતી ન હોયતો તેથી તે વાત હક અને વ્યાજબી નથી એમ ન કહી શકાય. આ ખ્યાલ આપે રાખવાનો છે.

હવે હું આપનો એક એક પ્રશ્ન લખી નીચે જવાબ આપીશ.

## સવાલ ૧ લો.

**તમો ઈમામે મોજુદ પુસ્તકના લખનાર છો અને ઈમામે મોજુદની તપાસ પાક કુરાઆને**

શરીફથી કરવા નીકળયા છો તો તમે કુરઆને શરીફ પડયા છો ? તેની તફસીરો કઈ કઇ વાંચેલ છે અને પાક કુરાઆને શરીફમાં જે જે અહકામો છે તે બધા તમોને માન્ય છે કે નહિ ઉપરાંત તમે અરબી ભાષાનું કેટલુ જ્ઞાન ધરાવો છો ? કુરઆને શરીફને ઇલ્હામી કિતાબ તરીકે માની તેના સર્વ હુકમો મુજબ ચાલવાને તમો પોતાને બંધાયેલા સમજોછો કે નહિ ?

## જવાબ ૧ લો.

"ઇમામત" જેવી બાબતનો નિર્ણય કુરાને શરીફથીજ થઈ શકે એ સમજાવવું પડે તેમ નજ હોય; વળી જયારે મી૦ **અલીજાને** મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ પાસે ઇમામ ગયબ કે જાહેરની સાબિતી પાક કુરાને શરીફથીજ માંગી તો પછી ઇમામ મોજુદ બુક લખવાનું પ્રયોજન અને હેતુ જોતાં કુરાને શરીફપરજ મદાર રાખવો જોઇએ એ દેખીતું છે.

હું કુરાને શરીફ પડયો છું એટલે મને જે ગુજરાતી તરજુમો મળી શકયો તે પાસે રાખી મેં કુરાને શરીફ વાંચ્યું છે. છતાં હું કુરાને શરીફનો

હાફેઝતો નથી જ અને એવો દાવો મેં કદી કીધોજ નથી પણ મેં કુરાને શરીફમાંથી જે વાંચ્યું છે તે, સમજી દીલમાં ઉતારીનેજ વાચ્યું છે અને હું તેવું વાંચન સમજ્યા વગર મોઢે ગોખી જતા કુરાને શરીફ પડવાના કરતાં ઘણુંજ બ્હેતર ગણું છું. હાફેઝપણું જો કુરાને શરીફ વગર સમજે ગોખી જવામાંજ સમાઇ જતું હોય તો એ પસંદ કરવા યોગ્ય નથી, એવું કેટલાએક વિદ્વાનોના અભિપ્રાયથી કહી શકું છું અને તેથી ઉપર જણાવ્યા મુજબનું મારૂં વાંચન તેવા હાફેઝ-પણા કરતા વધારે બ્હેતર ગણું છું.

તરજુમાઓ* બાબતમાં આપ મને પુછો છો તો, ગુજરાતીમાં જે તરજુમાઓ બ્હાર પડયા

---

*આપે તફસીરો વિશે પુછેલ છે પણ આપ તરજુમાઓ વિશે પુછો છો એમ હું સમજું છું, કારણકે તફસીરો છે તે આલિમોના મનાવકિત દલીલો છે અને તે હરેક આલિમ પોતાના અકીદા મુજબ કરે છે અને તેથી તે પર વજન ન મુકી શકાય. કારણકે ખરી તફસીર ખુદા પેગમ્બર અને ઇમામ સિવાય બીજુ કોઇ જાણતું નથી તેથી તરજુમોજ ફકત સત્ય શોધકોની શોધ માટે સાધન ગણી શકાય.

છે, તેમાં પ્રો૦ મી૦ ઇસ્ફહાનીનો કરેલો તરજુમો જે વધારે સત્તાસમાન ગણાય છે તે વાંચેલ છે. જો કે મેં મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલે કરેલ તરજુમો પણ વાંચેલ છે છતાં તેના ઉપર પ્રો૦ મી૦ ઇસ્ફહાનીના કરેલા તરજુમા જેટલું વજન આપી શકતો નથી.

કુરાને શરીફમાં જે જે અહકામો છે તે સર્વ, કુરાને શરીફ ઉપર ફઝીલત ધરાવનાર સાહેબુલ અમ્ર મૌજુદ હાજર ઇમામના સમજાવવા મુજબ પાળવાને હું પોતાને બંધાયેલો સમજું છું એટલે કે કુરાનેનાતેકના સઘળા અહકામો મને માન્ય છે અને તે ઉપર અમલ કરવાને હું બંધાયેલ છું.

મેં અરબી ભાષાનો અભિયાસ સ્કુલમાં ધોરણસર કીધો નથી, પણ ઇંગ્રેજી મેટ્રીક સુધીના ધોરણ સુધીમા જેટલો કોર્ષ કેળવણી ખાતાએ મુકરર કરેલો છે તેટલું ફારસી જ્ઞાન મેળવવા પામ્યો છું અને તેથી અરબી શીખવામાં મને ઘણી સવળતા મળી છે છતાં હું કામ પુરતા અરબીભાષાના જ્ઞાન ધરાવવા સિવાય વધારે જ્ઞાન ધરાવવાનો દાવો કરી શકતો નથી.

## સવાલ ૨ જો.

મજકુર પુસ્તક " ઇમામે મોજુદ " પ્રસ્તાવનામાં શરૂઆતમાં તમે જણાવો છો કે " ખુદાવન્દતાલા " રહેમ રહેમી વળી ઈન્સાફી છે " તો મજકુર રહેમ રહેમી તે કઈ ભાષાના શબ્દો છે તે જણાવો અને તે તારીફ કયા ખુદાને માટે લખો છો ?

## જવાબ ૨ જો.

ભાઇ અએન ! આપ બુક ઇમામે મોજુદની પ્રસ્તાવનામા વપરાયેલ " રહેમ રહેમી " શબ્દો માટે પુછો છો તો, તે શબ્દો જે ભાષામાં બુક ઇમામે મોજુદ લખાએલ છે તેજ ભાષાના છે એટલે હાલમાતો તે શબ્દો ઉર્દુ કે ગુજરાતીમાં મુખપાઠ જેવા થઇ પડયા છે. રહેમ રહેમી શબ્દો કયા ખુદા માટે છે એમ જે આપ પૂછો છો તો તે સ્વાલ ઉદભવવાનુ કારણ આપનાર આપના મસ્તિકમાં ભરાઇ બેઠેલ ખોટા વિચારનોજ પ્રતાપ છે કારણકે કયા ખુદા માટે રહેમ રહેમી વપરાએલ છે એમ પૂછવું એજ નાસ્તિકપણુ છે એટલે કે આસ્તિકો

માટે ખુદા એકજ છે આપ જ્યાં સુધી આપનું નાસિતકપણું ન તજો ત્યાં સુધી એ પ્રશ્ન ઉભોજ રહેવાનો અને તેવા નાસ્તિકને એ જવાબ આપવામાં હું એબ ગણું છું.

## સવાલ ૩ જો.

મજકુર પુસ્તકની પ્રસતાવના પેજ ૪ મા તમે જંણાવો છે કે "ઈસલામનો દરેક ફીરકો દરેક જમાનાના ઇમામ હઇયાત હોવા માટે એકમત છે. પણ તેમા કેટલાક હયાત પણ ગએબ ઇમામની માન્યતા ધરાવનારા, કેટ-લાક હરસદીયે ઈમામ પ્રગટ થાય છે એવી માન્યતા ધરાવનારા વળી કેટલાક ઇમામ પરદે થયા છે અને પરદામા ઇમામોના સીલસીલો ચાલુ છે એમ માનનારા છે" તો મજકુર માન્યતાવાળા કયા કયા ફીરકાઓ છે? તે મહેરબાની કરીને સ્પષ્ટ જણાવો અને તેઓનુ માનવું તમે વાજબી ગણો છો કે ગેરવાજબી અને તે ફીરકાઓ ઈસલામના દાયરા બ્હાર છે કે અંદર તે જણાવો એટલે તેઓને

તમારી માન્યતા મુજબ ઇસલામી કહી શકાય કે નહિ ?

## જવાબ ૩ જો.

મી૦ આએન ! જે કીતાબ ઉપરથી આપને મજકુર પ્રશ્ન ઉપસ્થિત થયો છે તેજ કિતાબ "ઇમામે મોજુદ" બરાબર વાંચી જોશો તો, આનો જવાબ મેળવી શકશો એટલે કે હાલ તુરત આપણને જે બાબત સાથે સંબંધ છે તે જોતાં, ખોજા પરદે થયેલા ઇમામોની • ઇમામતને માનનારા છે અને ઇસ્નાઅશરીયો ગયબ ઇમામમાં રહેલી ઇમામતને માનનાર છે એમ સહજ સમજાશે. હું એ માન્યતા વ્યાજબી ગણું છું કે કેમ ? એવો પ્રશ્ન મારી બહાર પાડેલ બુક "ઇમામે મોજુદ" વાંચનાર કરે તો હું તેને મુર્ખ ગણું. ઇમામતની અમુક માન્યતા પરજ ઇસ્લામી હોવાપણાનો સવાલ નજ હોઈ શકે. જો એમ હોત તો ઇસ્લામના ( ૭૩ ) ફીરકા શા માટે થયા હોત ? ફક્ત ઇમામતના સવાલ ઉપરજ ઇસલામી ગણાવાનો મદાર નજ બાંધી શકાય. આ બાબત માટે "**ઇમામે મોજુદ**" માં પાને ૪૮ મા આપ જોશો તો તેનો જવાબ ઘણો સ્પષ્ટ થશે.

## સવાલ ૪ થો.

આગળ ચાલતા મજકુર પ્રસ્તાવના પેજ ૪ માં તમે જણાવો છો કે, "જયારે ફક્ત શીઆ ઈમામી ઈસ્માઈલી ફીરકોજ હર જમાનામાં હઈયુલ કયુમ વગર તુટવે સીલસીલાબંધ ચાલી આવતી જાહેર ઈમામતના સાયા નીચે રહેતો આવ્યો છે." તો પહેલે તમોએ જણાવેલ છે કે "હઈયુલ અને કયુમ" તો મજકુર શબ્દો પાક ખુદાની શાનના છે. ખુદાનેજ "હઈયુલ કયુમ" કહેવામાં આવે છે. તમારી કુમ્પની સીવાય બીજા કોઈએ કોઈ પણ ઇમામ વાસ્તે મજકુર શબ્દો વાપરેલ હોય તો, તેના પ્રમાણો આપો અને મજકુર શબ્દોની વ્યાખ્યા શું? તે તમે અરબી ફારસી ઉર્દુ ભાષાઓ જાણતા હો તો ડીક્ષનેરીયો (લોગાતો)માં જોઈને તે જાહેરમાં લાવો. ઉપરાંત તમો જણાવો છો કે "વગર તુટવે સીલસીલાબંધ ચાલી આવતી જાહેર ઈમામતના સાયા નીચે રહેતો આવ્યો

છે " તો વગર તુટવે સીલસીલાબંધ ચાલી આવતી જાહેર ઇમામતને ઈસ્લામીક તવારીખોના દાખલા સહિત જાહેરમાં લાવો.

## જવાબ ૪ થો.

ભાઇ અએન ! આપ મજકુર સવાલમાં "હયુલ અને કયુમ" ઉપર વધારે વજન મુકો છો, **હયુલ** એટલે **હયાત** અને **કય્યુમ** એટલે **કાયમ** અર્થ દેખીતોજ છે; અને ઇમામત હઇયાત અને કાયમ હોવાથી તે શબ્દો ઇમામતનાં સંબંધમાં વાપરવામાં કોઇ પણ જાતનો વાંધો હોય એમ હું માનતો નથી. " તમારી કુમ્પની " કહી તમે તમારા હૃદયમાં દબાયેલી હસદની વરાળને બહાર કહાડો છો એ માટે ખરેખર અફસોસ કરવા જેવું છે. ધાર્મિક જ્ઞાન પ્રચાર કરનારાઓને " કુમ્પની " તરીકે સંબોધવું એ કેટલું અપમાનકારક અને કહેનારની કોટી કરાવવા સરીખું છે તે સભ્યતાના પાઠો શીખો તો આપ જાણી શકો. આપે નીચેની હદીસ તો સાંભળી હશે.

### હદીસ.

**કાલાલન–તખલુલ અરઝોમીન ઇમામીલ " હયુલ કયુમ "**

અર્થ—ફરમાવ્યું કે **હયાત** અને **કાયમ** ઇમામ વગર હરગીઝ જમીન ખાલી રહેવાની નથી, વળી આપ ખુદાની સાનના શબ્દો અન્યને વાપરવા માટે જે " અમારી કુમ્પની " ઉપર તહોમત મુકો છો પણ સાહેબ, વલીભાઇ લાલજી નામના એક ઇસ્ના અશરીએ "તવલ્લુદે હુસેયન" નામની કિતાબ તા૦ ૧૯—૧—૧૯૦૯ના દિને મુંબઈ ખાતે છપાવી બ્હાર પાડી છે તેની ઉપરે આલીમો તરીકે ખોજા શીયા ઇસ્ના અશરી મસજીદના સર્વોપરી મોઅલ્લીમ મોલવી સઇયદઅલી મોહમદે તથા હાજી દેવજીભાઇ જમાલના મુસાફરખાનાના મદરેસાના સર્વોપરી મોઅલ્લીમ મોહમદ બાકર અલીએ સહી કરી છે. તેના પાને પાંચમે મૌલા અલીની શાનમાં નીચલી ફારસી બયતો લખવામાં આવી છે.

### યા અલી મદદ

**યા અલી ઝાતી સબુતો કુલહો વલ્લાહો અહદ નામે તો નક્ષે નગીને અમરે અલ્લાહુસ્સમદ લમયલીદ અઝ માદરે ગીની વલમયુલદ અંતે લમયકુન બાઅદઝ નબી, મિસ્લ તબહુ કોફુવન અહદ**

(બર હબીબે ખુદા ખતમુલ અમ્બીયા સલવાત)

" **કુલહોવલ્લાહો** "ની સુરા **કોરાને શરીફ**માં ખુદાવન્દતાલાની વાહેદીનીયતના પુરાવા દાખલ આપ વામાં આવેલી છે, ત્યારે મી૰ અએન, આપ તે સુરાને હ૰ અલીની શાનમાં લખનાર અને તેના પર સહી કરનારને કઇ કુમ્પનીમાંના ગણો છો તે જણાવશો અને તેમ લખવું તે ઇસ્નાઅશરી સિધ્ધાંતોથી ઉલટું છે કે નહિ ? તે પણ સ્પષ્ટ કરશો.

અમારા ઇમામે મૌજુદ હાજર ઇમામ સાહેબુલ અસ્ર કાયમુલ કિયામત હીઝ હાઇનેસ સર **આગાખાન સુલતાન મહુમદ શાહ** હ૰ મૌલા મુરતઝા અલીથી ૪૮ મી પેઢીએ સીધા ઉતરી આવેલા છે તે સાબિત કરવાની હવે જરૂર રહી નથી. આપ એક કચ્છના ખુણામાં પડેલા હોવાથી તે બાબત માટે ઇતીહાસિક પુરાવા માંગો છો અને જાહેરમાં લાવવા માંગણી કરો છો પણ તે તો જાહેરમાં આવી ચુકેલ છે અને તે માટે હવે વધારે જાહેરમાં લાવવાની કોશેશ કરવી તે સુર્યને ઓળખાવવાની કોશેશ કરવાની મુર્ખાઈ કરવા બરાબર છે. આપ અંગ્રેજી પેપરો વાંચતા નહિ હો ! ત્યાંના મહાન વિદ્વાન પત્રકારોની વિદ્વતા અને તેઓ જે કાંઇ બાબત

બ્હાર પાડે છે તે કેવી શોધખોળથી પાડે છે અને તેવી બાબત માટે તેઓ કેવા ચોકસ રીતે કામ કરે છે તેનો ખ્યાલ કચ્છ જેવા એક નાના મુલકનાં ખુણે પડી રહેલાં તમારા મગજમાં કયાંથી હોય ? જરા નીચેના ફકરા તરફ નિહાળશો તો આપને વધુ પુરાવાની જરૂર નહિજ જણાય.

## નામદાર આગાખાન હ૦ અલીથી સીધા ઉતરી આવેલા છે તેના પુરાવા.

### પુરાવો ૧ લો.

(૧) **માનચેસ્ટર ન્યુસ** તથા **ડેહલી એક્ષપ્રેસ** તા૦ ૨૫-૭-૧૭ના પોતાના પત્રમાં " સ્પીરીચ્યુલ પ્રિન્સ " હેડીંગ નીચે અમારા નામદાર આગાખાન માટે જે વખાણ કરેલા છે તેમાંની છેલ્લી બે લીંટી નીચે મુજબ છે.

" He is also a direct deccndent of Fatima, the daughter of the prophet.—'

**અર્થ**—તેઓ વળી હ૦ રસુલિલ્લાહની બેટી ફાતેમાંથી **સીધા** ઉતરી આવેલા છે.

## પુરાવો ૨ જો.

(૨) **લંડન મેઇલ** પત્ર અમારા હાજર ઇમામ નામદાર આગાખાન માટે તા૦ ૩ આગસ્ટ ૧૯૧૮ના પત્રમાં "**એ રૂલર ઓફ મીલીયન્સ**" ના હેડીંગ હેઠળ જે વખાણ કરે છે તેમાં પણ તેમની ઓળખ નીચે મુજબ આપેલ છે.

"He is the lineal decendent of Mohomed."

**અર્થ**—તેવણ હજરત **મહુમદ** પેગમ્બરથી **સીધા પહેડી દર પહેડી** ઉતરી આવેલ છે.

તેજ મુજબ અન્ય પત્રોમાં પણ ઉપરના માફકજ પુરાવા છે જેના કેટલાક નામો તારીખવાર આપું છું તે આપ તપાસી જોશો તો આપને સંતોષ થશે

## પુરાવો ૩ જો.

(૩) York Shire observer of 10 March 1817.

## પુરાવો ૪ થો.

(૪) National Magazine of 30 March 1917

## પુરાવો ૫ મો.

(૫) **Pall Mall Gazate** of 5 Dece-
mber 1918.

## પુરાવો ૬ ઠો.

(૬) વળી તેટલાથી પણ સંતોષ ન થતો હોય તો જી. એ. નેટસનની કું. મદ્રાસ–વાળાએ બ્હાર પાડેલ ઇંગ્રેજી બુક નામે એચ. એચ.' આગાખાન પાને ૧ લામાં પણ નીચે મુજબ જણાવેલ છે.

He Comes of an illustrous Shiah family of Persia and as a Syed traces his descent from the Prophet of Arabia and claims blood relations with the fatimite Caliphs of Egypt.

**અર્થ**—તેવણ ઇરાનની શીયા કુટુંબી અને અરબસ્તાનના પેગમ્બરથી ઉતરી આવેલ સઇયદ તરીકે પ્રખ્યાત છે અને ઇજીપ્તના ફાતમાઇત ખલીફાનું લોહી ધરાવે છે.

## પુરાવો ૭ મો.

(૭) તેમજ એક પ્રખ્યાત પારસી લેખક મી૦ **નવરોજજી માણેકજી દુમાશ્યાએ "નામદાર આગાખાન"** નો ટુંક ઇતિહાસ નામે બુક બહાર પાડી છે તેમાં પાને ૧૧ માં તે નીચે મુજબ જણાવે છે.

" મિસરના ખલીફાઓથી લેતાં તેમની ઔલાદ છઠા ઇમામ ઇસ્માઇલ ઇબ્ને જાફર સાદિક સુધી અડતાલીસમાં થવા જાય છે. અને તેનાથી હજરત રસુલના પિત્રાઇ અને દામાદ **અલી** સુધી તેમની નસલ પહોંચે છે. એ રીતે તે નામદાર એક લંબાણ વંશથી ઉતરી આવેલા **નસલી ઇમામ** છે."

## પુરાવો ૮ મો.

(૮) ઉપરનાં પુરાવા અમોએ લેખકો તથા જાહેર પેપરોના લેખોથી બતાવ્યા છે. છતાં આપને એટલાથી સંતોષ ન થતો હોય તો કોર્ટના પુરાવા નીચે આપીએ છીએ જે ઉપરથી જરૂર સંતોષ પામશો. ઇ૦ સ૦ ૧૮૬૭ માં ચાલેલા ખારજાયા કેસના ફેસલામાં મુંબઇ હાઇ કોર્ટના વડા જજ સર જોસફ આરનોલ્ડ હીઝ

હાઇનેસ નામદાર આગાખાનની ઓળખ આપતા જણાવે છે કે–

" આગાખાન કોણ છે ? એ સવાલનો ઉત્તર થોડો ઘણો ઉપર લખ્યા પ્રમાણે વળી ચુકયો છે. **મહુમદ હુસન હુસેની** ઉરફે **આગાખાન** અથવા મુંબઇની સરકાર અથવા સરકારી દસ્તાવેજમાં બરાબર નામ અને ખેતાબથી લખવામાં આવે છે. તેમ " હીઝ હાઇનેસ આગાખાન મેહલાતી " એ ઇસ્માઇલીઓનો વગર વઢી પામેલો ઇમામ અને પેઢી દર પહેડી ઉતરેલો સરદાર થાય છે. અને ઇમામતનો હાલનો હઇયાત મસનદ ચલાવનાર અથવા ધરાવનાર છે અને ખોદાનો મોકલેલો **અલીથી** સાતમો અને ( ઇસ્માઇલીનાં ધરમ પ્રમાણે છેલ્લો ) વગર વઢી પામેલો ઇમામ જે જાફર સાદેકનો છોકરો **ઇસ્માઇલ** થાય તેની ઓલાદનો હક ધરાવનાર છે. "

( આગાખાન કેસનો ફેંસલો પા. ૧૬ )

## પુરાવો ૯ મો.

(૯) વળી ઇસ્લામી નામાંકિત મરહુમ જસ્ટીસ મી૦ બદરૂદીન તઇયબજીએ મેડેગાસ્કરમાં

ખોજાના ધર્મ બાબતમાં ઉભા થયેલા એક અગત્યના સવાલમાં ફ્રેન્ચ કોન્સલને જવાબ આપેલ તેમાં પણ અમારા હાજર ઇમામ નામદાર આગાખાન હ૦ અલીથી સીધા ઉતરી આવ્યાનું જણાવેલ છે જે આખો પત્ર આપના સવાલના જવાબમાં આપના સંતોષ અરથે નીચે આપું છું.

## ના૦ ચીફ જસ્ટીસ મરહુમ મી૦ બદરૂદીન તઇયબજીનો પત્ર.

સમરસેટ હાઉસ, ખંબાલા હીલ, મુંબઈ.

તા. ૫ મી માર્ચ ૧૯૦૫.

મોન્સ્યોર લુઇમ પીયેર ત્રોશાઇ જોગ,

**ફ્રેન્ચ કાન્સલ જનરલ.**

પ્યારા સાહેબ,

જત જણાવવાનું કે, હીઝ હાઇનેસ નામદાર **સર સુલતાન મહમદ શાહ** આગાખાનના પક્ષને લગતા ખોજાઓના ધર્મ સંબંધી એક અગત્યનો સવાલ મેડેગારકરમાં ઉભો થયો છે એમ મારા

સમજવામાં આવ્યું છે. મને થોડી એવી પણ ખબર આપવામાં આવી છે કે મજકુર લોકો મુસલમાન નથી પણ હિન્દુ અથવા બૌધ્ધ મતના છે. જેથી કરીને ઘણી ખુશીની સાથે હું સરટીફીકેટ આપું છું જે મજકુર ખોજાઓ હિન્દુ પણ નથી તેમ બૌધ્ધ મતના પણ નથી પણ તેઓ શીયા ઇસ્માઇલીયા ટોળાના ખરા મુસલમાન છે, અને નામદાર **સુલતાન મહુમદ આગાખાન** જે આ ટોળાના ઉપરી છે **તે નબી મહોમદ મુસ્તફાના જમાઇ અને ખલીફ હજરત અલીના વંશમાંથી સીધી નસલે ઉતરી આવેલા છે."**

લી. હું છું,

તમારો આજ્ઞાંકિત,

( સહી ) **બદરૂદીન તઇયબજી.**

## પુરાવો ૧૦ મો.

૧૦ વળી સરકારી દસ્તાવેજમાં "ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીયાના રીપોર્ટ" માં **કર્નલ રાલ્ડીન્સન** અમારા હાજર ઇમામ ના૦ આગાખાન માટે જણાવે છે કેઃ—

**" છઠા ઇમામ ( શાહ ઇસ્માઇલ )ની**

પહેડી દર પહેડી ઉતરતા આવેલા
ઇમામ ના૦ આગાખાન છે. ”

## પુરાવો ૧૧ મો.

૧૧ ભાઈ બ્હેન ! ઉપર મુજબ પબ્લીક વજનદાર પત્રો, હાઈ કોર્ટના ફેંસલા, ચીફ ઇસ્લામી જસ્ટીસનું સરટીફીકેટ, પ્રખ્યાત પુસ્તક કર્તાઓ, સરકારી દસ્તાવેજ વગેરેથી આપના સવાલનો જવાબ આપેલ છે પણ આપ ઇસ્લામી તવારીખોથી પુરવાર કરવાની માંગણી કરો છો તો ઉપરના પુરાવાઓ કોઈ પણ ઇસલામી તવારીખી પુરાવા કરતાં ઉતરતા નથી છતાં આપના દીલને રાહત આપવા ખાતર કિતાબ નામે “ **રીયાઝુલ અનસાબ જીલ્દ દુવુમ**” કે જે અમારી જાણ અને સમજ મુજબ એક ઇસ્નાઅશરી આલમ તરફથી બ્હાર પડેલ છે. તેમાં પાને ૧૩૮માં કર્તા અમારા નામદાર આગાખાનની ઓળખ આપતાં તેઓ નામદાર હ૦ ઇમામ જાફર સાદક (સ૦) થી સીધા ઉતરી આવેલ છે એમ સાબિત કરતા લખે છે કેઃ—

" વ દીગર અઝ નસ્લે ઇસમાઈલ બીન ઇમામ જાફર સાદિક અલીહુસ્સલામ અસ્ત નવ્વાબ સુલતાન મહમદ શાહ કે જમાયતે ઇસમાઇલીયાએ હિન્દુસતાન વ તુર્કસતાન વ અરબસ્તાન ઇમરોઝા ઉરા ઈમામે મુતફુર્ઝ-તાઆ દાનન્દ વહુ—

સુલતાન મહમદ શાહ બીન
અલીશાહ બીન
અબુલહસન આગાખાન બીન
શાહ ખલીલલાહ બીન
અબુલહસન અલી શાહ બીન
કાસમઅલી શાહ બીન
હસનઅલી શાહ બીન
સઇયદઅલી શાહ બીન
નીઝાર અલી શાહ બીન
સઇયદ ખલીલલાહ શાહ બીન
નુરૂદીન અલી શાહ બીન
ઝુલફીકાર અલી શાહ બીન
મુરાદ મીરઝા શાહ બીન
નુરઝ અલી શાહ બીન
ગરીબ મીરઝાં શાહ બીન

અબ્દુસલામ શાહ બીન
મુસ્તનસર બીન
મહમદ સલામ શાહ બીન
ઈસ્લામ શાહ બીન
કાસમ શાહ બીન
શમસદીન મહમદ શાહ બીન
રૂકુનદીન ખુરશાહ બીન
ખુદજલાલુદીન હસન બીન
અલાઉદીન મહમદ બીન
અલા મહમદ બીન
અલા ઝીકરીહી સલામ બીન
કાહેર બીન
અચ્યાતરી બીન
હાદી બીન
નિઝાર બીન
મુસ્તન સિર બીલ્લાહ બીન
તાહેરબીલાહ બીન
હાકમ બ અમરૂલ્લાહ બીન
અઝીઝ બીલ્લાહ બીન
મઆઝુદીન બીન
મનસુર કુવ્વત અલ્લાહ બીન

કાયમ બા અમરૂલ્લાહ બીન
મહેદી મહમદ બીન
રઝીઅબ્દલ્લાહ બીન
તકીમહમદ બીન
વફીઅહમદ બીન
મહમદ બીન
ઈસ્માઇલબીન
હઝરત ઇમામ જાઅફર સાદિક અલૈહુ
સલામ

અર્થ—

અને બીજા હઝરત જાફર સાદિક (અ૦) ના ફરજંદ ઇસ્માઇલની નસલથી ઉતરી આવેલા નવાબ નામદાર સુલતાન મહમદ શાહ છે કે જેમની ઈમામ તરીકેની તાબેદારી કરવી હિન્દુસ્તાન તુરકસ્તાન ને અરબસ્તાનની ઇસ્માઇલી જમાયત આજ સુધી ફરજ ગણે છે તે નીચે મુજબ છે.

૧ સુલતાન મહમદ શાહ તે
૨ અલી શાહનાં ફરજંદ તે
૩ અબુલ હસન આગાખાનના ફરજંદ તે
૪ શાહ ખલીલુદ્દીનના ફરજંદ તે

૫ અબુલ હુસન અલી શાહના ફરજંદ તે
૬ કાસમઅલી શાહના ફરજંદ તે
૭ હુસનઅલી શાહના ફરજંદ તે
૮ સઈયદ અલી શાહના ફરજંદ તે
૯ નીઝાર અલી શાહના ફરજંદ તે
૧૦ સઇયદ ખલીલ્લાહ શાહના ફરજંદ તે
૧૧ નુરૂદ્દીન અલી શાહના ફરજંદ તે
૧૨ ઝુલફીકાર અલી શાહના ફરજંદ તે
૧૩ મુરાદ મીરઝા શાહના ફરજંદ તે
૧૪ નુરઝ અલી શાહના ફરજંદ તે
૧૫ ગરીબ મીરઝાં શાહના ફરજંદ તે
૧૬ અબ્દ સલામ શાહ ના ફરજંદ તે
૧૭ મુસ્તન સરના ફરજંદ તે
૧૮ મહમદ બીન સલામ શાહના ફરજંદ તે
૧૯ ઈસ્લામ શાહના ફરજંદ તે
૨૦ કાસમ શાહના ફરજંદ તે
૨૧ શમસદીન મહમદ શાહના ફરજંદ તે
૨૨ રૂકનુદીન ખુર શાહના ફરજંદ તે
૨૩ જલાલુદીન હસનના ફરજંદ તે
૨૪ અલાઉદ્દીન મહમદના ફરજંદ તે
૨૫ અલા મહમદના ફરજંદ તે
૨૬ અલા જીકરીયા સલામના ફરજંદ તે

૨૭ કાહેરના ફરજંદ તે

૨૮ મહોતદીના ફરજંદ તે

૨૯ હાદીના ફરજંદ તે

૩૦ નિઝારના ફરજંદ તે

૩૧ મુસતન સિરબીલ્લાહના ફરજંદ તે

૩૨ તાહેર બીલાહના ફરજંદ તે

૩૩ હાકમ અમરૂલાના ફરજંદ તે

૩૪ અઝીઝ બીલ્લાહના ફરજંદ તે

૩૫ મઆઝુદ્દીનના ફરજંદ તે

૩૬ મનસુર કુવ્વત અલ્લાહના ફરજંદ તે

૩૭ કાયમ બા અમરૂલ્લાહના ફરજંદ તે

૩૮ મહેદી મહમદના ફરજંદ તે

૩૯ રઝી અબ્દલ્લાહના ફરજંદ તે

૪૦ તકી મહમદના ફરજંદ તે

૪૧ વફી અહમદના ફરજંદ તે

૪૨ મહમદના ફરજંદ તે

૪૩ ઇસમાઇલના ફરજંદ તે

૪૪ હઝરત ઇમામ જાફર સાદક અલીહુ સલામ ના ફરજંદ.

ઉપરની ઇસ્માઇલી ઇમામોની ૯૦ ઇમામે જાઅફરે સાદિક અથી આજ સુધીની વંશાવળી એક ઇસલામી આલેમે આપેલ છે અને તે આપના સવાલના જવાબ માટે અમો ધારીએ છીએ કે તદ્દન પુરતી છે.

## સવાલ ૫ મો.

મજકુર પ્રસ્તાવના પેજ ૪ અને ૫માં તમો જણાવો છો કે “ સત્ય અને પાક ઇમામોની શોધમાં પડતા કેટલાકો ઈમામ આવો હોવો જોઇએ કે તેવો હોવો જોઇએ જેવા શયતાની વસવસા સત્ય પારખવામાં અંતરાયો નાંખે છે તો કેટલાકને સત્ય જાણવા છતાં ઢચુપચુ રહેવા દઈ સત્ય રસ્તો (સરાતલ મુસ્તકીમ) મેળવવાને ભાગ્યશાળી થવા દેતો નથી. ” તો શું ઈમામની ઓળખની નીશાની કાંઈપણ ન હોવી જોઇએ? શું ભોળે મનેજ સેવવુંજ જોઇએ ? ઇમામ કે જે ખુદાના તરફથી ખલકતને હિદાયત કરનાર હોઇ એક હાદી તરીકે છે તો શું ઈમામ ગમે તેવો હોય અને ઇમામ-

તનો દાવો કરતો હોય ત્યારે શું તેને માન્ય રાખવો ? ઉપરાંત ઈમામ છે તે દીની હાકેમ તરીકે છે તો એક અજ્ઞાન શખ્સ ઇમામતનો દાવેદાર હોય અને તે કરતા બીજો કોઈ વધુ ઇલમવાળો હોય તો શું વધુ એલમવાળો પોતાથી અજ્ઞાનને ઇમામ તરીકે માની શકે ? અકકલ તો એમ કહે છે કે ઇમામ પોતાના જમાનામાં સર્વ કરતા ઈલમમા શ્રેષ્ટ હોવો જોઇએ એ ઉપરાંત ઇલ્મે તફસીર, ઈલ્મે હદીસ, ઇલ્મે ફિકાહ (શરીયતના મશઅલા મસાઅલો) તે જમાનામા મોજુદ માણસો કરતા વધુ જાણનાર હોવો જોઇએ કે નહિ ? તો તમોએ જેઓને મોજુદ ઈમામ તરીકે સ્વિકારેલ હોય તેઓ મજકુર ઈલ્મોમા કેટલે દરજ્જે પ્રવિણ છે ? તે મહેરબાની કરી જાહેરમા લાવો અને તેઓ તરફથી કોઈ તફસીર અથવા હદીસની કે ફિકાહની કિતાબ કે જે હાલના મોજુદ ઇસ્લામી આલેમો કરતા સર્વથી શ્રેષ્ટ હોય અને જેને ઇસ્લામી આલિમો સિવાય બીજાઓ પણ કબુલ કરી શકે કે તેઓ

અર્થ કરતા ઇલ્મમા વિણુ છે, એવી કોઇ કિતાબ બ્હાર પાડેલ છે ? અગર પાડેલ હોય તો તેના પ્રમાણો જાહેરમા લાવો.

## જવાબ ૫ મો.

ભાઇ અએન ! આપ ઇમામની ઓળખની નિશાની વિષે પુછો છો તો અમારા ઇસ્માઇલી મઝહબમાં ઇમામને ઓળખવાની નીશાની ઘણીજ રહેલી છે અને તે માટે અમારા ૩રમાં ઇમામ મૌલાના શાહ મુસ્તન સર બીલ્લાહ કિતાબ **હીંદીયાહ જવાં મરદી** માં ફરમાવે છે કે–

**" ઇમામરા જુસ્તન નમી બાહદ જાહેર વ હાઝર વ કાદર મૌલાના નિશેસ્તે અસ્ત આલે ઇમામ વસીએ ખુદશરા ફરમાયદ ઉરા કબુલ દાશતા બાશદ વ શક ન આવરીદ વ બર હાઝર જેમા શક મ બાદા બિયાવરીદ."**

**અર્થ**–

...." ઇમામને ગોતવાની જરૂર નથી, જાહેર અને હાઝર અને કાદર મૌલાના (હાઝર ઇમામ) બેઠા હોય તે ઇમામની આલને પોતાનો વસી ફરમાવે તેને કબુલ

રાખવો જોઇએ અને હાઝર જોમા પર શક નહિ લાવવો જોઇએ."

ઉપરનો રીવાજ અસલથી છે. ઇમામની નિમણુક અદના ઇનસાન ન કરી શકે. ઇલાહી કામ ઇમામ પોતેજ બજાવી શકે. અને તે કામમાં શક લાવનાર બે દીન થઇ જાય છે. હ૦ રસુલિલ્લાહે હ૦ મૌલા મુરતજા અલીને પોતાની હયાતીમાં વસી નિમ્યા હતા, અને એજ રૂઢી દરેક જમાના માટે હોય એમાં શક લઈ જવા જેવું નથી હ રસુલિલ્લાહે કરેલી પોતાના વસીની નિમણુક પર શક લઈ જનાર જેટલોજ હાજર ઇમામ જેને પોતે વસી નીમે તેના પર શક લઇ જનાર ગુન્હેગાર ગણાવા જોઈએ, એ ઉપરાંત ઇમામની કેટલીએક મુખ્ય સિફાતો કે જે સાધારણમાં સાધારણ અકકલમાં ઉતરી શકે તે સિફાતો જેવી કે ઇમામ લોકોના રાહનુમા હોવાથી કોઇના પણ ડર રાખ્યા વગર મોમીનોને ઇમામ તરીકે હિદાયત કરે છે, એક રાહનુમા તરીકે હોવાથી કદી ગયબ થઈ જતો નથી કે ઉમ્મતને જગતમાં રખડતી મુકી પોતાની જાન બચાવવા નાશી જતો નથી. એટલે કે ઇમામે મુબીન તરીકે દરેક જમાનામાં મોજુદ રહે છે. અને તે હ૦ અલીથી સીલસીલા બંધ ઉતરી આવેલ હોય છે. વળી તે ઇલ્મે રૂહાની

અને ઇલ્મે ગયબીથી માહેતગાર હોય છે. આ બધી ખરા ઇમામની સિફાતો છે. જે એક નાનું બચ્ચું પણ વીચારે તો સમજી અને જાણી શકે છે.

વળી આપ જે ખોટા દાવેદારની વાત કરો છો તે એટલા માટે યોગ્ય નથી કે જેમ કોઈ રાજ્યનો રાજા પોતાના ફરજંદને યુવરાજ નીમે અને તેના બાદ બીજો દાવેદાર હલાક થાયછે. તેજ મુજબ જેને હાઝર મૌજુદ ઇમામ પોતાના વસી નીમે તે સિવાય બીજા દાવેદારો હલાક અને નીસ્તો નાબુદ થઇ જાય છે. જ્યારે ખરો ઇમામ છાતી ઠોકી દર જમાનામાં હાજર અને મૌજુદ રહે છે. અને મોમીનોને છડે ચોક ઇમામ તરીકે હીદાયત કરે છે ખરા ઇમામના ખોટા દાવેદારો યાને દુશ્મનોને માટે ખુદાવન્દ તઆલા ફરમાવે છે કે—

**" ઇન્ના શાનેકા હોવલ અબતર. "**

**અર્થ—**

" ખરેખર તારો દુશ્મન તે પોતેજ અબતર
( વાંઝીઓ ) છે."

( સુરતુલ કૌસર આ ૩ ૭ )

એટલેકે રસુલિલ્લાહ કે તેની ઓલાદે પાક હાજર ઇમામ અહલેબયતના દુશ્મનો ખોટા દાવેદારોની નસલ કદી વધી શકતી નથી અને ટુંકે વખતમાં અબતર થઈ જાય છે. એટલે તેની નસલ બંધ પડી જાય છે.

વળી આપ લખો છો કે "ઇમામ ગમે તેવો હોય તો શું માન્ય રાખવો ?" તો સાહેબ ! હાજર ઇમામ હોય તે પોતાની આલને ઇમામ તરીકે નીમે એમ જે ઉપર કહેવામાં આવ્યું તેમ તેમાં કદી ભુલ સંભવેજ નહિ ભુલ માણસો કરે પણ ઇમામ કે પેગંબરના કાર્યમા ભુલ ચુક હોઈ શકેજ નહિ અને તેમાં ભુલ જોનારાજ ચોખ્ખી ભુલ કરે છે એમ દરેક ઇમાનદાર સમજે છે. તેવા હાઝર વ કાદર વ જાહેર ઇમામથી નિમાયેલ ઇમામ માટે શરતો મુકરર કરનાર ઇમામનો દુશ્મન ગણાય છે જેવી રીતે ખુદાવન્દતઆલા તરફથી મોકલાએલા નિમાયેલા પેગમ્બર માટે કાફેરો શક લઈ જતા અને કહેતા કે—

અને તેઓએ કહ્યું કે "હે તું કે જેના ઉપર કોરઆન નીચે મોકલવામાં આવ્યું છે, ખરેખર તું ( હે મોહમ્મદ ) દિવાનો છે. ( ૬ ) શા માટે તુ

અમારી પાસે ફેરસ્તા આવતો નથી જો તું સત્યવાદી-
ઓમાંનો હો ! (૭)

( સુરતુલ હેજર આ. ૬-૭ )

એ મુજબ દરેક જમાનામાં પેગમ્બરોના કે ઇમામોના દુશ્મનો ઇમામ કે પેગમ્બર માટે એમ બોલે છે. તેમ બોલનારાઓ ઘણા ખરા આલિમો અને કેટલાક શય-તાન નાં ફંદામાં ફસાયલા શખ્સો હોયછે. તેઓને કદી પેગમ્બર કે ઇમામોની હિદાયત પહોંચી શકતી નથી. કારણકે ખુદાવન્દતઆલાએ તેમના દિલ પર મ્હોર મારેલી છે અને તેથીજ તેવા હાદી માટે અનેક તરંગો ઉઠાડી, આ તો માણુસછે ખુદા શા માટે ફીરસ્તા મોક-લતો નથી? અગર તો ઇમામ તો આવો જોઇએ ઇમામે આમ કરવું જોઇએ વગેરે વગેરે ઇમામો પર જાણેકે હુકમ કરનારા હોય અને ઇમામના કાર્યની હદ બાંધ નારા હોય તેમ પ્રશ્ન ઉભા કરી ઇલાહી બાબતમાં અઝાઝીલની માફક માથુ મારેછે એવા મગરૂર આલીમો અને તે આલીમોનાં બન્દા બનેલા કેટલાક ગાંડના પુરા લોકો એ મુજબ ખરા હાદીને કદી મેળવી શકનાર નથી અને એઓ ખરા હાદીથી બેખબર રહી જાહેલી-યતના મોતે મરે છે. આવા શખ્સો માટે દરેક દયાળુ દીલ ધરાવનાર દયા ખાય છે.

આપ લખો છો કે "એક આલિમ જે વધારે ઇલ્મવાળો હોય તે પોતાથી અજ્ઞાન જણાતાને ઇમામ કબુલ કરી શકે?" તો ભાઇ અએન! મગરૂર આલિમોની એજ પ્રમાણે મ્હોંકાણ વળે છે જેનો સાદો અને સમજમાં આવે એવો દાખલો અઝાઝીલનો છે કે જ્યારે ખુદાવન્દતઆલાએ ફીરસતાઓને હુકમ કર્યો કે "હ૦ આદમ (અ૦) ને શુજ્દો કરો" ત્યારે અઝાઝીલે પોતામાં ઘણું એલ્મ હોવાને લીધેજ તકકબુરીથી કહ્યું—

**"શું હું તેને સિજદા કરૂં જેને તેં માટીમાંથી પેદા કર્યો છે?"**

( સુરતો બની એસરાયલ આ. ૬૧ )

અને એ માટે ખુદાવન્દ તઆલા ફરમાવે છે કે—

"અને ( યાદ કર ) કે જ્યારે અમે ફીરસ્તાઓને કહ્યું કે આદમને સેજદો કરો, ત્યારે એબ્લીસ શિવાય તેઓ સઘળાએ સેજદો કર્યો એબ્લીસે કહ્યું શું હું સેજદો કરૂં કે જેને તેં માટીમાંથી પેદા કર્યો છે? (૬૧) તેણે ફરીથી કહ્યું, મને ખબર આપ કે આ જેને તેં મારા કરતાં વધારે માનવંત કર્યો છે. ( તે શા માટે ?) જો તું મને કયામત સુધી જીવતો રહેવા દે,

તો હું અચીન જુજ સિવાય તેના બધા વંશજોને જડ-મુળથી ઉખેડી નાખીશ. (૬૨) ખુદાએ કહ્યું કે જા, પછી તેઓમાંનો જે કોઇ ત્હારી પાછળ ચાલશે, તો તમારા સઘળાનો બદલો દુઝખ છે કે જે એક પુરેપુરી શિક્ષા છે (૬૩)અને તું તેઓમાંના જેને ત્હારાથી બને તેને ત્હારા આવાઝથી ખસેડી ભુલમાં નાખ અને ત્હારા ઘોડેસવાર અને ત્હારા પાયદળને એકઠું કરી તેઓની સામે ઉશ્કેર, અને તેઓની દોલત અને તેઓના છોકરાંઓમાં ભાગ પડાવ, અને તેઓને વચન આપ, પણ શેતાન તેઓને છેતરપીંડી સિવાય બીજું કંઈ વચન આપતો નથી. (૬૪) ખરેખર મ્હારા ખાસ બંદાઓ ઉપર ત્હારે માટે કંઇ સત્તા નથી, અને ત્હારો પરવરદિગાર તેઓનો રક્ષણ કરનાર બસ છે. (૬૫)

ઉપરની પાક આયતોની મતલબ આપના સવાલના જવાબ માટે પુરતી છે. ઇબ્લીસે હ૦ આદમના વંશજો પાસેથી વેર લેવાને માટેજ ખુદાવ-દતઆલા પાસે કિયામત સુધી જીવવાની માંગણી કીધી અને તેથીજ જુજ સિવાય સઘળાને જડમુળથી ઉખેડી નાંખવાનો તે પ્રયત્ન કરે છે, અને ખુદાવન્દતઆલાએ પણ તેનો નતીજો સંભળાવી દીધો કે જેઓ તારી પાછળ ચાલશે અને ત્હારા મુજબ વર્તશે તેઓને પુરેપુરી શીક્ષા કર-

વામાં આવશે અને તેથી તેના બન્દાઓજ ખરા ઇમા-
મની સામે એવી તકબ્બુરી રાખે છે અને કહે છે કે "શું
અમારાથી ઓછા એલ્મવાળા ( જણાતા ) ઇનસાનને
ઇમામ તરીકે કબુલ કરીએ ?"

ભાઈ અએન ! ઇબ્લીસ એટલે અઝાઝીલ
જેટલું એલ્મ જાણતો તેનાથી એક કરોડમો હિસ્સો
અત્યારે કોઇ પણ એલ્મ જાણવાનો દાવો કરી શકશે
નહિ, તેમજ તેના જેટલી ઇબાદત કરનાર, અરે, તેનાથી
કરોડમાં ભાગની ઇબાદત કરનાર કોઈ પણ આબેદ
દુનિયાની સપાટી પર બતાવી શકશો ?

એવા અલિમ આબેદ અને ખાસ ખુદાવન્દની હુઝુરમાં
રહેનારને પણ વધારે એલ્મ અને આબેદપણાથી તકબ્-
બુરી પેદા થઈ અને ઉપર મુજબ વસવસો પેદા થયો
અને પોતાથી એલ્મ અને ઇબાદતમાં હકીર જણાતા
હ૦ આદમને નમન કરવામાં પોતાની હલકાઈ સમજવા
લાગ્યો અને તેથી તેનામાં તેટલા ઇલ્મ, ઇબાદત અને
જ્ઞાન હોવા છતાં લઆનતી ઠર્યો. ત્યારે ભાઇ અએન,
આપજ કહોકે, એ પ્રસંગે અઝાઝીલ ખુદાવન્દતઆલાને
આપના સવાલ જેવોજ સવાલ કરવામાં વ્યાજબી હતો
કે નહિ ? આનો જવાબજ આપના સવાલનો જવાબ છે.
વળી વધારે દુર જવાનું એક બાજુ રહ્યું, હ. રસુલિલ્લાહ

દુનિયા બ્હામે ભણેલા નહિ હતા, વાંચા કે લખી નહિ જાણુતા હતા ત્યારે, તે વખતના આલિમો શું આપના સવાલ જેવાજ સવાલો ન્હોતા કરતા ? અને તેમ કરવામાં શું તેઓ ગેરવાજબી હતા ? અને તેવા આલિમો ઉપર એવા એક અભણ પેગમ્બર થવાને લાયક હતા ? ભાઇ અએન ! આવી ઇલાહી બાબતોને સ્થુળ દૃષ્ટિ કે સ્થુળ અકલ પાર પામી નથી શકતી અને ઇમામતના બારામાં ઈમામની પરખ કરવા માટે ઇન્સાને પોતાની હકીર અકકલ ચલાવવાની મુર્ખાઇ કરવી જોઈએ નહિ. જેઓએ આવી ઇલાહી બાબતમાં તકકબુરી કરીછે, અને પોતાની હકીર અકકલ ચલાવી છે, તેઓ ગુન્હેગાર ઠર્યા છે. આપને આવા દાખલા ઇતિહાસો ઉપર નજર ફેંકશો તો ઘણા મળી આવશે.

ઇમામ ઇલ્મે ગયબી જાણે છે કે જે એલ્મ વિશે ઈનસાનો બેખબર છે. ઇમામ મનુષ્ય ઉપર હુકમ કરનાર હોવાથી સ્વતંત્ર છે. મનુષ્યોએ તેના હુકમ પ્રમાણે અમલ કરવો જોઇએ, માણુસો કહે તેમ તેણે કરવું એમ ન હોય ? ઇમામ મનુષ્યની ભુલ જોઇ શકે છે, જાણી શકે છે, મનુષ્યને ઇમામની ભુલ જાણુવા કે જોવાની તાકાત નથી. ઇમામની અકકલ તે મનુષ્યની અકકલનું મુળ છે.

અમારા સ્વિકારેલ મૌજુદ ઈમામ દરેક ઈલ્મમાં સમ્પુર્ણ પ્રવિણ છે એમ અમે ન માનતા હોઇએ તો અમે મુનાફ્ક ઠરીએ. આપ જણાવો છોકે તેઓ તરફથી એવી કોઇ કિતાબ પ્રગટ થએલ છે કે જેને ઇસલામી આલિમો ઉપરાંત બીજાઓ પણ કબુલ કરી શકે કે તેઓ સર્વ ઈલ્મમાં પ્રવિણ છે ? તો ભાઇ અએન ! આ સવાલજ ગેરઆજબી છે કારણકે આજ સુધીમાં જો કોઇપણ ઈમામ તરફથી એવી કિતાબ બ્હાર પડી હતે તો ઇસલામમાં આટલા તફરકા શા માટે હતે ? તો શું અગાઉના મૌજુદ ઇમામો પાસે એવી માંગણી કોઇએ નહિ કરી હોય ? જો ઇમામે જાઅફર સાદેક કે જેને શાયા ફીરકો એકી અવાજે ઈમામ કબુલેછે. તેમના તરફથી પણ તેવી સર્વ માન્ય કિતાબ બ્હાર પડી શકી નથી. તેવી કિતાબ તેઓ તરફથી બ્હાર પડી હોત તો આટલા ઝગડા શા માટે રહેત ? મતલબમાં પોતાને ઈમામ તરીકે સ્વિકારે એટલા માટે ઈમામે આપના માંગણી મુજબની બુક બ્હાર પાડવી જોઇએ એ સવાલજ નકામો છે. ઈમામે કેમ વરતવું તેની હદ કે શરતો બાંધવાની મુનાફ્ક જેવી માંગણીનો જવાબજ ન હોઇ શકે એ સર્વ અકકલમંદ માણસ સમજે છે. પોતાના મોમીનોને હિદાયત કરવા માટે પ્રસંગોપાત ઈલ્મ, સમજણ જોગા અહકામો આપ્યા કરે છે, અને તે ફર

માન મોમીનો હર વખત હિદાયત આપનારી કિતાબો તરીકે વાંચે છે અને તેના ઉપર અમલ કરે છે.

જેઓને જોવાની આંખો છે, તે જોઈ શકે છે, સાંભળવાને કાન છે, તે સાંભળી શકે છે, અને સમજવા વાળું અંતઃકરણ છે, તે સમજી શકે છે.

અમારા મવજુદ ઇમામ આપની માંગણી મુજબની કિતાબ બહાર પાડે છતાં સર્વ આલિમો એકમતે કબુલ કરે એ કદી બનવા યોગ્ય નથી કારણકે કલામે રબ્બાનીને પણ નહિ કબુલ કરનારા ૯૦ રસુલ્લિલાહના વખતમાં કયાં થોડા હતા ? બલ્કે તેમના સગાઓજ વિરૂધ હતા. જો કિતાબ ફુરકાન કે જે ખુદાવન્દતાઆલાના કલામ છે. તેને માન્ય રાખનારા સર્વ આલિમો તે વખતે હોત તો આજે આખા દુનિયામાં ઇસ્લામ સિવાય બીજો ધર્મજ ન હોત ! જ્યારે પાક કુરઆન શરીફ માટે એવો પ્રશ્ન બેહુદો છે તો પછી ઇમામ માટે તેવો પ્રશ્ન કાંઇ વજુદ ધરાવતો નથી; વળી જેઓ અકકલમંદ છે તેને કિતાબની પણ કાંઇ જરૂર રહેતી નથી તેને ઇમામનો એક ઇસારો કાફી છે બાકી બેઅકકલો માટે માથાફોડ નકામી છે.

## સવાલ ૬ ઠો.

મજકુર પ્રસ્તાવનામાં પેજ ૫ માં તમો આગળ ચાલતાં જણાવો છો કે "જો તેવો શયતાની વસવાસો દુર કરી ઈમામતની ચાલુ પદ્ધતિ મુજબ ( ત્રુરરીયત ) ની પ્રથા ઉપર ધ્યાન રાખી ઇમામત જેવી ઇલાહી બાબતમાં પોતાની કમતાકત અકકલ ન ચલાવે ને નેક નિસ્ટાથી તપાસ કરે તો જરૂર તે જાહેર હાજર ઇમામને મેળવવા ભાગ્યશાળી બને એમાં શક નથી." તો તમો ત્રુરરીયતની પ્રથા ઉપર બહુજ વજન આપો છો અને તે ઉપરથીજ ગોયા તમો ઇમામત સાબિત કરવામાં મથી રહ્યા હો એવું તમારા સાહિત્યો (તમારી કંપનીમાં પ્રગટ કરેલાં પુસ્તકો) માં ઠેક ઠેકાણે પ્રગટી નિક ળે છે તો તમો એક સત્ય શોધવા નિક-ળેલ જાહેર લેખક હો તો ઇન્સાફથી જાહેર કરો કે પાક કુરાને શરીફમાં મજકુર

આયત કયા રૂપે જણાવવામાં આવી છે? શું હઝરત પયગમ્બર સ૦ નું ઔરીયતીમાંથી કોઇ શખ્સ ગમે તેવો હોય તોપણ તે છુટકારાનો અધિકારી થઇ શકે છે? હદીસ તો એમ જાહેર કરે છે કે અગર સઈયદે કુરેશી હોય અને તે ગુન્હેગાર હોય તો સજાને પાત્ર થશે અને એક ગુલામે હબસી અગર નેક અને ખુદાની ઇતાઅત ગુજારી હોય તો તે સવાબનો હકદાર થશે. તો ઓલાદ હોવાથી માન્ય કરવું એમ ઠરતું નથી પણ તેના કાર્ય જોવા જોઈએ! પાક કુરાને શરીફમાં ખુદાએ ફરમાવેલ છે કે ઇન્નલ અબરાર લ ફી નઇમ લ ઇન્નલ ફુજા રા લફી જહીમ" એટલે બેતહકીક કે જે નેક કીરદારો છે તેઓ ન્યામતમાં હશે (ઉપરાંત નઈમ બેહસ્તનું પણ નામ છે અને ફુજજારો એટલે બદ કીરદારો જહીમ (દોઝખનું નામ છે) માં હશે તો મજકુર પરમાણે વીશે તમારી શું માન્યતા છે?

જવાબ ૬ ઠો.

મજકુર આયત પાક કુરાને શરીફ સુરે આલે ઇમરાનમાં ૩૩-૩૪ મી આયત છે જે નીચે પ્રમાણે છે.

ઈન્નલ્લાહ સ્તફા આદમ વ નુહ આલે ઈબ્રાહીમ વ આલે ઇમરાન અલલ આલમીન (૩૩) ઝુરિયતન બ અઝોહા મિન બઅઝિન. (૩૪)

અર્થ—ખરેખર ખુદાએ આદમને નુહને અને ઇબ્રાહીમના વંશને અને ઇમરાનના વંશને સર્વ આલમ ઉપર પસંદ કીધાછે. (૩૩) તેમજ તેમના વંશમાં કેટલાએકને કેટલાએક ઉપર અને ખુદા સાંભળનાર અને જાણનાર છે.

હવે તે આયત એમ બતાવે છે કે ખુદાવન્દ તઆલાએ હ૦ આદમ અને હ૦ નુહને તેમજ હ૦ ઇબરાહીમના વંશ અને હ૦ ઇમરાન (હ૦ અબુતાલેબના વંશ) ને આલમ ઉપર પેશવા તરીકે પસંદ કરેલ છે અને હ૦ અલી હ૦ ઇમરાન છે જે સાબિત કરવાની જરૂર નથી. હવે તે પછીની આયત તેમના "વંશમાં કેટલાએકને કેટલાએક

ઉપર” તેમના વંશ જે આલે ઈમામ છે તે સર્વનો પેશવા છે ઝુરરાયતી એટલે બાપ અને તેનો દીકરો અને તેનો દીકરો એમ સુચવે છે અને તેજ મુજબ હ૦ અલીથી વંશપરંપરા આજ સુધી ઈમામત ઉતરતી આવેલ છે અને તેજ મુજબ કીયામત સુધી ચાલુ રહેશે.

વંશમાં જન્મ પામવાથી તે મુક્તીનો કે ફઝીલતનો અધીકારી નજ થઈ શકે, એ તો એક નાનું બચ્ચું પણ રહેલાઈથી સમજી શકે એવું છે અને તે માટે અબુ-ઝહલનો દાખલો મશહુર છે. ઈમામ જે હાજર હોય તે પોતાની આલને વરસી ઠેરવે છે અને તે ઈમામ તરીકે બધી બાબત સારી પેઠે જાણતાજ હેવાથી, તેમના કાર્ય-માં કદી ભુલ સંભવેજ નહી અને જો તેમના કાર્યમાં કોઈ ભુલ કહાડે તો તે બેઈમાન ગણાવો જોઈએ. આપ લખો છો કે “તેના કાર્યો જોવા જોઈએ.” તો ઈમામના કાર્યો જોવાનું કામ ઉમ્મતનું નથી પણ ખુદાવન્દ તઆ-લાનું તેમજ જેને તે પાક જાત તરફનું તે પારખવાનું ગ્નાન મળેલું છે તેનું છે. તે મટે ખ્વાજા ખીઝરનો દાખલો મશહુર છે કે તેમના કાર્ય માટે સંકા લાવનાર હ૦ મુસાએ પણ થાપ ખાધી હતી, ટુંકમાં ઈમામના કાર્યો કલ્પવાની તાકાત નાકસ ઈનશાનોની અદના બુધ્ધી માંતો નથીજ.

## સવાલ ૭ મો.

મજકુર ઝુરરીઅતીની પૃથા ઉપરે તમો ઘણુંાજ વચન આપો છો, તો તે આયત પાક કુરઆને શરીફમાં નીચે મુજબ છે-કાલા ઇન્ની જાએલોકા લીન્નાસે ઈમામા; કાલ વમીન્ન ઝુરરીઅતી કાલા લાયનાલો અહ્દ ઝાલેમીન એટલે કહ્યું (ખુદાએ ઈબરાહીમને) હું તને માણસો ઉપર ઇમામ તરીકે મુકરર કરીશ, કહ્યું (ઈબ્રાહીમે) અને મારી ઝુરરીઅતમાંથી! કહ્યું (ખુદાએ) એટલે એ અહ્દ (ઇમામતનો હુદ્દો) ઝાલીમોને મળી શકતો નથી. જેની માયના ફરમાન અલી સાહેબના તરજુમામાંથી જણાવીએ છીએ, મજકુર આયત પહેલા પારામાં સુરએ બકરામાં આયત ૧૨૪ મી છે, જેનો ઉતારો ઉપર આપેલ છે, તેની માયના ખુદાને ફરમાયા, મયેં તુમકો લોગુંકા પેશવા બનાને વાલા હું, (ઈબ્રાહીમને) અરજ કી, અઉર મેરી ઓલાદમેંસે! ફરમાયા (હાં! મગર) મેરે ઇસ ઓહદેપર ઝાલીમુંમેસે કોઈ શખ્સ ફાયઝ નહી હો સકતા, યાદ રાખવાનું છે કે જાલીમનો

બીનાએ કોઈ ઉપર જુલમ કરે તેના વાસ્તેજ ખાસ નથી પણ કોઈ ગુનાહના કામો કરે, તે "પણુ જાલેમુન લે નફ્સેહી" પ્રમાણે જાલેમ ગણાય છે, મજકુર આયત સફ જાહેર કરે છે કે, ખુદા એ ફકત હ ઈબ્રાહીમનેજ ઇમામ તરીકે કહેલ, ઝુરરીઅતને પણ ઈનામ મુકરર કરેલ હોય એવુ જણાતું નથી, બલ્કે હજરત ઈબરાહીમે માંગણી કીધી કે, મારી ઝુરરીઅતમાંથી પણ ઈમામ મુકરર કર, તો ખુદાએ તેના જવાબમાં જણાવ્યું કે એ હોદ્દો જાલીમેને મળી શકતો નથી ઉપરાંત હજરત ઇબરાહીમે અગર કહ્યું હોય, વ ઝુરરીઅતી તો એમ ગણાને કે સર્વ ઝુરરીઅતના વાસ્તે પણ હજરત ઈબરાહીમે કહેલ છે કે વમીન ઝુરરીઅતી એટલે ઝુરરીઅતમાંથી અમુક તો તેના જવાબમાં ખુદાએ ફરમાવ્યું. જેથી જાહેર થાય છે કે ઈમામતનો હુદ્દો ફક્ત ઝુરરીઆતી ઉપરજ આધાર રાખતો નથી, કારણુ કે ઝાલીમ એ હુદ્દાને લાયક ગણાતો નથી, તો જોઈ શકાસે કે ઈમામતના વાસ્તે શરતો જરૂર હોવી જોઇએ તો તમો એ બારામાં શું કહો છો ?

## જવાબ ૭ મો.

**ભાઈ અએન!** આ સવાલનો કેટલોએક જવાબ ઉપરના જવાબમાં સમાઇ જાય છે.

હ૦ ઇબ્રાહિમે ઇમામત માટે પોતાની ઓલાદને માટે માંગણી કરી તેના જવાબમાં પરવરદીગારે ફરમાવ્યું કે જાલીમોને એ અહદ મળશે નહી. એ પરથી સીદ્ધ થાય છે કે ઇમામત હ૦ ઇબ્રાહીમની ઝુરરીયત માટેજ છે. અને ઇમામ પવીત્ર અને ગયબનું ઇલ્મ જાણનાર હોવાથી જાહેરમાં મોમીનો વચે પોતાના વસી તરીકે મુકરર કરે તે જાલીમ હોય એમ માનવું એ પરવરદીગારના પવીત્ર કલામોને ખોટા પાડવા બરાબર છે.

"**ઝાલીમે નફ્શહુી**" બાબતમાં ઇમામની પરખ કરવા નીકળનારાઓએ પોતાની અક્કલની ને એલ્મની તકક બુરી એક બાજુ રાખી, અઝાઝીલના દાખલા પરથી ધડો લેવો ઘટે છે. પરીક્ષક જેની પરીક્ષા લેવા નીકળે તે તેનાથી ચઢીયાતા દરજ્જાનો હોવો જોઇએ, એ એક નાનું બચ્ચું પણ કબુલ કરી શકશે, તો ઇમામ કે જે દુનીયાના સર્વ મનુષ્ય કરતાં દરેક રીતે શરેષ્ટ છે, તેની પરખ કોઈ મનુષ્ય કરવા નીકળે તો તેને કેવી ઉપમા આપવી તે આપજ સમજી શકશો. મનુષ્યની સ્થુળ દ્રષ્ટી કે સ્થુળ અક્કલથી જણાતા ઇમામના અયોગ્ય કાર્યોનો હેતુ ઉત્તમ હોય છે જે માટે **ખ્વાજા ખીઝર**નો દાખલો મશહુર છે.

વળી કોઈ પણ મનુષ્યના લીબાસ અને કાર્ય ઉપ-રથી તેના પર **ઝાલીમે નફ્શાહીનું** તહોમત મુકી શકાતું નથી. તે માટે શેખશાદીએ સદ હીકાયતમાં એક વાર્તા-ના રૂપમાં ઘણીજ સરસ રીતે બતાવી આપ્યું છે કે, એક માણસે ભર જંગલમાં આરામ લેવા માટે ઘોડા માટે ખીલો ખોડેલ અને જતી વખતે તે એમના એમ રહેવા દીધો કે અન્ય તેના જેવા મુસાફરને ખીલો ખોડ-વાની તકલીફ લેવી ન પડે પણ તે બાદ આવતા એક મુસાફરને તે ખીલાની ઠોકર લાગતા ભોંય ઉપર પડી જવાથી, બીજો મુસાફર તેમ ન પડે માટે તે ખીલો કહાડી ફેંકી દીધો. બંનેનો હેતુ પરમાર્થી હતો છતાં કાર્ય એક બીજાથી વીરૂદ્ધ હતું. બંને ખુદાએતઆલા પાસે સર-ખાજ સવાબના હકદાર હતા એટલાજ માટે હદીસમાં ફરમાવેલ છે કેઃ—

## હદીસે શરીફ.

**ઈન્ન અલ્લાહ લાયન ઝરૂન સુરતકુમ, વ અઅ માલકુમ, વ લાકીન યીનઝુરૂના કુલુબુકુમ વ નીયાતકુમ.**

**અર્થ**—ખરેખર નથી જોતો ખુદા તમારી સુરત અને તમારા આમાલ પણ જુએ છે તમારૂં દીલ અને તમારી નીયત.

જ્યારે નાચીઝ ઇનસાનનાં પણ સુરત કે લીબાસ નહી, પણ નીય્યત ઉપર સારા નરસાપણાનો આધાર છે તો પછી ઈમામની સુરત કે લીબાસ અને કાર્યો કલ્પવાની શકની કોઇ પણ ઇનશાન ધરાવી શકતો નથી. બગલાની માફક આએદો અને જાહેદોનો દુનીયામાં ટોટો નથી કે જેના પર દુનીયા ઝુકી મરે છે.

## સવાલ ૮ મો.

અગર તમો મજકુર આયતથી એમજ જણાવો કે, હા! ઝાલીમ હોય તે ઇમામ ન થઇ શકે પણ એના કામોનું અને તેની વર્તણુંકનું પ્રમાણ જણાતું નથી તે વીશેનો દાખલો નીચે પાક કુરઆને શરીફની આયતથી આપીએ છીએ, કે જેથી તમો જોઈ શકશો કે, નેક અને બદ કામોનું પ્રમાણુ ફકત ઈમામનેજ લાગુ પડે છે તેમ નથી, બલ્કે ખરાબ કામો કરવાથી ઝુર-રીઅતમાંથી પણ નીકળી જાય છે, જેમકે પાક કુરઆને શરીફમાં સુરએ હુદ કે જે બારમા પારાહમાં છે, તે સુરામાં હજરત નુહ પયગમ્બરનો કીસ્સો ખુદા તરફથી વર્ણવામાં આવેલ છે અને તે કીસ્સાનો સારાંશ તમારાથી પણ બહાર ન હશે. જે વખતે નુહ પયગમ્બ-

રનો છોકરો ડુબવા લાગ્યો, હજરત નુહે ખુદાની દરગાહમાં કહયું જે (મજકુર સુરાની આયત ૪૫ મીમાં છે જેની શરૂઆત) વનાદા નુહુમ થી છે જેનો ઉતારો લંબાણ થઇ જવાના સબબે નહી કરતા તમો પોતાનેજ જોઇ લેવાની તકલીફ આપતા ફકત મજકુર આયતનો તરજુમો મોહવી ફરમાન અલી સાહેબે કરેલ પાક કુરઆને શરીફના તરજુમાથી આપીએ છીએ (ઉપરાંત તમોને બીજા તરજુમામાં જોવાની ઇચ્છા થાય તો જોઇ લેશો) જેમકે નુહને અપને પરવરદીગારકો પુકારા ઓર અરઝ કી મેરા બેટા મેરી અહલમે શામીલ હય (ઓર તુને વાઅદા કીયાથા કે, તેરે અહલકો બચા લુંગા) ઓર ઈસ્મે તો શક નહી હોય કે, તેરા વાઅદા સચ્ચા હય. તેના જવાબમાં ખુદા તરફથી જે જવાબ મળ્યો તે અગત્યનો હોવાથી મજકુર તરજુમાથીજ અરબીમાં આયત અને તેનો તરજુમો જણાવીએ છીએ—કાલા યા નુહો અન્નહુ લયસ મીન અહલેક એટલે અય નુહ વોહ તુમ્હારે અહલમે શામેલ નહી તો ઝુરરીઅતમાંથી પણ ખારેજ કરી નાંખેલ, અગર તમો એમ જણાવશો કે, ખુદા ગયબનો ઈલ્મ જાણનાર છે જેથી તેણે

બીજા કોઇ સબબસર કહયું હશે કે તે તમારી અહેલમાં દાખલ નથી તો તેનો જવાબ કે, તે તેને અહેલમાંથી બાહેર શું કરવા કરવામાં આવ્યો અને નેક અને બદ અઅમાલોથી પ્રમાણ લેવાય કે નહી તે સ્પષ્ટ કરવા સારૂ મજકુર આયતમાં ત્યાર પછી ખુદાએ જે ફરમાવેલ છે. તે દરજ કરીએ છીએ, ઇન્નાહુલ અમલોન ગયરો સાલેહ એટલે વોહ બેશક બદચલન હય તો કારણ પણ જણાઈ આવ્યું. ઉપરાંત આગળ ચાલતાં એ બાબતમાં સવાલ નહી કરવાને ખુદાવન્દે કરીમે હજરત નુહ અ. ને ફરમાવેલ છે (વીગતવાર ખુલાસાઓ માટે જુઓ તરાજુમાએ ) તો હવે તમે શું મત જણાવો છો તે જાહેર કરો.

## જવાબ ૮ મો.

ભાઇ અએન! આપે જે દાખલો આપ્યો તેના અક્ષરે અક્ષરને અમો મળતા થઇએ છીએ. લાયક વગર ઇમામનો હોદ્દો બીજાને મળી શકે એ કદી બની શકેજ નહી પણ તે જોવાનું કામ હોદ્દો આપનારનું છે. ઈમામને પોતાની ઝુરરીયતીને હોદ્દો આપતી વખતે આ બાબતનો ખ્યાલ ન હોય તો પછી તે ઇમામજ શેના ગણાય? જો બદ આમાલવાળા અને ઇમામતના

ફુદાને નાલાયક હોય તો ઝુરરીયતીમાંજ રહી શકતો નથી તો પછી ઇમામ જે હાજર હોય છે તે પોતાના તેવા બદ ચલન અને નાલાયક ફરજંદને ઇમામત જેવી ઇલાહી અનામતનો વસી ઠેરવવાની કદી પણ ભુલ નજ કરે. ઇમામ પોતાની ઝુરરીયતીમાંથી લાયકનેજ આ જોખમી અનામત માટે માલીક ઠરાવે છે અને તેમાં કદી ભુલચુક સંભવતીજ નથી. ઇમામ કે જેમાં ખુદાવન્દ તઆલાનું હીદાયતી નુર બીરાજતું હોય છે તેને ભવીષ્યનું જ્ઞાન હોવાથી ભવીષ્યના મોકા વગેરેથી માહીતગાર હોઇનેજ, એ અનામત માટે વસી નીમે છે, અને તેથી તેમાં ભુલ જોનાર મુનાફક ગણાય છે. અને મઉમીનપણામાંથી ખારેજ થઈ જાય છે. ટુંકમાં આ જગોએ આપનો એ સવાલ અને દાખલો બીન જરૂરી થઇ પડે છે.

## સવાલ ૯ મો.

મજકુર પુસ્તક ઇમામે મોઅુદમાં શરૂઆતમાં તમો પ્રજા મિત્ર પેપરની ચર્ચાઓનો સારાંશ પ્રગટ કરેલ છે, તો પહેલી બે ચર્ચાઓ જે કે મુન્ઝીર અને એ દીદારીના તખ્લુસથી પ્રગટ કરેલ છે તે વોહરાઓ જણાય છે એટલે તેઓની કોમી બાબતોમાં માથું મારવાની

અમારે કાંઇ અગત્ય જણાતી નથી, પણ ત્યાર પછીના ચર્ચાપત્રોમાં હસનઅલી અને અલીજાન તરફથી જે લખાણો આવેલ છે તે અટકળથી ખોજાઓ જણાય છે, બલ્કે અલીજાન વીશે તો પાકે પાયે સાંભળવામાં આવેલ છે કે, અલીજાન તે બીજા કોઇ નહી પણ મી૦ અલીમહમદ જાનમહમદ ચુનારા છે, તો તમો એક સત્ય શોધક છો, અગર તેઓ તમારીજ કુંપનીમાંનાજ હોય તો ઈન્સાફની રૂએ ખરેખર જાહેર કરો અગર એમજ હોય તો ભાઇના ગીત બ્હેન ગાય એવું જણાઇ આવે છે, અથવા તમો ખુલાસો આપો, તેમ હસનઅલી અને અલીજાનના મતને આપ અનુસરતા છો કે નહી? કારણ એઓના ચર્ચા પત્રોથી કેટલીક શંકાઓ ઉદ્દભવે છે, અગર મજકુર મતને તમો અનુસરતા હોતો ભવિષ્યમાં હું શંકાઓ તમારી ખીજમતમાં પેશ કરીશ માટે મહેરબાની રાહે જાહેર કરો.

**જવાબ ૬ મો.**

ભાઇ અગ્રેન! ઉપરના સવાલમાં આપે અમારા પર ભાઇના ગીત બ્હેને ગાવાનું તહોમત આ-

કતરી રીતે મુકવાની કોશેશ કીધી છે; પણ સાહેબ! એક સત્ય શોધકને મને દોસ્ત અને દુશ્મન એક સરીખા હોય છે. નથી. અમોએ અમારા દોસ્તોની ખુશામત કરવાની ઇચ્છાએ કે, અમારા દુશ્મનોને દુઃખ લગાડવાને બ્હાને, બુક ઈમામે મોજુદ લખી છે, પણ અમારા ધર્મ પ્રત્યેની અમારી ફરજને અંગે, અમારા નીઃપક્ષપાત દીલે જે અમોને સત્ય બતાવ્યું અને અમારી અદના અકકલે સુચવ્યું તેજ અમોએ લખ્યું છે. તે સીવાય ભાઇના ગીત બ્હેને ગાવા કે એવો કોઈ બીજો મલીન હેતુ અમોએ રાખેલો નથી. અમો મી૦ અલીજાન અને મી૦ હસન-અલીના મતને મળતા છીયે કે કેમ? એવો આપનો પ્રશ્ન હસવા સરીખો છે. અમો કોઇના દરેકે દરેક વીચારને મળતા થઇએ, એ બનવું તદ્દન અશકય છે. અમો તેઓના જે જે મતને મળતા છીએ તે તે બાબતો અમારી બુક ઇમામે મોજુદમાંથી આપ જોઈ શકશો, એટલે તે માટે આપને વધારે શું જાહેર કરવાનું હોય? અને તેથી મી૦ અલીજાન કોઇ પણ હોય, તે સાથે આપણુને કાંઇ અંગત સંબંધ નથી, લખાણની ઝુમ્બેસમાં અંગત ઓળખ મેળવવાની માથાફોડ કરવામાં ફોગટનો વખત ગુમાવવાની મુરખાઇ કરવાની અમો કાંઇ જરૂર જોતા નથી.

## સવાલ ૧૦ મો.

મજકુર પુસ્તકના પ્રકરણ ૭ મા તમોએ તમારા તરફથી સત્ય શોધક તરીકે જે લખાણ કરેલ છે તેમાં તમો પેજ ૨૯ માં તમારો મત દર્શાવતાં જણાવો છો કે, "ઉપર મુજબ ખુલ્લી માગણી કરવા છતાં, સી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાલ અલ્હાદી વાંચવા ફરી ફરી ભલામણ કરે છે, અને તેથી એમ સાબીત થાય છે કે પાક કુરઆને શરીફમાં તેવી સાબીતીની બાબતો ન હોવી જોઈએ, કે જે જવાબમાં રજુ કરે તો તમોએ કુરઆને શરીફની કેટલી તફસીરો જોએલી છે? અગર કોઈ પાક કુરઆને શરીફથી તેવી બાબતોની સાબીતી કરશો. તો તમો તે માન્ય રાખશો ખરા?

## જવાબ ૧૦ મો.

ભાઇ અએન! આપ તફસીર કહી શું મતલબ ધરાવો છો તે સવાલ કરતાં કહીશ કે અત્રે કઇ કઇ તફસીરો વાંચી છે, તે આગળ જણાવવામાં આવેલ છે. અમે તેવી બાબતો સાબીત કરવાની માંગણી અમારી બહાર પડેલી કીતાબ ઇમામે મોજુદમાં પાને ૩૯ માં કરેલી છે, છતાં આપ આવો પ્રશ્ન કરો છો એથી અજાયબી ઉપજે છે.

**સવાલ ૧૧ મો.**

આગળ ચાલતાં તમો જણાવો છો કે "છતાં નવું નવું જાણવાની અને તોલ કરવાની અમારી કુદરતી પ્રકૃતિને તે જજમેન્ટ અધુરૂં લાગ્યું અને તેથી અલ્હાદી કીતાબ મંગાવી અમોને ચીપી ચીપીને વાંચવી પડી, કે જેના ઉપર મી૦ હાજી ગુલામઅલી ફખર ધરાવે છે, કે તેમાંથી તેવો કોઇ મુદ્દો મળે, આખી બુક વાંચતાં થોડીએક તેમણે ઠોકી બેસાડેલ બાબતો તેમાંથી મળી આવી છે." તો તમો એક સત્ય શોધક છો, તમારી ઇમાનદારીથી જણાવો છો કે, તેમાં તમોને કાંઇ મુદ્દો નથી મળ્યો? અથવા એકજ બાજુએ જોનારાની જેમ મી૦ અલીજાનની તરફેણમાં ઇન્સાફ આપવાનું બીડું ઝડપેલ છે તે જાહેર કરો? ઉપરાંત તમે જણાવો છો કે તેમણે ઠોકી બેસાડેલ બાબતો તો જયારે તમોએ અલ્હાદી ચીપી ચીપીને વાંચેલ છે, તો તેમાં પ્રસ્તાવના તરીકે જે ખુલાસો હાજી ગુલામઅલીએ કરેલ છે, તેમાં ખુલ્લે ખુલ્લું જોવામાં આવેલ છે કે, તેઓએ દરેક બાબતને સુન્નત જમાઅત અને શીઆહની કીતાબોના ખુલાસાથી સાબીત કરીને લખી છે, ઉપરાંત મજકુર

અહલાદી પેજ ૫ માં કુટનોટ જે આપેલી છે તે ઉપરથી પણ જણાય છે કે, ગાયતુલ મકસુદ નામની ફારસી કીતાબ, જે મોટા ચાર ભાગોમાં હજરત મહેંદીના અહવાલમાં લાહોરવાલા મુસ્તેહદ જનાબ સઇયદ અલી હાયરની લખેલી છે, તે તથા બીજી કીતાબોમાંથી લખવામાં આવેલ છે, તો તેઓના તરફથી ઠોકી બેસાડેલ કંઈપણ જોવામાં આવતું નથી, ફક્ત ઉતારાઓજ છે, તે શું તમારા લક્ષથી બહાર રહેલું છે?

## જવાબ ૧૧ મો.

ભાઇ અએન! આપનો આ સવાલ કેટલો બેહુદો છે તે કોઇ નીઃપક્ષપાત વાંચકને પુછશો તો જાણી શકશો. અમો અગાઉ જણાવી ગયા છીએ કે અમોએ કીતાબ ઇમામે મોઅ્જુદ જતો ન અમારા દોસ્તોને રાજી રાખવા કે, ન તો અમારા વીરોધીઓને દુઃખ લગાડવા લખી છે, પણ અમોને અમારી ફરજે અમારા અંતઃકરણે અને અમારી અદના અકકલે જે જે સુચવ્યું તેજ બહાર પાડેલ છે. વળી આપ લખો છો કે "મજકુર બાબતો મી૦ હાજી ગુલામઅલીએ ઠોકી બેસાડેલ નથી પણ અન્ય કીતાબોના ઉતારા તો તેમના ઉપર તેવું તહોમત ગેર વ્યાજબી છે." તો સાહેબ! આપજ

જણાવો કે કોઇ પણ માણસ અમુક બાબતને મળતા થયા વગર પોતાના મુદ્દાના ટેકામાં લખશે કે? જો તે મળતો થાય તો પછી તેની જાહેરાત માટે તે શા માટે જોખમદાર ન ગણાવો જોઇએ? એક લખ્યું એટલે બીજાએ વગર સમજે બહાર પાડયું અને તે તેનો જોખમદાર ન હોય એવા આપના મત માટે અમો હેરત થઇએ છીએ. આવું ડીગેડીંગ ધર્મની બાબતમાં કેટલું જોખમ ભર્યું છે? તે આપને સમજાવવાની જરૂર નજ હોય! અકકલની તુલનામાં તોલ્યા વગર અમુક કીતાબના લખાણ મુજબ વર્તવામાંજ ઇમાનદારી સમાઈ જતી નથી પણ જે કીતાબોમાં લખ્યું છે. તેમાં શું શું સત્ય છે? તે શોધી તે ઉપર ચાલવામાંજ ખરી ઇમાનદારી રહેલી છે. અમે એવા કીતાબોના મુરીદો માટે હેરત થઇએ છીએ કે જેઓ કીતાબોના લખાણના હવાલા આપ્યા સીવાય પોતાની અકકલ ચલાવતા નથી અને વળી તેવી બાબતો માટે ફકત કીતાબોનેજ જોખમદાર ગણે છે!!! ટુંકમાં અન્યના ઉતારાને મળતા થઇ પોતાના મુદ્દા ખાતર જે ઉતારો લે છે. તે માટે તે ઉતારો લેનાર પ્રથમ જોખમદાર અને ટીકાને પાત્ર છે. એમ અમે માનીએ છીએ, જયાં સુધી કે, તે એમ જાહેર કરે કે, અમારે તે લખાણ સાથે કાંઈ વાસ્તો નથી.

## સવાલ ૧૨ મો.

આગળ ચાલતા પેજ ૩૦ માં તમો જણાવો છો કે "મુળ વાત પાક કુરઆને શરીફથી સાબીતી શોધવાની હદીસો અને રાવીઓની બનાવટો કે અન્ય ફાલતુ કીતાબોના પુરાવા તરફ સહેજ પણ લક્ષ આપવાની જરૂર જણાઈ નથી, તે પાક કુરઆને શરીફ એક એવી ખુબીવાળી ઇલ્હામી કીતાબ છે કે, જેમાં દરેક ચીજ લીલી હોય કે સુકી તેનું બ્યાન છે અને તે તમો પણ પેજ ૪૨ માં માન્ય રાખો છો તો પાક કુરઆને શરીફમાં જાહેર રીતે_ફકત તરજુમાંથી દરેક બાબત ચોખી રીતે નીકળી શકે એવું કોઈ પણ બતાવી શકે નહી, સીવાય કે તેની તફસીરોનો આધાર લીએ, તો તફસીરોમાં જે બ્યાન આવે છે તે હદીસોથીજ સાબીત કરાય છે, જેમકે પાક કુરઆને શરીફમાં જે જે અહકામો છે અને જે જે બાબતો કરવાનો અથવા ન કરવાનો હુકમ છે તે ફકત ઇશારા તરીકેજ આવેલ છે (એજ પાક કુરઆને શરીફની ખુબી છે) તો તે અહકામો કેવી રીતે કરવા ને કેવી રીતે ન કરવા તેની રીતો અને તેને લગતા ખુલાસાઓ તે પાક હદીસોથીજ થયેલ છે, કારણ કે પાક કુર-

આને શરીફ એક બહુજ નાના કદની કીતાબ છે, તો તેમાં સરવે બાબતોનો ખુદાવંદે કરીમે બહુજ ખુબીથી સમાવેશ કરેલ છે, કે એક એક આયતમાંથી જે મુઝરસવારો કે રાશેખુન ફીલ ઇલ્મ છે તે એક એક કીતાબ જેટલો વર્ણન કરી ગયા છે, તો હદીસો સીવાય ઘણીખરી આયતોના હુકમોની ચોખવટ થવી મુશકેલ છે, અને તમામ ઇસલામીઓ પાક કુરઆને શરીફ અને હદીસો ઉપરેજ આધાર રાખે છે, જાહેર રીતે ઇસલામમાં શીઆહ અને સુન્નત જમાઅત એજ બે મોટા વિભાગો છે તો સર્વ હદીસોને બહાલ રાખે છે, શીવાય ( વહાબી ફીરકો કે મીરઝાઇ વીગેરે ) બે ત્રણ ફીરકાઓ એવા હશે કે, જેઓ હદીસોની માન્યતા વાસ્તે ઉલટું સમજાવે છે, જેઓને શીઆહ તેમ સુન્નત જમાઅત સર્વે ધીકારે છે, તો શું તમો પણ તેજ ફીરકાઓની માન્યતા ધરાવો છો કે કેમ? અને ઇન્સાફની રૂએ અલબતા અમારે કબુલ કરવું જોઇએ કે, કેટલીક હદીસો જો કે જઇફ હશે, પણ હદીસો કઇ જઇફ છે, અને મોઅતેબર છે તે જાણવાનું સાધન પાક કુરઆને શરીફ છે, એટલે જે હદીસોનો પાયો પાક કુરઆને શરીફથી હોય તે મોઅતેબર

કે એમ સર્વે આલીમો કબુલ રાખે છે, તો જે હદીસો શીઆહ તેમજ સુન્નત જમાઅતના આલીમોએ મોઅતેબર તરીકે માન્ય રાખેલ હોય તે માનવાને કોઈપણ શંકા ન હોવી જોઇએ, અને તેવીજ મોઅતબર હદીસો પાક કુરઆને શરીફના અહકામોનો જે ખુલાસો કરે તે માનવા લાયક છે તો તે બારામાં તમો શું મત ધરાવો છો?

## જવાબ ૧૨ મો.

ભાઇ અએન! આપ ઉપરના સવાલમાં હદીસો બાબતમાં પુછો છો તો જે જે હદીસો પાક કુરાને શરીફની આયતો સાથે સંબંધ ન રાખતી હોય તે તે હદીસો મઓતબર નથી પણ જે જે હદીસો પાક કુરાને શરીફની આયતો સાથે સંબંધ રાખતી હોય તે હદીસો માન્ય કરવા યોગ્ય ગણાય એટલે કે હદીસોના ખરા ખોટાની પરીક્ષા પાક કુરાને શરીફથી થઈ શકે છે તેમજ પાક કુરઆને શરીફના અર્થો જાણવાની તાકાત રા શેખુન ફીલ એલ્મ કે જેઓ અમારી માન્યતા મુજબ ફકત જમાનાના જાહેર ઇમામજ ધરાવે છે એટલે કે હદીસોના અધીષ્ઠાતા પાક કુરાને શરીફ છે અને પાક કુરાને શરીફના અધીષ્ઠાતા જમાનાના ઈમામે મોજુદ છે અને તે ઈમામે મઉજુદ સ્થળ સમય અને શ્રોતા

ની તપાસ રાખી કુરાને શરીફના ગુઢાર્થો મુજબજ અહકામો પોતાના મોમીનોને આપતા રહે છે. તે ફરમાનો ઉપર જણાવ્યા મુજબ વખતને અનુસરીનેજ હોય છે. અને તેજ મુજબ ચાલવું જોઇએ. અને તેમાં ઇન્સાનોએ પોતાની નાકસ અકકલ ચલાવવી જોઇએ નહી જેઓ જમાનાના મઉજુદ ઈમામ ધરાવતા ન હોય તેઓને આપની ધારણા મુજબ હદીસો પર આધાર રાખ્યા વગર છુટકો નથી અને તેથી તેઓ શીયા અને સુન્ની મતોને મળતી હદીસોને મોઅતબર ગણે છે પણ ખરૂં જોતાં તે મંઓતબર નજ ગણાય જેઓ જમાનાના મઉજુદ ઈમામ ધરાવે છે તેઓને તેવી આપના જણાવ્યા મુજબ હદીસોનો આશરો લેવા જવાની જરૂર રહેતી નથી, વળી જયાં **ઇમામે મઉજુદનોજ** સવાલ હોય ત્યાં તેવી હદીસો કાંઈ પણ કાર્ય કરી શકવાની નથી પણ જેઓને ખુદાવંદ તઆલાએ અકકલ આપી છે તેઓ કુરાને શરીફની ખુલ્લા અર્થવાળી આયતો ઉપરથી પણ મઉજુદ ઈમામે ઝમાનની જરૂર જોઈ શકે છે અને ગુઢાર્થ ભરેલી આયતો માટે તે પાક જાતને શરણે જાય છે. અને તેમનીજ રાહબરી નીચે **સરાતલ મુસ્તકીમ** પર સડસડાટ ચાલ્યો જાય છે. પછી નથી તેને મઓતબર કે વગર મઓતબર હદીસો શોધવાની જરૂર પડતી કે નથી તેને કુરાનના ગુઢાર્થ અર્થો ઉકેલવાની મહેનત કરવી પડતી. તેના માટે તો મઉજુદ ઈમામે ઝમાન હદીસ અને કુરાન (કુરાને નાતેક) સર્વ છે

## સવાલ ૧૩ મો.

આગળ ચાલતાં પેજ ૩૦ માં તમો જણાવો છો કે "કારણ જે દરેક ધર્મમાં તેથી ઘણી વધારે સાબેતીવાળા મનુષ્યોના હાથે લખાએલ મનઘડીત પુરાવાથી પોતાના ધર્મને સાબીત કરવાવાળા પુસ્તકો મળી આવે છે, અને તેથી તેવી બીન ઇલ્હામી કીતાબો ઉપર આધાર રાખનાર વર્ગ રોશની વીનાની બતીના ખાલી ખોખા સાથે અજ્ઞાનતાના અંધકારમાં ગોથા ખાય છે." તો તેથી ગોયા એવુ સાબીત કરો છો કે ઇલ્હામી કીતાબ શીવાય બીજા કોઇ ઉપર આધાર રાખવો નહિ; જેથી જણાઇ આવે છે કે, હદીસો અગરચે મોઅતેબર હોય તોપણ તેના ઉપર આધાર રાખવો નહિ; એટલે તમો હદીસોનો સાફ ઇનકાર કરતા જણાઓ છો; તો શું તમો જે ઇસ્માઇલી ધર્મ પાળો છો તેનો આધાર પાક કુરઆને શરીફ ઉપરજ છે? તે બતાવો. તમારે ઇસ્માઇલી મઝહબને લગતી દરેક બાબત પાક કુરઆને શરીફથી સાબીત કરવી પડશે. તે બતાવી શકશો કે? જો બતાવવા તઇયાર હો તો બતાવોને?

## જવાબ ૧૩ મો.

ભાઇ અએન! હદીસો વાશે અમારા તરફથી લખા ગેલ બુક ઇમામે મોજુદમાં પાને ૮૫ માં નીચે મુજબ જણાવેલ છે.

"એ ઉપરથી રાવીઓની રીવાયતો અને **કુરાને શરીફની આયતો સાથે નહી સંબંધ રાખતી** હદીસો ઉપર ઇમામત જેવી બાબતનો મદાર બાંધવો એ ફકત રેતી ઉપર હવેલી ચણવા બરાબર છે."

ઉપર મુજબ અમોએ જણાવ્યું છે, તેમાં **કુરાને શરીફની આયતો સાથે સંબંધ નહી રાખતી** એટલું કાળા ટાઇપમાં લીવેલ છે કે અમે કેવી હદીસોને માન્ય રાખીએ છીએ તે સમજી શંકા અને તે માટે **જવાબ** ૧૨ માં જણાવ્યું તે મુજબ હદીસોના અધીષ્ઠાતા પાક કુરાને શરીફ છે અને પાક કુરાને શરીફ ઉપર **ઇમામની** સતા છે. અમે જે દીન પાળીએ છીએ તે પાક **કુરઆન** ઉપરથીજ છે. અમોને અમારા ઇમામો તરફથી અમારા ધર્મનું શીક્ષણ મળતું રહે છે અને તે શીક્ષણ કુરાનના ગુહાર્થ જાણનાર તરફથીજ મળતું હોવાથી અમારો દીન કુરાને શરીફ ઉપરથીજ છે એમ અમો કહી શકીએ છીએ. ટુંકમાં અમે ઇમામે ઝમાનને **કુરાને નાતીક** સમજીએ છીએ અને **કુરાને નાતીક**ના દરેક અહકામો ઉપર અમલ કરનારા છીએ.

**સવાલ ૧૪ મો.**

**તમારા ટોળામાંથી કેટલાક આગેવાનોએ હાજી બીબી વિગેરે કેસોમાં કોર્ટોમાં પાક કુરઆને શરીફની માન્યતાનો સાફ ઈનકાર કરેલ; તો તેવાઓનો મઝહબ કેવો જાણવો! અને તેઓના મઝહબનો પાયો ઈસમાઈલી ધર્મની રૂએ શેના ઉપર રચાએલો છે?**

**જવાબ ૧૪ મો.**

**કુરાને સામેત** પર ફઝીલત ધરાવનાર **કુરાને નાતીક** યાને ઝમાનાના મોજુદ ઇમામના અહકામો ફરમાનો પર અમલ કરનારાઓને કુરાન (સામેત) માટે પુછવામાં આવે તો જરૂર તેઓ તેની માન્યતાનો ઇન્કાર કરે. અમે અગાઉ જણાવી ગયા તેમ અમારા ઇસ્માઇલી દીનનો પાયો ફકત **કુરાને નાતીક** યાને મઉજુદ ઇમામે ઝમાનના અહકામો ઉપરજ રચાયેલો હોવાથી શુદ્ધ ઇસ્લામ છે, અને તેથી કુરાને સામેતની માન્યતાનો ઇન્કાર કરનારા પણ કુરાને નાતીક ઇમામે ઝમાનાના અહકામો પર અમલ કરનારા હોવાથી, તેઓ શુદ્ધ ઇસ્લામીયો બલ્કે ખાસ મોમીનો ગણાવો જોઇએ, એમાં શક જણાતો નથી.

**સવાલ ૧૫ મો.**

અગર તમો પાક કુરઆને શરીફને સ્વિકારતા હો અને હદીસોને નહિ સ્વિકારતા હો તો, તેમાં કેટલાક અહકામો ખાસ કઃ નમાજ, રોજા, હજ, જકાત, ખુમ્સ વીગે વીગેરે છે, તે અહકામોને માન્ય રાખો છો તે ખુલાસો જણાવો.

**જવાબ ૧૫ મો.**

અમો ઉપર જણાવી ગયા તેમ **કુરાને નાતીક** સમજાવ્યા મુજબના દરેક અહકામો અમોને માન્ય અને તે પર અમો અમલ કરના છીએ. અમોને અમારા ઇમામે મઉજુદ પ્રસંગોપા જે જે અહકામો ફરમાવે તે પર ચુનોચરા કર્યા વઃ અમલ કરવાને દીનો ઇમાનથી અમો બંધાયેલો છી અને તેજ મુજબ વર્તન કરનારા છીએ.

**સવાલ ૧૬ મો.**

આગળ ચાલતાં પેજ ૩૧ માંથી તમોઃ "અલહાદી" કીતાબમાંથી આયતે શરી "વબહુસ્ના મીન્નહો મુસનઅશર નકીબા અને બીજી બે ત્રણ આયતોનો ઉતારો કરી ઉપર તમારા તરફથી પેજ ૩૨ માં ખુલાઃ

કરેલ છે કે બાર ઇમામની સાબીતી માટે "અલ્હાદી" કીતાબ કે જે ચારસો ચઉદ (૪૧૪) પાનાની છે તેમાં ઉપરની લીટીઓજ કર્તાએ આપેલ છે. અને તે પણ મારી તોડીને અરથનો અનરથ કરી ઘુસાડી છે; છતાં ઇન્સાફ દાખલ આપણે તેનું મનન અને શોધ કરવી ઘટે છે" અને તે શોધ તરીકે પેજ ૩૩-૩૪ માં તમોએ પ્રોફેસર મી૦ ઇસ્ફહાનીના કુરઆને શરીફના તરજુમામાંથી તરજુમો અને ટીપણ આપેલ છે. તો મી૦ ઇસ્ફહાનીના તરજુમા શીવાય એક સત્ય શોધક તરીકે તમોએ બીજા ઉરદુ, ફારસી. ના તરજુમાઓ અને તફસીરોની પણ શોધ કરેલ છે કે નહિ? તે જણાવો. તમો જણાવો છો કે "મારી તોડીને અર્થનો અનર્થ કરી ઘુસાડી છે" તો આગળના સવાલોમાં તમોને જણાવેલ ખુલાસા મુજબ બીજી કીતાબોના ઉતારાઓ ખુલાસા, જે હાજી ગુલામઅલીએ આપેલ છે છતાં તે ઉપરે ટીકા કરી એને શું તમો ઇન્સાફ કહો છો? વાસ્તે બીજી તફસીરો અને તરજુમાઓનું મનન પણ એક સત્ય શોધક તરીકે તમારે કરવું વધારત હતું. દાખલા તરીકે જનાબ હકીમ હાફીજ, સય્યદ

ફરમાનઅલી સાહેબ કે જે પટનાના મદરેસએ સુલેમાનીના હેડ માસ્તર છે, તેઓ એક પાક કુરઆને શરીફના હાફીઝ પણ છે. તેઓ (વસબના) વાળી આયતના ટીપણમાં જે લેખ છે તેનો ઉતારો શદ્દાબરો નીચે આપીએ છીએ:—"જીસ તરેહ બની ઇસરાઈલકે બારાહ સરદાર થે, ઇસી તરેહ ઇસ ઉમ્મતકે ભી બારાહ સરદાર વ ઇમામ હય, ચુનાચે સહી બુખારી વ મુસ્લીમમેં મનકુલ હય, હઝરત રસુલ સ૦ ને ફરમાયા કે જબતક મેરે બારાહ ખલીફે ન હોવેંગે દુનીયા કાયમ રેહેગી ઓર વોહ બારાહ ઈમામ હય"—ઉપર જે સહી બુખારી અને મુસ્લીમ બેઉ કીતાબોનું નામ આવેલ, તે અહલે સુન્નત જમાઅતની મોઅતેબર કીતાબો છે) તો તમો તે તરજુમો ઉપરાંત બીજા તરજુમાઓ જોવા કૃપા કરશો કે? અને ઉપર દરશાવેલ તરજુમાને માન્ય રાખો છો કે નહિ?

## જવાબ ૧૬ મો.

મી૦ અએન! આપને અમે અગાઉ જણાવી ગયા તેમ પ્રો૦ ઇસ્ફહાનીના તરજુમા કરતાં બીજા તરજુમા શ્રેષ્ટ ગણવાનું વ્યાજબી કારણ ન મળે ત્યાં સુધી અન્ય તરજુમાને પ્રો૦ ઇસ્ફહાનીના તરજુમા કરતાં

વધારે વજનદાર ગણવાનું કાંઇ કારણ જણાતું નથી, વળી આપ જો તપાસ કરશો તો જણાશે કે પ્રો૦ ઇસ્ફ- હાનીનો આ તરજુમો ઘણો વજનદાર ગણાય છે. આપ જનાબ હકીમ હાફેઝ સઇયદ ફરમાનઅલીનો તરજુમો જોવાનું જણાવો છો કારણકે તે એક હાફેઝ અને પટનાની એક મદરેસાના હેડ માસ્તર છે, તો સાહેબ, આપ જણાવશો કે ફારસી અરબી ભાષાના પ્રોફેસરનો કરેલ તરજુમો વધારે વજનદાર ગણાય કે એક મદરેસા- ના હેડ માસ્તરનો? હાફેઝ તો કોઇ પણ થઇ શકે છે. એટલે તે સ્વાલ તો એક બાજુ રહ્યો પણ તફસીર કે તરજુમા બાબતમાં એક હેડ માસ્તર કરતાં ફારસી અરબી ભાષાના પ્રોફેસરના કરેલા તરજુમા કે તફસીરને વધારે વજનદાર ગણવો જોઇએ એ કોઇપણ કબુલ કરી શકશે. તમો જે જણાવો છો તે તરજુમો નથી પણ તાવીલ છે, અને તેવી મન ઘડીત તાવીલો ગમે તેમ કોઇ પણ કરી શકે છે પણ તે સત્ય છે એમ કોઇપણ કહી શકેજ નહી, અને તેવો દાવો પણ કોઇ કરી શકે નહી. માટે સત્ય શોધકની શોધમાં તેવા થીગડાં નકામા છે.

## સવાલ ૧૭ મો.

**પેજ ૩૧ માં તમોએ સુરએ તોબાની ૩૬ મી આયત "ઇન્ન ઇદ્દત શહુર" નો ઉતારો અલહાદી કીતાબમાંથી કરેલ છે અને તે ઉપરે**

પેજ ૩૫ માં તમોએ તરજુમાની હકીકત લખી છે. અને આગળ ચાલતાં મી૦ ઈસ્ફહાનીનું ચાર હોરમ માસ ઉપર ટીપણુ આપેલ છે; જેનો હેતુ ચાર હોરમ માસને હરામ (માસ) ઠેરાવવાનો છે, અને ત્યારબાદ આગળ ચાલતાં તમોએ તમારા તરફથી ઉપરની આયતો ઉપ-રથી નીકળતો સાર એ મથાળુ' કરીને લખાણુ કરેલ છે, જેમાં તમોએ હાજી ગુલામઅલી ઉપર બહુજ કલમ ચલાવીને આગળ ચાલતાં તમો જણાવો છો કે અને તેથીજ હોરમનો અર્થ જે મી. ઈસ્ફહાનીએ અને તેઓએ પોતે તેમના તરફથી પ્રગટ થયેલ કુરઆનની તફસી-રમાં અર્થમાં હરામજ કરેલ છે (જુઓ પહેલો ભાગ પાને ૭૭૦) તેને પોતાના મુદ્દાસરની લેવા માટે અર્થ બદલી હુરમતવાળા ઠોકી બેસાડેલ છે તો મજકુર આયતમાં બાર ઈમામનો મુદ્દો તપાસવાના માટે મજકુર ઈસ્ફહાનીના તરજુમા તેમજ હાજી ગુલામઅલીની તફસીર સીવાય બીજા કોઇ તરજુમાઓ અથવા તફસીરો તમોએ એક સત્ય શોધક તરીકે જોઈ છે કે નહી? તે જણાવો, અને ઈનસાફ તરીકે હાજી ગુલામ અલીની તફસીરનો તરજુમો અને ઇસ્ફહાનીની તફસીરમાં શું શું લખેલ છે તે બેઉના ઉતારા સાથે આપો.

## જવાબ ૧૭ મો.

ભાઇ અએન ! આ સ્વાલ પુનરાવતીનો છે કારણકે આ સ્વાલનો આખો જવાબ જવાબ ૧૦ તથા ૧૬ માં સમાઇ જાય છે, તો તે ફરીથી વાંચી જવા કૃપા કરવી.

આપ ચાર હોરમ માસનો અર્થ હરામ માસ ઠરાવવાનો અમારો ઇરાદો છે, એવું તહોમત જે અમારા ઉપર મુકો છો તેમાં જરા ઉતાવળ કરતા જણાઓ છો. એક શબ્દના અનેક અર્થ થઇ શકે છે, એમ અગાઉ અમો જણાવી ગયા છીએ, પણ તે અર્થ ત્યાં કઇ રીતે બંધ બેસ્તો છે એ જોવા આજુબાજુના વાકયો અને ભાવાર્થ પર ધ્યાન આપવાની અર્થ કરનારને જરૂર છે, અને તેથી તે અર્થ અમોને શા માટે બ્યાજબી લાગ્યો તેના કારણોમાં તે આયતની નીચેની આયતો કે જેની સાથે તેજ આયતના મુદ્દાને સંબંધ છે, તે ટાંકીયે છીએ કે જેથી આપને અને નિઃપક્ષપાત વાંચકને ખાત્રી થશે કે અમારા પરનું આપનું એ તહોમત હડહડતું જુઠું છે.

### પ્રોફેસર ઇસ્ફહાનીના તરજુમામાંથી
### સુરતુલ તૌબા, આ. ૩૬

ખરેખર મહીનાની સંખ્યા ખુદા પાસે તેની લખેલી કિતાબમાં તે દીવસથી* બાર છે કે જે દીવસે તેણે આકાશો અને * પૃથ્વ પેદા કરી છે, તેમાંના ચાર હુરામ

છે, આ સત્ય ધર્મ છે માટે તે મહીનામાં તમે પોતાની ઉપર ઝોલમ કરો નહી અને તમે સઘળા મોશરેકો સામે લડો જેવી રીતે કે તેઓ સઘળા તમારી સામે લડે છે, અને જાણો કે ખરેખર ખુદા પરહીઝગારો સાથે છે. (૩૬)

ખરેખર † "નસીઅ" કાફરપણામાં વધારો કરે છે, તે વડે જેઓ કાફેર થયા છે, તેઓને આડે માર્ગે લઇ જવામાં આવે છે, તેઓ એક વર્ષે તેને **હલાલ** કરે છે, અને બીજા વર્ષે તેને **હરામ** કરે છે, એટલા માટે કે ખુદાએ જે મહીના **હરામ** કર્યા છે, તેની સંખ્યા સંપુર્ણ કરે તેથી તેઓ ખુદાએ જે હરામ કર્યું છે, તેને હલાલ કરે છે, તેઓનાં દુષ્ટ કામો તેઓને માટે ભભકાદાર દેખાડવામાં આવ્યા છે, અને ખુદા કાફેર લોકોને રસ્તો દેખાડતો નથી. (૩૭)

ઉપરના તરજુમામાં આયત ૩૬ માં પૃથ્વી પેદા કરી છે, આગળ જે * છે તેનું પ્રો૦ ઇસ્ફાનીનું ટીપણુ અમોએ કીતાબ ઇમામે મોજુદમાં પાને ૩૫ માં આપેલ છે જે વાંચી લેવા તકલીફ લેવી અને આયત ૩૬ માં **નસીઅ** પાસે જે † ચીન્હ છે, તેનું ટીપણુ પ્રો૦ ઇસ્ફેહાનીએ આપેલ છે તે નીચે આપીએ છીએ.

## "નસીઅ" ઉપર પ્રો. ઇસ્ફહાનીનું ટીપણુ.

અરબ લોકોને લુટફાટ અને લડાઇની ટેવ પડી જવાથી લડાઇ કરવાને માટે હરામ ગણવામાં આવેલી ઉપરા ઉપરી ત્રણ માસની દરમીયાન તેઓ શાંત રહી શકતા નહીં: તેથી કનઅલી કોમના જોનાદાએ જાત્રાની મોસમમાં જાત્રાળુઓને કહયું કે તમારા ખુદાએ મહોરરમ મહીનો કે જે હરામ ગણેલો છે તેને આ વર્ષને માટે હલાલ કર્યો છે અને તે મહીનાનું હરામપણુ તેની પછીના સફર મહીનામાં દાખલ કર્યું છે." અરબોએ તે કબુલ કર્યું અને આવી રીતે પોતાની સગવડતા અને અનુકુળતા પ્રમાણે તેઓ હરામ મહીનાને બીજા મહીના સાથે બદલી નાખવા મંડયા. આ કાયદાનું નામ "નસીઅ" હતું અને અહીં ખુદાએ તેની મના કરી છે.

હવે આપની માંગણી મુજબ મી૦ હાજી ગુલામ અલી હાજી ઇસમાઇલના તરજુમામાંથી તેની આયતોનો તરજુમો અને તફસીર નીચે આપીએ છીએ.

## મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલના તરજુમામાંથી.

(સુરતુત તઉબા આ. ૩૬–૩૭.)

"તહકીક કે ગણત્રી મહીનાઓની નજીક અલ્લાહની બાર મહીના છે, દરમીયાન કિતાબ અલ્લાહની એ દીવસથી કે પયદા કર્યા આસમાન અને ઝમીનને તેમાં

ચાર (મહીના) બુઝર્ગ છે. આ દીન મઝબુત છે; તો ન જુલમ કરો તમો દરમીયાન તે (મહીના)ની નફ્સો પોતાના ને જંગ કરો તમો મુશરીકોથી તમામ સાથે જેમકે જંગ કરે છે તેઓ તમામથી, અને જાણો તમો તહકીક કે ખુદા સાથે પરેહીઝગીરોની છે. (૩૬)

બીજું કાંઈ નથી પણ "નસીઅ" વધારો કરે છે દરમીયાન કુફ્રની (અને) ગુમરાહ કર્યા જાય છે સાથે તેની એ લોક કે કાફર થયા હલાલ કરે છે તેઓ તેને એક વર્ષે અને હરામ કરે છે તેઓ તેને બીજા વર્ષે એટલા માટે કે પુરી કરે ગણત્રી એ ચીજની કે હરામ કરી અલ્લાહે તો હલાલ કરે છે તેઓએ ચીજ કે હરામ કરી અલ્લાહે; શણગારવામા આવ્યા છે વાસ્તે તેઓની ખરાબ અઅમાલ તેઓના અને અલ્લાહ નથી હીદાયત કરતો કઉમ કાફ્રોનીને."

## આયત ૩૬ મી માં જણાવેલ ચાર હરોમ માસ માટે મી૦ હાજી ગુલામઅલીની તફસીર.

"અને તે બાર મહીનામાં ચાર મહીના હરામ છે કે તે મહીનામાં દીનના દુશમનો સાથે લડાઈ કરવી જોઈએ નહી, પણ તેઓ પહેલ કરે તો પછી હરકત નથી, અને તે ચાર મહીના રજબ, ઝીલ્કાઅદાહ, અને ઝીલહજ્જાહ અને મોહોરરમ છે." પાનું (૭૭૬)

## આયત ૩૭ માં આવેલ "નસીઅ" માટે મી૦ હાજી ગુલામઅલીની તફસીર.

"૩૭ મી આયત કહે છે કે જાહેલીયતના વખતમાં કુફ્ફારોની આદત હતી કે હમેશાં લડતા લુંટતા અને ગારત કરતા હતા, અને **હરામ મહીનામાં** જંગ કરતા ન હતા અને તે આદત હા. ઈબ્રાહીમ અ૦ ના જમાનાથી જારી હતી, તે પછી તેઓએ એવો ધારો રાખ્યો કે જે વખતે તેઓ જંગમાં મશગુલ હોય અને **હરામ** મહીનો આવી જતો તે મહીનાને **હલાલ** કરી નાખતા હતા, અને તેના બદલામાં બીજા કોઇ મહીનાને **હરામ** કરતા હતા, એ પ્રમાણે તેઓ એક વરસમાં **ચાર મહીનાને હરામ** કરતા હતા, પણ એવું ઠેરવતા ન હતા કે કયો **મહીનો હરામ** છે. તો એ કાયદાનું નામ તેઓએ નસીઅ રાખ્યું હતું."

(પાનુ ૭૭૬)

ભાઈ અએનો ઉપર મુજબ બન્નેના કરેલા આયતોના અર્થ અને તફસીર વાંચતા અને તપાસતાં મહીનાની બાબતમાં **હરામ** અને **હલાલ**નોજ સવાલ સ્પષ્ટ થાય છે. જો કે મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલે મજકુર આયત ૩૬ માં **હુરૂમ**નો અર્થ **બુઝર્ગ** કરવા કોશેશ કરી છે પણ પછી ૩૭ મી આયતમાં તેજ માસોનો અર્થ **હરામ (હલાલથી વીરૂદ્ધ)**

કરવા વીના ચાલ્યું નથી અને તેથી સત્યને ગમે તેટલું છુપાવવાની કોશેશ કરવા છતાં પ્રગટી નીકળ્યું છે. ઉપર મુજબ આપની વ્યાજબી માંગણી મુજબ બન્ને તફસીરોના ઉતારા આપવાથી આપ સાફ સાફ સમજી શકયા હશો કે એ જગોએ હુરેમનો અર્થ હરામ કરવા અમોએ કોશેશ કરી ન હતી પણ બન્ને તફસીરો અને તરજુમામાંથી લાંબી નજરથી જે સત્ય જણાયું તેજ ફરજ કર્યું હતું અને હવે આપને પણ ખાત્રી થઈ હશે કે એ જગોએ હુરેમનો અર્થ હુરામ સીવાય બીજો કાંઈ થતો નથી. જો હુરેમનો અર્થ હુરમતવાળા એ જગોએ કરો તો તેજ પછીની ૩૭ મી આયતમાં આપેલ "નસીઅ"નો ભાવાર્થ બદલી જાય છે કે જે કદી બને તેમ નથી એટલે કે એ જગોએ હરેમનો અર્થ હરામ સીવાય બીજો કાંઈ થવાનો શક જતો રહે છે.

## સવાલ ૧૮ મો.

હોરમનો અર્થ તમોએ હુરામ સમજાવવા કોશીશ કરેલ છે, તો હોરમ શબ્દનો અર્થ લોગાત (ડીક્ષનેરી) માં શું કરેલ છે તે જોવાની તસ્દી લેશો કે? જણાવવાનું કે, હોરમનો અર્થ હોરમતવાળો થાય છે, દાખલા તરીકે મોલવી ફરમાનઅલીના તરજુમામાં છે કે ઈન્ના ઇદ્દત શોહુરે ઈન્દલ્લાહે ઈસ્નાઅશર શહર નહી કીતા-

બીલ્લાહે યોમ ખલક સમાવાતે વલ અઝીન્હા અરબઅતુન હોરમ ઝાલકદીમ કયમ તરજુમો ઈસ્મે તો શક નહી હય ખુદાને જીસ દીન આસમાનો ઝમીનકુ પેદા કીયા (ઉસી દીનસે) ખુદાકે નઝદીક ખુદાકી કીતાબ (લઉહેમહફુઝ) મય મહીનુંકી ગીનતી બારાહ મહીને હય, ઉનમેંસે ચાર મહીને (અદબો હુરમતકે હય) તો શું મજકુર તરજુમો તમો કબુલ કરી શકશો નહી?

## જવાબ ૧૮ મો.

ભાઈ અએન! આ સવાલનો જવાબ જવાબ ૧૭થી આપને મળી ગયો હશે. ઉપર જણાવ્યા મુજબ અમોએ હુરેમનો અર્થ હરામ સમજાવવા કોશેશ કીધી નથી પણ હુરેમનો એ જગોએ અર્થ હરામજ થાય છે, એ સત્ય રીતે બતાવવા કોશેશ કરી છે. અમો વારંવાર કહી ગયા છીએ કે એક શબ્દના અનેક અર્થ થઈ શકે છે પણ કયો અર્થ કઈ જગાએ લાગુ પડે છે તે આગળ પાછળનો સંબંધ જોવાથીજ મળી શકે છે અને તેથી જવાબ ૧૭ માં જણાવેલા લાંબા ખુલાસા બાદ આપ જરૂર કબુલ કરશો કે અમોએ જણાવેલો હુરેમનો અર્થ હરામજ બરાબર છે અને તેવી રીતે ચોખ્ખી રીતે સાબીત જણાયા બાદ આપે જણાવેલ મઉલવી મી૦ ફરમાનઅલીનો તરજુમો કદી પણ માન્ય કરવા યોગ્ય નથી.

સવાલ ૧૯ મો.

આગલ ચાલતાં તમો જણાવો છો કે "મજકુર આયતના તેઓએ પોતાના કુરઆનમાં કરેલા અર્થ પ્રમાણે હોરમનો અર્થ હરામ લેતાં મી૦ હાજી ગુલામઅલીના વિચાર મુજબ બાર માસને બાર ઈમામ તરીકે ગણીએ, તો તે બાર ઈમામમાં કયા ચાર હરામ ઈમામ છે, તે બતાવવા મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ તકલીફ લઈ પોતે જે કાચુ કાપી નાખ્યું છે, તેમાં કાંઈ સુધારો કરશે તો ઉપકાર થશે તો મજકુર તમારા લખાણમાં તમોએ એક બહુજ અઘટીત શબ્દોમાં હુમલો કરેલ છે, તો અગર હોરમનો અર્થ હરામ કરેલ હોય તો પણ કેટલીક જગ્યાએ હુરમતવાલી ચીજોના વાસ્તે હરામ શબ્દ વપરાએલ છે, અરબીમાં હરામ શબ્દોનો જેવી રીતે હલાલ હરામની બાબતમાં હરામ તરીકે અર્થ થાય છે તેવીજ રીતે, તે જ્યારે કોઈ હુરમતવાલી ચીજ સાથે હરામ બોલ સબંધ હોય ત્યારે તે હરામનો અર્થ હુરમતવાલો થાય છે, જેવી રીતે મસજીદુલ હરામ એટલે હુરમતવાલી મસજીદ, જે કે કાબબા શરીફને કહેવામાં આવે છે, છતાં તમોને

એટલાથી સંતોષ ન થતો હોય તો, જુઓ પાક કુરઆને શરીફ જેના પંદરમાં પારામાં શરૂમાંજ જે આયત હજરત પયગમ્બર સાહેબની મેઅ-રાજના બારામાં તે નીચે જણાવું છું:–સુબ્હાન-લઝી અસરાબે અબ્દેહી લયલમ મીનલ મસજીદીલ્લ હરામે ઇલ મસજીદીલ અકસા (તરજુમો) વોહ ખુદા (હરએબસે) પાક વ પાકીઝા હય, જીસને અપને બંદેકો રાતું રાત મસજીદે હરામ (ખાનએ કાઅબા) સે મસજીદે અકસા (આસ્માનની મસજીદ) તકકી સયર કરાઈ તો હવે જેવી રીતે તમો ચાર ઈમામના બારામાં હરામ શબ્દની ટીકકા કરેલ છે, એવીજ રીતે કાઅબતુલ્લાહ શરીફ ઉપર પણ એમજ કહી શકશો કે કેમ?

**જવાબ ૧૯ મો.**

ભાઇ અએન! આપના મજકુર સવાલના મતને અમે મળતા થઇએ છીએ કે હરામનો અર્થ દરેક જગોએ હરામ થઈ શકતો નથી પણ જેમ આપ જણાવો છો કે:–"અરબીમાં હરામ શબ્દાનો જેવી રીતે હલાલ–હરામની બાબતમાં હરામ તરીકે અર્થ થાય છે." તેમ આગળ પાછળના સંબંધ મુજબ અર્થ

થાય છે અને તેથી આપ આગળ પાછળનો સંબંધ તપાસી જોશો તો જણાશે કે આ જગોએ ફક્ત હલાલ–હરામનીજ બાબત છે અને તેથી આપના લખવા મુજબ એ જગોએ હુરૅામનો અર્થ હરામજ થાય છે. જેવી રીતે "તમે નમાઝ પડો નહી, જયારે નીશામાં હો' એ બે વાકયમાં બીજુ છોડી પહેલુંજ લેવામાં આવે તો ઉંધો અર્થ થઈ જાય છે તેવી રીતે આગળ પાછળનો સંબંધ નહી જોનારા માટે થાય છે અને તેથીજ અમોએ જવાબ ૧૭ માં આગળ પાછળનો ભાગ લઈ લંબાણથી ખુલાસો કરી હુરૅામનો અર્થ હરામજ થાય છે તે સમજાવેલ છે છતાં આપ જીદ પકડી રાખો તો આપ મુખ્તીયાર છો. આપે જે મસજીદે હરામમાં હરામનો અર્થ હુરમતવાળો કરેલો છે તે આગળ પાછળનો સંબંધ જોતાં બરાબર છે. અને અમો તે બાબતને મળતા થઇએ છીએ. આપ અમોએ કરેલી ટીકા ગેરવ્યાજબી અને સખત ગણો છો તો અમોએ જવાબ ૧૭ માં લંબાણુ ખુલાસાથી સમજાવેલા અર્થ મુજબ હરૅામનો અર્થ હરામજ થતો હોવાથી અમો અમારી એ ટીકા હજુ વ્યાજબી ગણીએ છીએ, પછી ભલે આપ તેને અઘટીત ગણતા રહો.

સવાલ ૨૦ મો.

આગળ ચાલતાં તમો પેજ ૩૮ માં હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલના કીધેલા અર્થ મુજબ સોઅયબ નબી તથા હજરત સાલેહ નબી વીશે, પાક કુરઆને શરીફમાં ઇમામીન મુબીનને ઉપરાંત હજરત ઈબ્રાહીમ અ૦ મારેની ઇન્ની જાએલોક વાલી આયત તેના ઉતારો આપતાં, પેજ ૩૯ માં જણાવો છો કે, હવે એ મુજબ લંબાણ તપાસ કરતાં ઇમામની સંખ્યા વધતી જાય છે, તો પછી તે વધતી જતી સંખ્યા, ખોટી ગણવી કે મી૦ હાજી ગુલામ-અલી હાજી ઇસમાઇલના કરેલા અર્થ મુજબ બારની મુકરર સંખ્યા દર્શાવતી આયતો ખોટી ગણવી? તો મજકુર પયગમ્બરોને વાસ્તે જે ઇમામોનો શબ્દ વાપરવામાં આવેલ છે, તે આખો ઉમ્મત (હજરત મોહમદ સ૦ ની) ના બારામાં લાગુ પડતો નથી અગર તમોએ ટીકા રૂપી જે લખેલ છે, તે પ્રમાણે જો ગણીએ તો જેવી રીતે બારની સંખ્યામાં વધારો થવો જોઇએ, તેવીજ રીતે અમુક સંખ્યાની માન્યતા-વાલા એટલે દાખલા તરીકે (હાલ સુધી) અડતાલીસની માન્યતામાં પણ વધારો થાય કે નહી?

**જવાબ ૨૦ મો.**

ભાઇ અઝેન! જયાં ઇમામતનો સવાલ છે ત્યાં ઇમામો માટેજ છે પછી ભલે તે નબી માટે વપરાએલ હોય! શું આપણે ખુદાવન્દના મઝ્કુર કઉલ મુજબ હ૦ સોયબ અને હ૦ સાલેહને ઇમામ નહી ગણીએ? જયારે ખુદાવન્દ તઆલાએ તેમને ઇમામ તરીકે સંબો-ધ્યા—ગણ્યા ત્યારે આપણી તાકાત નથી કે આપણે તેનો ઇન્કાર કરી શકીએ! જો ઇન્કાર ન કરીએ અને તેમને ઇમામો તરીકે ગણીએ તો પછી ખુદાવન્દ તઆલાએ આ પૃથ્વી વગેરે પેદા કર્યું તે બાદ થએલા ઇમામોમાંના તેઓ પણ ઇમામો છે અને તેથી જેમ મી૦ હાજી ગુલામઅલી લખે છે કે લવહે મહફુઝમાં દુનીયાની ઉત્પતિ સાથેજ બાર ઇમામ મુકરર કર્યા છે. જયારે દુનીયાની ઉત્પતિ પહેલાંજ ઇમામોની બારની સંખ્યા મુકરર થએલી છે તો તેઓને હ૦ શોઅયબ અને હ૦ સાલેહને એ સંખ્યામાંથી બહાર રાખવાનું શું સબબ કારણ છે તે સમજી શકાતું નથી. મી૦ હાજી ગુલામ-અલી અને બીજા કેટલાક ઇસ્નાઅશરીઓની એવી સજજડ માન્યતા છે કે દુનીયાની ઉત્પતિ બાદ ઇમામો ની સંખ્યા બારનીજ છે અને તે સંખ્યા દુનીયાની ઉત્પતિ અગાઉથીજ મુકરર થએલ છે.

ત્યારે મજકુર ઇમામો ૯૦ સોયબ અને ૯૦ સાલેહ જેને ખુદાવંદતઆલાએ ઇમામો ઠરાવ્યા છે. તેમને ઇમામની તે સંખ્યામાંથી શા માટે બાકાત રાખવામાં આવે છે? તેઓને પણ સાથે ગણવા જોઇએ તો તેઓની બારની સંખ્યા કેમ મળે છે તે તેઓને બતાવવું ઘણું ભારી થઈ પડે એટલે કદાચ તેઓ એમ કહે કે તે મુકરર સંખ્યા ખાતેમુલ નબી બાદ નબીની જગોએ આવનાર ઇમામો માટે છે પણ તે બાબત જેઓને તે ધર્મ પર અંધશ્રધા બેસી ગઈ છે તેઓના સીવાય બીજાઓ કદી પણ કબુલ કરી શકે નહી અને તેવા અંધ શ્રધાવાળાઓને આ બાબત સમજાવવા ફોગટ માથાફોડ કરવામાં વખત વીતાડવો નકામો છે પણ જેઓને ખુદાવંદતઆલાએ સમજવાવાળું અંતઃકરણ આપેલું છે તેઓને અમારી આ દલીલો રસ્તો બતાવનાર થઈ પડશે. જેઓની મરજીમાં આવે તેઓ અમારી દલીલોને પોતાની અકલમાં તોબી જુએ અને જેઓને ન રૂચે તેઓ ધ્યાનમાં ન લે સહુના ઇમાન સાથે છે અમો તો જે જે દલીલો હક અને વ્યાજબી લાગે છે. તેજ પેશ કરીયે છીએ. વળી આપ જણાવો છો કે એ મુજબ ૪૮ ઇમામો બાબતમાં પણ સંખ્યામાં વધારો થાય કે નહી? તો સાહેબ! અમો ઇસ્માઈલીઓની માન્યતા ઇમામો માટે મુકરર સંખ્યા હોવા વીશેની છેજ

નહી. અમારી માન્યતા તો એવી છે કે દરેક જમાનામાં ઈમામ યાને હાદી મઉજુદ હોય છે તેની મુકરર સંખ્યા કદી હોય શકેજ નહી અને અમો હાલના અમારા પાક હાજર ઇમામને હ૦ અલીની અડતાલીસમી પેઢીએ ગણીએ છીએ.

**સવાલ ૨૧ મો.**

આગલ ચાલતાં પેજ ૪૦ માં તમોએ અલ્હાદી કીતાબમાંથી પહેલા પારામાંની પહેલી આયતનો ઉતારો પેજ અલ્હાદી ૧૫૦ માંથી કરીને તે ઉપરે પેજ ૪૧ માં, મી૦ ઇસ્ફહાનીનું ટીપણ લખતાં, તમોએ જણાવેલ છે કે ગયબનો અર્થ અદ્રષ્ય થાય છે, જેમકે ખુદા ફીરસ્તાઓ કયામતનો દીવસ, બેહેસ્ત, દોજખ, વીગેરે, કે જે જોવામાં આવતાં નથી, તો મજકુર ફીકરામાં દોજખના શબ્દ બાદ વીગેરેનો શબ્દ આવેલ છે તો તેથી શું એમ નથી ઠરતું કે, બીજી પણ કોઈ ગયબ બાબતો હોવી જોઈએ? તેના બારામાં એક સત્ય શોધક તરીકે તમોએ બીજી પણ કોઈ તફસીરો અથવા તરજુમાઓ જોયા છે કે નહી તે જણાવો? જેમકે દીલ્લીવાળા મોલવી મકબુલ અહમદ સાહેબ તરફથી કુરઆને શરીફનો તરજુમો ઉર્દુ ભાષામાં કરવામાં

આવેલ છે, તેમાં યોઅમેનુના બીલ ગયબેમાં જે શબ્દ ગયબનો આવેલ, તેના ટીપણમાં મજકુર તરજુમામાં જણાવે છે કે "અલ ગયબે જો જાહેરી હવાસસે મહસુસ કરનેકી ચીઝ નહો જેસે તવહીદ ખુદા નબુવ્વતે અંમ્બીઆ કયામ કાયમ અલેહીસ્સલામ, મસઅલે રજઅત કયામતકે દીન ફીર જી ઉઠના, હીસાબો કીતાબ હોના, જીન્નતો દોઝખ અઉર ઇસી કીસમકે ઉમુર જીન પર ઈમાન લાના લાઝીમ હય, અઉર જો આંખુસે નહી દેખે જાતે, બલ્કે ઉન દલીલુસે પેહછાનો જાતે હય જો ખુદાને કાયમ ફુરમાઈ હય તો મજકુર ટીપણથી બીજી કેટલીક ગયબ બાબતો ઉપરાંત બારમાં ઈમામનો ગયબતનો સવાલ પણ જણાઇ આવે છે, તો સત્ય શોધક તરીકે બીજા પણ તરજુમા તથા તફસીરો તમો તપાસશો તો ખુલે ખુલું જણાઈ આવશે.

## જવાબ ૨૧ મો.

ભાઇ અએન! આપ ઉપરના સવાલમાં જણાવો છો કે તેમાં બારમાં ઇમામની ગયબતા પણ સમાઇ જાય છે. પણ સાહેબ! એક આંધળાને જેમ દોરો તેમજ સબળાને દોરવા આવ્યો તો કેમ દોરાય? એમાં ઇમામતનો

સવાલ છેજ નહી અને ગયબ ઇમામની માન્યતાવાળા અગર તો તેવી માન્યતાવાળાના ભોગ થઇ પડેલાં સીવાય કોઇ પણ જ્ઞાની સમજુ નિઃપક્ષપાતી વિદ્વાન એ આયત માં ઈમામતનો સવાલ લાવી શકેજ નહી. ઈમામ લોકોનો રાહનુમા પેશવા હોવાથી કદી ગયબ થઇ શકેજ નહી, એમ એક સાધારણ અકકલવાળો માણસ પણ કહી શકશે અને જયાં સુધી અમો અનુમાન બાંધીએ છીએ ત્યાં સુધી તો ઈસ્નાઅશરીઓના બારમા ઇમામ ગયબ થયા તે વખત પહેલાં કોઇ પણ એ આયતમાં ઇમામત નો સવાલ લાવતું જ નહી હોય. ઇસ્નાઅશરીઓના આલીમોએ પણ કુરાને શરીફની તેમના બારમા ઇમામ ગયબ થયા પહેલા કરેલી તફસીરોમાં પણ તે આયતમાં ઇમામતનો સવાલ લાવ્યા નહીજ હોય પણ જયારે ઇસ્ના અશરીઓના બારમા ઇમામ ગયબ થઇ ગયા એવું મુલ્લાં અને મઓલવીએ જાહેર કર્યું ત્યારે પોતાની તે વાતને ટેકો આપવા ખાતર આવી આવી બાબતો ઠસાવી દીધી અને તેને રાવીઓએ મનકુલ કરી દીધી કે જે ઉપરથી દોરવાઇ તેવી માન્યતાવાળાઓએ કુરાને શરીફની તફસીરો કરતી વખતે તે મુદ્દા દાખલ કરજ દીધી અને આપ જેવા પણ દિર્ઘ દ્રષ્ટિના અભાવે તેના ભોગ થઇ પડયા. વળી આપ ઇતીહાસો પર દ્રષ્ટિ ફેંકશો તો ઇસના અશરીયોના બારમા ઈમામ ગયબ થવા માટે ઘણા એક

ભીન્ન ભીન્ન મતો છે તે જાણી શકશો. ટુંકમાં આપણી સત્ય શોધમાં લાંબી દ્રષ્ટિ ફેંકતા એ આયત ઈમામની ગયબતા કે જાહેરાત સીદ્ધ કરતી નથી, એમ ખુલ્લે ખુલ્લું જણાઈ આવે છે.

## સવાલ ૨૨ મો.

મજકુર પુસ્તક પેજ ૪૧ માં તમો તમારા તરફથી ખુલાસો કરતાં જણાવો છો કે, મી૦ ઇસ્ફહાનીએ કરેલ ટીપણના ખુલાસાઓ ઉપરથી સાફ જણાય છે કે, ગયબ શબ્દ ઈમામત માટે વપરાએલો નથી, કદાચ ઘડીભર મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલના કહેવા મુજબ કબુલ કરીએ છીએ, તો જયારે આ આયત નાઝીલ થઈ તે જમાનાના લોકો ઇમામ ગયબ ન માનતા હોય તો, તે મોઅમીનો નથી તેથી તે વખતના જાહેર ઇમામ હજરત મોલા મુરતજા અલી વીગેરે ઈમામો નજ ગણાય અને તેઓ ઉપર ઈમાન લાવનાર (કારણ કે તેઓ ગયબ નહી હતા) મોઅમીન નહી હતા, તો મજકુર ખુલાસામાં એક સત્ય શોધક તરીકે તમોએ શું લખી નાખેલ છે તેનું તમોને ભાન છે કે નહી? મજકુર આયતનો સાફ ગયબ બાબતો વાસ્તે નાઝીલ થયેલ જેમાની કેટલીક

બાબતો તે વખતે પણ હાજર હતી, પણ દેખવામાં આવતી નહોતી અને કેટલીક બાબતો ભવીષ્યમાં થનાર હતી તેનુંજ વર્ણન છે, એમાં જાહેર ઇમામનો કાંઇ સબંધજ જણાતો નથી તો એક સત્ય શોધક તરીકે તમો કાંઇ ઇનસાફ કરશો ? અને તમારી શોધને આગળ ચલાવશો કે ?

## જવાબ ૨૨ મો.

ભાઇ અએન ! આપ જણાવો છો કે મજકુર આયતમાં "જાહેર ઇમામનો કાંઇ સંબંધ જણાતો નથી" તો સાહેબ! અમો તો કહી ગયા કે એમાં **ઇમામતનો** જ સવાલ નથી. બાકી બીજી ગયબ બાબતો માટે અમો પણ કયાં ઇનકાર કરીએ છીએ?

## સવાલ ૨૩ મો.

આગળ ચાલતાં મજકુર અલહાદી પેજ ૫૩ નો ઉતારો મજકુર પુસ્તક પેજ ૪૩ માં (ઇમામે મોબીનમાં) આપતાંજ તમોએ સુરએ આલે ઇમરાનની સાતમી આયત, વમાયાઅલમો તઆવીલહુ ઇલ્લાહો વર્રાસેખુન ફીલ ઇલ્મ દરશાવી અને તેનો તરજુમો મજકુર અલહાદી માંથી ટાંકી અને તે ઉપર તમારો મત

જણાવતાં લખો છો કે, તે બુઝરગો નબી અથવા ઈમામો છે, તો હાજર ઇમામ વગર કુરઆને શરીફની આયતોની તઆવીલ સમજવાને કોઈની તાકત નથી, તો એ ઉપરથી તો તમો એમજ સાબીત કરતાં જણાવો છો કે, કુરઆને શરીફની તાઅવીલ નબી અથવા ઈમામોજ કરી શકે, તો તમો જેને ઈમામે મોજુદ મનાવવા પ્રયત્ન કરો છો તેને કુરઆને શરીફની તફસીર અને તાવીલની પુરેપુરી માહીતગારી હોવી જોઈએ, તો તમો જેઓને મોજુદ ઈમામ માનેલ હોય, તેઓ પાક કુરઆને શરીફની તફસીર અને તાવીલના ઈલ્મનું જ્ઞાન કેટલે દરજે ધરાવે છે? તે જાહેરમાં લાવો તો ઇસલામી ઓલમાઓ કબુલ કરી શકે.

## જવાબ ૨૩ મો.

ભાઇ અએન! મજકુર સવાલ આપની નજરમાં મહાન લાગતો હોય એમ જણાય છે પણ ખરૂં જોનારને તે એક હસવા સરખો છે. ઇસ્લામી ઉલ્માઓ કબુલ કરી શકે એવી રીતે, અમારા મઉજુદ ઇમામ કેટલું જ્ઞાન ધરાવે છે તે જાહેરમાં લાવવાની અમારી પાસે આપ

માંગણી કરો છો, તો સાહેબ! અમારા પાક હાજર ઇમામ અમારી માન્યતા અને સમજ મુજબ ઇલ્મે રૂહાની, ઇલ્મે ગયબી તથા એક સાચા ઇમામે મુબીનને જેટલું જ્ઞાન ધરાવવું જોઇએ તેટલું ધરાવે છે, એમ અમે ખરા યકીનથી માનીએ છીએ અને અમારી દીનો દુન્યવી ઉન્નતી અર્થે તેઓ અમોને તે ઇલ્મથી જે હિદાયત કરે છે તે અમારા માટે સંપુર્ણ છે. આપની જાણ બહાર નહી હોય કે ઇમામની હિદાયત મોમીનોનેજ મળે છે. ખુદાવન્દ તઆલાએ ફરમાવ્યું છે કે—

"ખુદાવન્દ તઆલા જેને ચહાય છે તેને પોતાના નુર વડે હિદાયત કરે છે."

તેજ નુરે ઇલાહી ધરાવનાર અમારા સરતાજ પાક હાજર ઇમામ જેને ચહાય છે તેને હિદાયત કરે છે, તેવી હિદાયત મેળવવા માટે દરેક જણ ભાગ્યશાળી થઇ શકતો નથી જેઓ ખુદાવન્દ તઆલાને પ્રિય થઇ પડવા સુક્રત્યો કરે છે તકબુરીક તજે છે અને શયતાનની બાજી ખાતો નથી તેનેજ તે પાક જાત પોતાના નુર વડે હિદાયત કરે છે અને તેથી તે બાબતમાં વધારે ચુંચાં કરવાની અમોને તાકત નથી.

## સવાલ ૨૪ મો.

આગળ ચાલતાં મજકુર પુસ્તક પેજ ૪૬ પ્રકરણ ૮ માં તમોએ ઈમામે મોબીનના મથાળા હેઠળ લખાણ કરતાં વ કુલ શયઇન અહસયનાહો ફી ઇમામીન મુબીનની આયત અલહાદી પેજ ૨૬ માંથી ઉતારેલ છે, જેનો શબ્દાર્થ પણ ઉતારેલ છે, તેમાં મોબીનનો અર્થ જાહેર એમ લખેલ છે, તો તે જાહેર અર્થ પણ શું તમો અલ્હાદી તેમજ હાજી ગુલામ-અલીએ પ્રગટ કરેલ તફસીરમાંથીજ લીધેલ છે? કે બીજા કોઈ તરજુમામાંથી તે જાહેર કરો અને તે ઠેકાણે મીઠ ઇસ્ફહાનીના તરજુમામાંથી કેમ બતાવેલ નથી? હાજી ગુલામઅલી તો મજકુર આયતની માયના અલ્હાદી પેજ ૨૬ ૨૭ માં એમ કરે છે કે એટલે અમોએ તમામ ચીજ (હુકમ વીગેરે) ને જે પ્રકાશીત અને રોશન ઇમામ પેશવા છે તેમાં રાખેલ છે, તે શું અલહાદી ચીપી ચીપીને વાંચવા છતાં તમોને જોવામાં નથી આવી? ઉપરાંત ઈમામે મોબીન ના અર્થો બીજી તફસીરોમાં તમોએ જોયેલ છે

કે નહી ? દાખલા તરીકે મોલવી ફરમાનઅલી સાહેબ પોતાના તરજુમામાં મજકુર આયત કે જે સુરએ યાસીનની આયત બારમી છે તેમાં જણાવે છે કે, ઓર હમને હર ચીજકો એક સહીહ વ રોશન પેશવામે ગેર દીયા હય, તો મજકુર આયતથી પણ ઇમામે મોબીનનો અર્થ પ્રકાશમાન અને રોશન થાય છે એ દાખલાઓ બરાબર તપાસી, તમોને જોવા જોઇએ અને ખરો અર્થ કરવો જોઇએ.

**જવાબ ૨૪ મો.**

ભાઈ અએન ! **મુબીન**નો અર્થ લુગાતોમાં "જાહેર" છે જે આપ જોવા તસ્દી લેશો તો જાણી શકશો. લુગાતોમાંની એક લુગાત નામે **ઉમદતુલ લુગાતે કુર-આન** જેમાં ખાસ કુરાનનાજ શબ્દોના અર્થો આપેલા છે તેમાં **મુબીન**નો અર્થ **જાહેર** ખુલ્લું અને **રોશન** આપેલો છે. તેમજ **The Arabic into English Dictionary by F. Steingass** (અરેબીના ઇગ્રેજી અર્થવાળી મી૦ **એફ્ સ્ટેનગાસની** બનાવેલી **ડીક્ષનરી** કે જે ઘણીજ સભ્તા સમાન અને મઓતબર ગણાય છે અને જેની એક કોપીની કીંમત રૂ. પચાસ આસરે બેસે છે, તેમાં **મુબીન**નો અર્થ **Manifest=જાહેર** કરેલો છે. જે આપ જોવા તસ્દી લેશો.

દરેક ભાષામાં એવા શબ્દો ઘણા મળી આવે છે કે જેના અનેક અર્થો થતા હોય છે, જેના ઉદાહરણ તરીકે ગુજરાતી સાધારણ શબ્દ **કાળ**ના કેટલા અર્થ થાય છે તે નીચેના વાકય પરથી સમજી શકશો.

ઉદાહરણ–**કાળ** ફોઝદારે **કાળા** લોકોને **કાળા** કર્તુકો કરવા માટે **કાળા** ગૃહમાં પુર્યા અને કોર્ટે તેને સજા કરી **કાળા** પાણીએ મોકલ્યા.

ઉપરના ઉદાહરણમાં આપ જોઇ શકશો કે **કાળા** શબ્દ પાંચ જગોએ જુદા જુદા અર્થમાં વપરાયેલ છે હવે જો દરેક જગોએ એક અર્થ લઇએ તો તેમાં કેટલો ગુંચવાડો થઈ જાય તે સમજાવવાની જરૂર નથી. તેજ મુજબ **મુબીન** જે શબ્દને લાગુ હોય તેનો વિચાર કરીનેજ તેનો અર્થ થઇ શકે અને તેથી જો **મુબીન** શબ્દ કિતાબને લાગુ હોય તો **મુબીન**નો અર્થ **સ્પષ્ટ** એમ લઇ શકાય અને મજકુર સુરે યાસીનની બારમી આયતમાં **ઇમામી મુબીન**નાં **ઇમામી**નો અર્થ મી૦ ઇસ્ફહાનીએ કીતાબ લીધો હોવાથી **મુબીન**નો અર્થ સ્પષ્ટ કીધેલો છે અને જો **ઈમામ**નો અર્થ કીતાબ લઇએ તો તે અર્થ વ્યાજબી ગણાય પણ **ઈમામ**નો અર્થ આ જગોએ કીતાબ થઇ શકતોજ નથી તો મુબીનનો અર્થ સ્પષ્ટ કેમ લઈ

શકાય ? આપ જણાવો છો કે "તે જગોએ મા૦ ઈસ્ફહાનીના તરજુમામાંથી કેમ અર્થ નહી કર્યો ?" તો સાહેબ અલબતા **ઇસ્ફાની**નો કીધેલો તરજુમો વજનદાર છે પણ તે કોઇપણ શબ્દમાં ભુલ નજ કરે એ બનવા યોગ્ય નથી અને તેથી તેમણે **ઈમામ**નો અર્થ **કીતાબ** કરવામાં ભુલ ખાધી તેથી અમારે પણ તેવી ભુલ કરવી જોઇએ નહી અને તેથી **ઈમામ**નો અર્થ **કીતાબ** નથી થતો એવી ચોખવટ અમોએ બુક ઇમામે મોજુદ ભા૦ ૧ લામાં કરેલી છે. હવે **ઇમામે મુબીન**માં **ઇમામ**નો અર્થ **ઈમામજ** લઇએ તો **મુબીન**નો અર્થ **જાહેર** વાસ્તવીક અને બંધ બેસ્તો છે અને તેમાં ગયબ ઇમામતની માન્યતા ધરાવનારા સીવાય બીજો કોઈ વાંધો લઈ શકેજ નહી. આપ જણાવો છો કે "તેનો અર્થ શા માટે હાજી ગુલામઅલીની તફસીરમાંથી નહી લીધો?" તો સાહેબ ! મા૦ હાજી ગુલામલીએ જો કે તે આયતમાં **ઈમામે મુબીન**માં ઈમામનો અર્થ ઇમામજ કરેલો છે પણ **મુબીન**નો અર્થ કરવામાં જરા ગોળમ ગોળ અર્થ કર્યો છે એટલે કે **જાહેર** અર્થ કરતાં તેમની માન્યતાને વાંધો આવતો હોવાથી અન્ય અર્થ કરવાનું તેમણે વ્યાજબી ધાર્યું છે. ખરૂં જોતાં **મુબીન**નો અર્થ **જાહેર** જે લુગાતોમાં છે તેજ એ જગોએ, વાસ્તવીક અને ખરો છે અને જ્યાં સુધી આપણે નજર કે કી શકીએ ત્યાં સુધી

ઈશનાઅશરીઓના બારમા ઇમામ ગયબ થવાનું જણાયા પહેલાં એ વાકયમાં **ઈમામે મુબીનમાં** મુબીનનો અર્થ જાહેર લેવામાં કોઈપણ વાંધો લઈ શકતું નહીંજ હોય; પણ જ્યારે ઈશનાઅશરીઓના બારમા ઇમામ ગયબ થઈ ગયાનું ઠરાવ્યું ત્યારે તેઓને મુબીનનો અર્થ જાહેર કરવામાં વાંધો લાગ્યો અને તેથીજ ગયબ ઈમામની માન્યતા ધરાવનારા અને તેમના જેવાઓએ જાહેર અર્થ પડતો મેલી પ્રકાશીત કે રોશન જેવો અર્થ કર્યો પણ ખરૂં જોતાં તેમ નથી. સહુ કોઈ પોતાની માન્યતા અને ઈમાન સાથે છે પણ ખરૂં જોતાં **મુબીનનો** અર્થ **જાહેર** થાય છે તેમાં કોઈ પણ જાતનો વાંધો કે શક નથી. હવે **ઇમામે મુબીનમાં** મુબીનનો અર્થ જાહેર કરવામાં અમોએ કેટલો વીચાર કીધો છે તે આપ ઉપરના ખુલાસાથી જાણી શકયા હશો.

## સવાલ ૨૫ મો.

**અગર મજકુર મોબીન શબ્દનો અર્થ કોઈ ઠેકાણે જાહેર લીધેલ હોય એમ તમો બતાવો તો ઠીક પણ પાક કુરઆને શરીફમાં કોઈક ગયબ ચીજ જે કે દેખવામાં ન આવતી હોય અને જેને તમામ ફીરકાવાળાઓ માને કે દેખવામાં નથી આવતી તેનુ વર્ણન પણ મોબીન તરીકે કરે તો શું મોબીનનો અર્થ દરેક ઠેકાણે**

તેના સબંધ પ્રમાણે જુદા ન થઇ શકે? દાખલા તરીકે શયતાન કે જે મોજુદ છે, અને જેને સર્વ માન્ય રાખે છે કે તે છે, પણ આપણને જોવામાં નથી આવતો તો તેને ખુદાવંદ કરીમે પાક કુરઆને શરીફમાં અદુવ્વુમ મોબીન તરીકે વર્ણવેલ છે, ખુબી તો એ છે કે મજકુર સુરએ યાસીન જેમાંથી તમો ઇમામે મોબીન શબ્દ લઇ તે ઉપરે ખુલાસો કરતાં જણાવો છો, તે સુરા સુરએ યાસીનમાં અદુવ્વુમ મોબીનનો શબ્દ છે. જુઓ સુરએ યાસીન આયત ૬૦ મી મજકુર આયતનો તરજુમો મોલવી ફરમાનઅલીના તરજુમામાંથી તમારી જાણ માટે દરજ કરીએ છીએ, અલમ્‌ અઅહદ અલયકુમ યા બની આદમ ઇન્લા તઅબુદો શયતાન ઇન્હુલકુમ અદુવ્વુમ મોબીન, એટલે અય આદમકી ઓલાદ! કયા મયને તુમ્હારે પાસ યેહ હુકમ નહી ભેજા થા કે (ખબરદાર) શયતાનકી પરેશતેશ ન કરના! વોહ યકીની તુમ્હારા ખુલમ ખુલા દુશમન હય, તો શયતાન જોવામાં નથી આવતો છતાં તેના માટે પણ મોબીન શબ્દ વર્ણવેલ છે, તો તેનો ખુલાસો તમો શું કરો છો?

## જવાબ ૨૫ મો.

ભાઇ અએન! અમોએ આપેલ ૨૪ મા જવાબ ઉપરથી આ સવાલનો જવાબ આપને મળી ગયો હશે. આપને અમોએ કદી પણ જણાવ્યું નથી કે **મુબીન**નો અર્થ દરેક જગોએ **જાહેર** થાય છે, પણ સંબંધ મુજબ અર્થ થઈ શકે છે. અમોએ **મુબીનના લુગાતુલ કુરાન**માંથી જે ત્રણ અર્થ કહ્યા તેમાંનો **ખુલ્લો** અર્થ **શયતાન** માટે યોગ્ય અને બંધબેસ્તો છે. જો કોઇ એ જગોએ **જાહેર** અર્થ કરે તો એક નાનું બચ્ચું પણ કબુલ નહી કરે માટે જે જે જગોએ જે અર્થ વ્યાજબી અને લાગુ પડતો હોય ત્યાંજ તે અર્થ થઇ શકે. આ પ્રમાણે દરેક ભાષાના શબ્દો સાથે બને છે અને સંબંધ જોઇનેજ તેનો અર્થ બની શકે છે પણ કોઇ પોતાનો પન્થ નીભાવવા ખાતર અથવા પોતાની માન્યતાની રૂએ પોતાને ફાવે તેમ અર્થ કરે તે વ્યાજબી ગણાય નહી. આ માટે અમો આગલા જવાબમાં ઘણું વિવેચન કરી ગયા હોવાથી અત્રે વધારે લંબાણ કરવાની જરૂર જોતાં નથી.

## સવાલ ૨૬ મો.

**મજકુર પુસ્તક પેજ ૪૮ માં તમોએ જાહેર ઈમામની જરૂરત, એ મથાળા હેઠળ જે લખાણ કરેલ છે, તે ઉપરથી તમારો મુદ્દો સાફ**

જણાઈ આવે છે કે, મી૦ અલીજાન અને હાજી ગુલામઅલીના વાદ વિવાદમાંથી સત્ય શોધીને જાહેર આલમ ઉપર ઉપકાર કરતા હો એવું જણાઇ આવે છે તે ખાસ તમારે ઈન્સાફની નજરથી જોવાની નથી, પણ તમારે તમારી માન્યતા, જે કે ઇમામે મોજુદ છે તેજ સાબીત કરવાની છે, કારણ કે તે પ્રકરણમાં તમોએ જેવી રીતે પાક કુરઆને શરીફની બે ત્રણ આયતો આપેલ છે, તે સાથે બે ત્રણ હદીસોના પણ ઉતારાઓ આપી અને તે ઉપરથી જાહેર ઈમામની જરૂરત સાબીત કરવાની ધારણા રાખેલ છે, પરંતુ તમારા મજકુર પુસ્તકમાં તમો આગળ જણાવી ગયા છો કે, મુળ વાત કુરઆને શરીફથી સાબીતી શોધવાની હોવાથી હદીસો અને રાવીઓની બનાવટો કે અન્ય ફાલતુ કીતાબોના પુરાવા તરફ સહેજ પણ લક્ષ આપવાની જરૂર જણાઇ નથી, તો તમારા બોલ ઉપરે પાણી ફેરવી અને હદીસોના ઉતારા આપવાનું કારણ શું? અગર હદીસોના ઉતારા ઉપરે ચાલો તો અહલહાદીની રૂએ તમારી માન્યતા એક ઘડીભર પણ ટકી શકે નહી, તો તે સત્ય શોધકની નજરથી જોશો કે? અને

**જેવી રીતે તમોએ જાહેર ઈમામની જરૂરતના મથાળા નીચેનું લખાણુ કરતાં તમારા મતની મજકુર હાજી ગુલામઅલીની પ્રગટ કરેલી અહેહાદીનીજ હદીસોનો ઉતારો આપો છો તો તેની બીજી હદીસો ઉપરે માન્યતા ન ધરાવવાનું કારણુ શું ?**

**જવાબ ૨૬ મો**

ભાઈ અએન! આપ અમારા ઉપર ઈનસાફની નજરથી નહિં જોવાનું જે તહોમત મુકો છો તે માટે આપની દ્રષ્ટીનીજ ખામી છે. આપને અમારૂં લખવું નહિ રૂચ્યું એટલે આપની નજરમાં અમારા લખાણુનો એ અર્થ થયો; છતાં હું પોતે શાયા ઇમામી ઇસ્માઈલી હોવાની મગરૂરી લેતો હોવાથી મને જે સત્ય લાગતું હોય તેજ હું જાહેર કરૂં તેમાં નવાઈ કે શક શાનો? મારી સત્ય શોધમાં મને જે સત્ય જણાય તે અંતઃકરણુ પુર્વક સત્ય માનીનેજ જણાવું તો મારી નજર ઈન્સાફી નથી એમ આપ કદી કહી શકોજ નહી. મને જે સત્ય લાગ્યું તેવી મારી માન્યતા બંધાઇ અને મારી માન્યતાના ટેકામાં હું જે જે મુદાંઓ રજુ કરૂ તેમાં આપને કે કોઇને ટીકા કરવાની હીચકારી કોશેશ નજ કરવી જોઇએ; બલ્કે મારા એ મુદાઓ તોડવાની વાજબી કોશેશ કરી શકો. મેં મજકુર કિતાબ "ઈમામે

મોજુદ" લખી હું જાહેર આલમ ઉપર ઉપકાર કરૂં છું એવો સ્હેજ પણ ખ્યાલ તે કિતાબ લખતી વખતે કે અત્યારે થયો કે થતો નથી; અલબતા મારી એ કોશેશ ભુલેલાને રસ્તો બતાવનાર, સત્ય જાણવા ઇચ્છનારને સાધન રૂપ, અને અન્યનું સારૂં અને પોતાનું ખરાબ જાણનારા કેટલાએક અક્કલના અધુરા અને ગાંડના પુરા લોકોની આંખો ઉઘાડવાને સાધનભુત થાય તો અલબતાં હું વ્યાજબી મગરૂરી લઇ શકું અને મારા દીલને સંતોષ થાય ખરો અને તેજ હેતુસર મેં એ અદના પ્રયત્ન કર્યો છે અને તેમાં શકિતનુંસાર વ્યાજબી નજર અને ઇન્સાફથી મેં જોયું છે.

મી૰ અલીજાન અને મી૰ હાજી ગુલામઅલી ના સવાલો જવાબમાં બન્નેની તકરારમાંથી સત્ય શોધનારે પાક કુરાને શરીફનીજ સાબેતી જોવાની હોવાથી હદીસો ઉપર મદાર નહી રાખવાનું જણાવ્યું છે પણ તે તકરાર ખલાસ થતાં મારા વિચારો જણાવું તેમાં હદીસો ટાંકુ તો મેં મારા બોલો ઉપર પાણી ફેરવ્યું કેમ ગણાય? તે સમજી શકાતું નથી.

હદીસો વીશે જાણવું જે અમે મજકુર કિતાબ ઇમામે મોજુદમાં પાને ૪૫ માં જણાવ્યું છે કે—

"એ ઉપરથી રાવીઓની રીવાયત અને કુરઆને શરીફની આયતો સાથે સબંધ નહી રાખતી

હદીસો ઉપર ઇમામત જેવી બાબતનો મદાર બાંધવો એ ફક્ત રેતી ઉપર હવેલી ચણવા બરાબર છે."

ઉપલા વાક્યમાં આપ જેવા બરાબર જોઇ શકે અને તે વાક્યની મહત્વતા બરાબર સમજી શકે એટલા માટે **કુરઆને શરીફની આયતો સાથે નહી સંબંધ રાખતી** એટલુ વાક્ય કાળા ટાઇપમાં લખ્યું છે એટલે કે જે હદીસો પાક કુરાને શરીફની આયતો સાથે સંબંધ નથી રાખતી તેને અમોએ ખોટી ગણી છે, અને તેથી તેવી અહલાદીની હદીસો તજી દેવાનું અમોએ વ્યાજબી ધાર્યું છે.

એ મુજબ ગયબ ઇમામત કે ઇમામોની મુકરર સંખ્યા માટેના પાક કુરઆને શરીફના બુક અહલાદીના મુદાઓ તોડયા બાદ તે બાબતની હદીસો મઓતબર કે શહીય નથી એમ પણ સાબીત થતાં અને **ઇમામે મુબીનના** ખરા અને વાસ્તવીક અર્થ **જાહેર ઇમામ** સાબિત કરવા બાદ **ઇમામે મુબીનને** લગતી હદીસો સહીય અને મઓતબર હદીસો ઠરતાં; તે લેવામાં અને આગળની બીન મોઅતબર અને ખોટી હદીસોને તજી દેવામાં અમે તદ્દન વ્યાજબી હતા એમ આપ જાણી શકશો અને બીજી હદીસો શા માટે માન્ય **નથી રાખી શકતા તે પણ સમજી શકશો.**

## સવાલ ૨૭ મો.

મજકુર પુસ્તક પેજ ૪૯ માં તમોએ ઈન્ની તારેકુન વાળી હદીસ અહેહાદી પેજ ૩૪ થી ટાંકેલ છે તો તે હદીસમાંથી તમો જાહેર અને ગયબ વીશેની માન્યતા શું સાબીત કરી આપો છો ? મજકુર હદીસથી તો એવું જણાઇ આવે છે કે એ બેઉને વળગી રહેવાનો જે હુકમ છે તે તો એમ ખુલ્લુંજ છે કે આ કુરઆને શરીફ અને અહલેબએત બેઉની તાબેદારી કરવી અને તે બંને ચીજ આપસથી જુદી નહી થાય તો તેનો મતલબ એમજ જણાઇ આવે છે કે બેઉના હુકમો જુદા જુદા ન હોવા જોઇએ, જે હુકમ પાક કુરઆને શરીફમાં હોય તેજ હુકમ અહલેબએત કરે અને જે અહલે બએત કહે તેને કુરઆનથી પુષ્ટિ મળે જેવી રીતે કે હદીસે શરીફ અલીયુન માઅલ કુરઆન વલ કુરઆન મઅલ અલી એટલે અલી કુરઆનની સાથે છે, અને કુરઆન અલીની સાથે છે તેનો ભાવાર્થ એજ કે હજરત અલી જે હુકમ કરે તે કુરઆનમાંથીજ હોવો જોઇએ અને પાક કુરઆને શરીફમાં જે હુકમ હોય તેજ હજરત અલી ફરમાવે, આપસ આપસમાં એક બીજાથી

વિરૂદ્ધ ન જાય, તો અહલે બએત અને પાક કુરઆને શરીફ એક બીજાથી જુદા નહી થાય. અત્રે જણાવવું જરૂરનું છે કે પાક કુરઆને શરીફમાં નમાજ, રોજા, વીગેરે આહકામો બજાવી લાવવાનો હુકમ છે તે ન બજાવી લાવવા, અથવા ઇન્કાર કરવો, એ અહલે બએત કે ઈમામની શાનથી વિરૂદ્ધ છે, અગર કોઈ મુસલમાન થઇને પાક કુરઆને શરીફના હુકમોથી વિરૂદ્ધ માન્યતા ધરાવે તો તે મુસલમાન કહેવરાવવાનો અધીકારી નથી, તો ઈમામ વીગેરેનો હુદ્દો ભોગવવો તે કયાંથી બની શકે? તે વીશે તમારો મત જણાવવા કૃપા કરો?

**જવાબ ૨૭ મો.**

ભાઈ અએન! આપનો મજકુર સવાલ વાંચતા હ૦ અલીનો જમાનો યાદ આવે છે કે જંગે સીફીનમાં જયારે ફરેબી અમરૂઆસનાં ફરેબમાં ફસાયેલા હ૦ અલીના હમશરીફોએ હ૦ અલીથી મોઢું ફેરવ્યું અને હદીસે સકલઇનનો અર્થ જેમ આપ કરોછો તેમ કર્યો અને કહયું કે "ઇમામે કુરઆનના હુકમથી વિરૂધ નહી જવું જોઇએ" અને તેથીજ કુરાને સામેત ને કુરાને નાતીક પર ફઝીલત આપી, હઝરત અલીથી ફરી ગયા. હદીસે સકલઇનના જણાવવા મુજબ ઈમામની સાથેજ કુરઆન

છે અને કદી જુદા થતાજ નથી એટલેકે કુરઆનના દરેક ભેદો ઇમામો જાણતા હોવાથી, ઇમામના સમજાવ્યા મુજ-બજ કુરાનના અહકામોપર અમલ કરવો જોઇએ અને જ્યાં સુધી ઇમામની શનાખત ન મળે ત્યાં સુધી કુરાન (તેના ગુહ્ય ભેદો વગેરે) મળી શકતાં નથી, એટલે કે "કુરઆને શરીફ સમજવા માટે ઇમામની પહેલી જરૂર છે અને જો ઇમામ ગયબ હોય તો, કુરઆન પણ તેમનાથી ગય-બજ ન હોય; યાને કુરઆનના ભેદો અને અર્થો કદી સમજી શકાયજ નહી," એમ હદીસે સકલઇન સુચવે છે. કુર-આન જાહેર અને ઇમામ ગયબ સમજનારા રસીની માફક બન્ને ચાજોને વિંટાયલી, નહિં જુદી થએલી, નથી સમજતા એમ અમે સમજીએ છીએ અને તેથી હદીસે સકલઇન કુરઆનની જાહેરાત હોતાં ઇમામની પણ જાહે-રાતજ સીદ્ધ કરે છે. આપ **જુદી નહી થવાનો અર્થ અહકામોનું મળતાપણું** જણાવવા કોશેશ કરો છો, પણ આપ જરા લાંબી દ્રષ્ટિ ફેંકી જોશો તો જાણી શકશો કે કુરઆનના અર્થો જાણનારજ ઇમામ હોય, તો પછી ઇમામના ફરમાનો કુરઆને શરીફથી વિરૂદ્ધ છે કે મળતા છે તેની પરીક્ષા કરનાર કોણ? ઇમામ જમાના પ્રમાણે મઉમીનોની દીની દુન્યવી તરકકી અર્થે જે જે ફરમાનો કરે તે કુરઆને શરીફથી મળતા છે કે વિરૂદ્ધ તે જોવાનું કામ અને ફરજ તેમની પોતાનીજ છે, તેમાં ઇન્સાનોએ

પોતાની કમતાકાત અક્કલ ચલાવી, જહન્નમનો રસ્તો શોધવો જોઇએ નહી. ટુંકમાં હદીસે સકલઇન હુકમોનું મળતાપણું નહી, પણ ઇમામ સાથેજ કુરઆન છે એમ સુચવે છે. વળી–

**મીન યસ્ફલ હકીકતે વશ શરીયતે વલા**
**ઇમામન ફકદ કુફેર.**

મતલબ કે—ઇમામ વગર શરીયત અને હકીકત સમજાતી નથી.

એ મુજબ ઇમામ વગર કુરઆનના અહકામો સમજી શકાતા નથી, એમ જણાય છે, તો જે આપ હજરોઝા નીમાઝ વગેરે શરીયતી અહકામો વિશે પુછો છો તે કેમ બર લાવવા વગેરે સમજણ ઇમામજ આપે છે અને મઉમીનો તે મુજબ વગર અકકલ ચલાવે બજા લાવે છે. જેઓ તે હુકમોમાં શક લાવે છે તેમને અમે મઉમીન ગણી શકતા નથી. (મઉમીન અને મુસ્લમીનમાં શું ફરક છે, એ સમજાવવાની આપ જેવાને જરૂર નહીજ હોય!) વળી હજ, નીમાજ, રોજા વગેરે નહીં બજા લાવનારને મુસલમાનમાંથી ખારેજ કરવાનો આપનો મત બેવકુફી ભરેલો છે. કારણકે ખુદાવન્દતઆલાએ ફરમાવ્યું છે કેઃ–

"જેઓ ખુદાની વહદાનીયત અને કયામતના દિવસને માને છે અને સારા કૃત્યો કરે છે તેઓને કાંઈ ધાસ્તી નથી." એ મુજબ મુસલમાનપણું હજ, નિમાજ

કે રોજા જેવા શરીયતી અહકામો બર લાવવા પરજ આધાર રાખતું નથી, પણ ઉપર મુજબ ખુદાની વહદાનીયત પેગમ્બરો બરહક અને કીયામતને કબુલ રાખનારાઓજ ઇસ્લામીઓ ગણાય છે, પછી ભલે તેઓ અન્ય અહકામો પાળે અથવા ન પાળે. વળી આપે આ મશહુર બયત તો સાંભળીજ હશે કે–

**બેહુબે અહલેબયત ઇબાદત હરામ હયે!**
**ઝાહેદ તેરી નમાઝકો મેરી સલામ હય!**

અર્થ—અહલે બઈયત (હાઝર ઇમામ)ના ઉપર મહોબત વિનાની ઇબાદત હરામ છે. ઓ ઝાહેદ (દરેક શરીયતી અહકામો બરાબર બજા લાવનાર) તારી નીમાઝને મારા (નવ ગજના) નમસ્કાર છે.

એ મુજબ ઇમામે ઝમાન જે સર્વદા હાઝર અને ઝાહેર હોય છે તેમની મહોબત વગરનાઓ ગમે તેટલા ચુસ્તપણે શરીયતી અહકામો બર લાવે પણ નકામા છે, એટલે કે ઇમામની મહોબત એ સર્વ અહકામો ઉપર ફઝીલત ધરાવે છે અને તેવી મહોબત ધરાવનાર અને અન્ય શરીયતી અહકામો બજા નહી લાવનાર મુસ્લમીન તો શું પણ મઉમીન છે, એમ આપ ઇમામનો મરતબો સમજનાર આલીમને પુછશો તો જાણી શકશો. ટુંકમાં હજ નિમાઝ, રોઝા જેવી બાબતો ઉપર ઇમામત જેવી બાબતનો મદાર બાંધવો એ અકકલ અને ઇલ્મની કોતાહી છે.

સવાલ ૨૮ મો.

મજકુર પુસ્તક પેજ ૪૯ માં તમોએ અહેહાદી પેજ ૪૬ નો સુરએ નીસાની ૫૯ મી આયતનો ઉતારો આપેલ છે કે, યા અહય્યોહલ લઝીના આમનુ અતી ઉલ્લા વ અતીઉર રસુલ વ ઓલેલ અમ્ર મીનકુમ અય ઈમાનવાળાઓ તાબેદારી કરો અલ્લાહુની અને તાબેદારી કરો રસુલની અને ઓલેલ અમ્ર એટલે હુકમવાળાની તો મજકુર આયતથી એવું સાફ જણાય છે કે ખુદા, રસુલ અને ઓલેલ અમ્ર સરવેના હુકમો એક સરખાજ હોવા જોઈએ, ઉપરાંત મજકુર આયતથી સીદ્ધ થાય છે કે ખુદા, રસુલ અને ઓલેલ અમ્ર એ જુદા જુદા છે, તો જે ફીરકો હજરત અલીને ખુદા કહે છે, તેને મજકુર આયતની રૂએ તે લોકોને તમો કેવા મુસલમાન ગણો છો તે જણાવો? કારણ કે હજરત અલી ઓલેલ અમ્રમાથી છે, તો તે ફીરકો ખુદાના હુકમ વિરૂદ્ધ વરતન ચલાવે છે કે નહિ?

## જવાબ ૨૮ મો.

ભાઈ અએન! ઉપરની આયત એમ સુચવે છે કે ઉલુલ અમ્ર એટલે હુકમ કરનાર (હાઝર ઈમામ)નો હુકમ માનવો, તે હ૦ રસુલ્લિલાહના હુકમ માનવા બરાબર છે અને હ૦ રસુલિલ્લાહનો હુકમ માનવો તે ખુદાવંદતઆલાનો હુકમ માનવા બરોબર છે; એટલે કે હાઝર ઈમામની તાબેદારી કરવી તે ખુદાવંદતઆલાની તાબેદારી કરવા સમાન છે. જેવી રીતે હ૦ રસુલિલ્લાહે ફરમાવ્યું છે કેઃ—

"જેનો હું મઉલા છું તેનો અલીયે મુરતઝા મઉલા છે."

તો જેઓએ ઇમામે ઝમાનનાં હુકમો પર અમલ કર્યો તેણે હ૦ રસુલિલ્લાહ બલ્કે ખુદ ખુદાવન્દ તઆલાના હુકમ પર અમલ કર્યા બરાબર છે; એટલે કે ઇમામે ઝમાનના હુકમો તે ખુદ ખુદાવન્દ તઆલાના હુકમો બરાબર છે એમ ઉપરની આયત સુચવે છે. જેવી રીતે ખુદાવન્દ તઆલાએ ફરમાવ્યું છે કેઃ–

"ખરેખર જેઓ તારી સાથે "બઈયત" કરે છે તેઓ માત્ર ખુદા સાથે બઈયત કરે છે. ખુદાનો હાથ તેઓના હાથ ઉપર છે."

(સુરતુલ ફત્હ આ. ૧૦.)

એ મુજબ અને ઉપરની આયતના અર્થ મુજબ જેઓ ઇમામે ઝમાન સાથે બઇયત કરે છે તે ખુદાવન્દ તઆલા સાથે બઇયત કરે છે. આપ મ. કુર આયતનો જે અર્થ કરો છો તે ઉંધે રસ્તે દોરવનારો છે. આપજ ખ્યાલ કરો કે તેરસો વર્ષ પહેલાં જે જમાનો હતો તે અત્યારે નથી. તેરસો વર્ષ પહેલાં જે રાહ રસમ દુનિયામાં હતી તે અત્યારે નથી, દુનિયા દરેક વખતે બદલાતી જાય છે અને તેથી તેરસો વર્ષ પહેલાં જે રૂઢી, રાહ રસમોમાં જેમ અત્યારે ફરક થયો છે તેમ તે વખતના ધાર્મિક અહકામો પણ બદલવાજ જોઇએ. તે વખતના અહકામો અત્યારે નિરૂપયોગી છે. ખુદ હ૦ રસુલિલ્લાહ ના વખતમાં પ્રસંગોપાત અહકામોની ફેરબદલી થતી અને કુરઆને શરીફ નાઝીલ થયું એટલા વખતમાં જમાના અને સંજોગો અનુસાર અહકામોની ફેરબદલી થવાથી કેટલીએક આયતો મનસુખ કરવામાં આવી હતી, ત્યારે આજે સેંકડો વર્ષ થયા એ. હુકમો એ. મુજબ બર આવે એ માનવું કેટલું અશકય છે તે અંધશ્રધાનો ચશ્મો ઘડીભર એક બાજુ રાખી વિચાર કરશો તો સાફ સાફ સમજી શકશો. અને એટલા માટે તે વખતના અહ કામોને વળગી નહી રહેતા જે જે અહકામો **ઇમામે ઝમાન** ફરમાવે તેજ બર લાવવા જોઇએ અને તે બર-લાવવા તેજ ખુદાવન્દ તઆલાના અહકામો બર લાવવા બરાબર છે, એમ ઉપરની આયતની સુચના ઘણીજ વાસ્તવિક અને આંધળાઓને રસ્તો બતાવનાર છે.

ઈમામે ઝમાન દરેક જમાનામાં મઉજુદ રહી પોતાના ખાસ બન્દાઓ—મઉમીનોને સ્થળ અને સમય પ્રમાણે અમ્ર કરે છે, તે પર તેઓ (મઉમીનો) તેને ખુદાનોજ અમ્ર (હુકમ) સમજી અમલ કરે છે અને એ પણ એક મઉજુદ ઇમામની ઝરૂરત બતાવે છે.

આપ હ૦ અલીને ખુદા ગણવા બાબતમાં પુછો છો તો, તે બાબત ઇલ્મે રૂહાનીની છે. ઇલ્મે રૂહાની જાણુનાર હ૦ અલી તેમ હ૦ રસુલિલ્લાહને ખુદા ગણે છે અને તે માટેની અનેક મુનાકબો પણ જગમશહુર છે, પણ તેવી ઇલ્મે રૂહાની કે મારફતી જ્ઞાનની સમજણ શરીયતીઓના મગજમાં કદી ઉતરી શકે તેમ નહી હોવાથી, તે બાબતનો વાદવિવાદ નકામો છે. ઇલ્મે રૂહાની વાળા કે મારફતી જ્ઞાન ધરાવનારાઓ મ કુર આયતનો એજ અર્થ કરે કેઃ—

**"ખુદા રસુલ અને ઉલલઅમ્ર જુજવા નામે ને રૂપે એકજ છે."**

અને તે ગણનારાઓને અમે હકીકતી કે મારફતી ઇસ્લામી ગણીએ છીએ."

તેવું જ્ઞાન ધરાવનાર કેવા મુસલમીન છે? અને તેઓ ખુદાના હુકમ વિરૂધ્ધ વર્તન કરનારા છે કે નહી? તે બાબતમાં એક શરીયતી કાંઇ કહી ન શકે; કારણ કે તે બાબત તેના જ્ઞાન અને સમજણથી પર છે અને તે માટે તેણે તે બાબતમાં માથું મારવાનું મોકુફ રાખવું જોઇએ.

સવાલ ૨૯ મો.

મજકુર પુસ્તક પેજ ૫૦ માં તમોએ અલ્લહાદીના પેજ ૫૩ ના ઉતારાથી વમાયા અલમો તઆવીલહુ ઇલ્લાહો વરા શેખુન ફીલ ઇલ્મ વાલી હદીસ દરજ કરેલ છે, મજકુર હદીસો જાહેર ઇમામની જરૂરતના પ્રકરણમાં તમો લખેલ છે તો એટલુ તો જરૂરી છે કે (તેજ હદીસ ઉપરથી) મોજુદ ઇમામ હોય તે પાક કલામે શરીફના ગુહ્ય ભેદવાળા કલામની તઆવીલ પુરેપુરી જાણતા હોવા જોઇએ, તેમ ઇમામે મોજુદ સાબીત કરવાના વાસ્તે વધુ કંઇપણ ડાળા ડાળી ન કરતા ફકત પાક કુરઆને શરીફના ઇલ્મી બાબતમાંજ તમો માની લીધેલ મોજુદે ઇમામની ફઝીલત સાબીત કરી આપો-ને? કે જેથી સર્વ મુસલમાનો એક મત થઈ જાય અને પબલીક ઉપર આપનો મોટો ઉપકાર થાય.

**જવાબ ૨૯ મો.**

આ સવાલ ઘણીજ અજાયબી ઉત્પન્ન કરનારો છે. જેમ હ૦ મુસાની કોમે ખુદાની હસ્તીનો સ્વીકાર કરવાની સાબેતીમાં ખુદાવન્દ તઆલાના દિદાર કરવાની માંગણી કરી તેવીજ બેહુદી માંગણી **ઇમામે ઝમાન**ની સાબેતી માટે આપ અત્યારે કરો છો. શું અગાઉના ઇમામો કે જેઓને આખી શીયા કોમ ઇમામ તરીકે કબુલ રાખતી હોય તેમાંના કોઇએ એવો પ્રયાસ કર્યો હતો? કે જે ઉપરથી તમામ શીયા સુન્ની ઉલ્માઓએ એક મતે કબુલ કરેલ હોય? જો આમજ થતું હતે તો તેઓએ શા માટે તેમ ન કર્યું? શું તેઓ પાસે તેવી માંગણી કોઇએ નહિં કરી હોય? મતલબમાં ઇમામ તેવી ફઝીલત બતાવે તોજ ઝઘડો પતે એમ કહેવું એ નાદાની છે કારણ કે—

**તરૂવર ફળ દેવા ન જાય,**
**અખા આવી જાચે તે ખાય.**

એ મુજબ જેઓને હીદાયતની જરૂર છે અને ઇમામની શનાખત મેળવવાની ઇચ્છા છે, તેઓ **ઇલ્મથી** તપાસી ઇમામના દર આગળ ઝુરે છે અને ખરી **મહોબત**થી યાચે છે ત્યારેજ તે પાક જાત તેના પર **હિદાયતની** નવાજેશ કરે છે. આ સવાલનો **વધારે ખુલાસો અમારા** જવાબ ૨૩ થી થાય છે તો તે **ફરીથી વાંચી જવા** કૃપા કરવી.

**સવાલ ૩૦ મો.**

મજકુર પુસ્તક પેજ ૫૧ માં તમોએ ઇસ્લામી સર્વ માન્ય હદીસ અન્ના મદીનતુલ ઇલ્મ વ અલીયુન બાબોહા જણાવેલ છે તો મજકુર હદીસથી સાફ જણાય છે કે પયગમ્બર સ૦ ઇલ્મના શાહેર છે અને હજરત અલી અ૦ ઇલ્મના શાહેરના દરવાજા છે, તો શાહેર મોટો કે દરવાજો તે જણાવો? ઉપરાંત એથી એટલુ તો ચોકકસ થાય છે કે હજરત અલી અ૦ તે જમાનાના સર્વ હાજર લોકો કરતાં ઇલ્મમાં પયગમ્બરે ખુદા સ૦ની બાદ સર્વથી ચડીયાતા હતા તો જે જમાનાનો જે ઇમામ હોય, તે વખતના સર્વ ઓલમાઓ કરતાં ઇલ્મમાં પ્રવીણ હોવા જોઇએ, તો ચાલુ જમાનામાં ઇસ્લામી કોમમાં સુન્નત જમાઅતમાં મહાન ઓલમાઓ છે, તેમ શીઆહઓ પણ ઘણા આલીમો મોજુદ છે, તો તેઓ સર્વે ઉપરે તમારા માની લીધેલા મોજુદ ઇમામની શ્રેષ્ટતા સાબીત કરવી જોઇએ કે નહી?

## જવાબ ૩૦ મો.

ભાઇ અએન! આપ "અન્ના મદીનતુલ એલ્મ" વાળી હદીસથી શહેર મોહું કે દરવાજો પુછો છો તો ઇલ્મે રૂહાની ને મારફતી જાણનારા માટે આ સવાલ નકામો છે કારણુ કે આપે સાંભળયું તો હશે કઃ—

**"મીમ કે પરદે કે અંદર ખુદા બોલ રહા હે!"**

વગેરે.

રઉનક જેવા મહાન સુફીની હજરત અલી માટેની મુંનાકબો પણુ આપે સાંભળી હશે ને સર્વ બાબત તપાસતાં ઇલ્મે રૂહાનીવાળાઓ હ૦ રસુલિલ્લાહ, હ૦ અલી અને ખુદાવન્દ તઆલાનો મરતબો એક સરખો ગણે છે તેમાં કાંઇ પણ ભીન્નભાવ ગણુતા નથી પણ દુન્યવી રીતે જોતાં એ બેમાં કોનો દરજ્જો મોટો તે જાણવા માટે એક શખસે ચાલુ વખતના એક પ્રખ્યાત સુફી લેખકને આવોજ પ્રશ્ન કરેલો તેનો જવાબ તેણે ટુંકમાં આપ્યો કે "ઉપરની હદીસ મુજબ જીબ્રઇલ વહી લાવતી વખતે જયારે હ૦ રસુલિલ્લાહ પાસે એક વખત આવતા ત્યારે હ૦ અલી પાસે બે વખત આવતા એટલે કે જીબ્રીલને એલ્મના શહેરમાં જવા માટે દરવાજાને મળવું પડતું અને પાછા બ્હાર નીકળતી વખતે પણુ દરવાજાને મળવું પડતું અને તેથી હ૦ અલીનો દરજ્જો સમજી લેવો." આ જવાબ અમે પણુ આપને આપીએ છીએ

અને આપને તે પર સંતોષ થશેજ વધારે વીગતવાર ખુલાસો ૨૩ તથા ૨૯ માં આપેલ છે તે જોઈ લેવા તકલીફ લેવી.

## મી૦ અએનના પત્રનો છેવટનો ભાગ.

સુજ્ઞ સાહેબ! ઉપર દર્શાવેલ પ્રશ્નો ૩૦ ફક્ત આપ તરફથી પ્રકાશમાં આવેલ ઈમામે મોજુદમાંથી કેટલીક શંકાઓ થતાં તે નીરવાણ કરવાનેજ પ્રયાસ કરેલ છે, અને તેવીજ રીતે અન્યોને પણ કંઇને કંઈ શંકાઓ થતી હોવી જોઇએ એમ ધારૂં છું, હવે જો આપ પશ્નો સાથ ઉતરો પુસ્તક રૂપે પ્રગટ કરશો તો જરૂર ઈસ્લામી આલમમાં ઘણુાજ પ્રકાશ થઇ શકશે?

આપ ઈસ્માઇલી કોમમાં ઘણી મુદત થઈ ધામીક પ્રકાશ કરવા કોશીશ કર્યા કરો છો, છતાં જોઈતું અજવાળું પાડી શકયા નથી તેનો ટુંક દાખલો કોઇપણ ઈસ્માઇલી બંધુ ઉપર કોર્ટમાં ધામીક કેસ થતાં, ત્યાં ભરકોર્ટમાં કુરઆનનો ઇનકાર કરે છે, (જુઓ હાજી બીબી તથા નુરભાઈ કેસો વીગેરે) તે કેટલી દીલગીરીની વાત છે અને આપ ઇમામે મોજુદ પણ પાક કુરઆને શરીફ ઉપરથી અન્યો (કે જે અરબીક ભાષામાં જેને એક અલીફનો પણ

જ્ઞાન ન હોય તેવાંઓ ) ની શીખામણો ઉપરે લક્ષ આપી બ્હાર પાડેલ છે, તે ખરેજ વીચાર શીલ પુરૂષને છાજતું નથી.

આપ જ્યારે પણ પ્રશ્નો સાથના ઉતરો પ્રગટ કરો ત્યારે આપ અરેબીક કેટલું જ્ઞાન ધરાવો છો અને કેટલી ડીગ્રી મેળવેલ આલીમ છો, તેપણ જાહેર આલમને જણાવવા કૃપા કરશોજી.

ઉપરના પ્રશ્નો કાંઈપણ અદેખાઈ અથવા દુશ્મનાઈથી કરેલ નથી એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે!

પ્રશ્નોમાં ભાષાદોષ અથવા વ્યાકરણ દોષ જ્યાં હોય ત્યાં સુધારવા કૃપા કરશો, મેં વકતા તરીકે અથવા લેખક તરીકેનો અભ્યાસ કરેલ નથી, તેમ આ પ્રયાસ મ્હારો પહેલોજ હોવાના સબબે કંઇ ભુલ થઈ ગઇ હોવી જોઇએ તો તે માટે ક્ષમા ચાહુ છું. તા. ૧૧-૧૨-૧૯

લી૦ હું છું આપને સદા સુમાર્ગી ઉપ-
દેશક તરીકે જોવા ઇચ્છનાર આકાંક્ષી

"અમીન"

## અમારો ખુલાસો.

પ્રિય બંધુ અઍન! આપના ત્રીસે સવાલોના જવાબ આપવા ઉપર મુજબ યથાશક્તિ કોશેશ કરેલી છે, તે આપને રૂચે અગર નહી રૂચે તે જોવાનું એક બાજુ રાખતાં આપના અંતઃકરણમાં રહેલા નીઃપક્ષપાતપણાનાં કાંટામાં અમારા જવાબોને તોળી જોશો તો અમારા જવાબનું ખરાપણું આપ જાણી શકશો.

આપે સવાલો પુછવામાં જે સભ્યતા વાપરી છે તે માટે આપનો ઉપકાર માનું છું. હું કેટલું અરબી જાણું છું અને હું કેટલું એલ્મ ધરાવું છું વગેરે ખુલાસો મેં સ્પગાઉ આપેલ છે. એક અરબી અક્ષર નહી જાણનારની સુચના ઉપરથી મેં બુક ફમાએ મોજુદ લખી છે, એવુ અનુમાન બાંધવામાં આપે જરા ઉતાવળ કરી છે. ખયર આપની સમજમાં જેમ આવ્યું તેમ માનવાને આપ મુખતયાર છો, તે માટે હું વધારે કાંઇ પણ કહી શકું નહી!

આપે મજકુર સવાલો કોઇપણ જાતની અદેખાઇ કે દુશ્મનાઇ વગર પુછેલા જણાવો છો તો તે માટે આપને ધન્યવાદ ઘટે છે અને આપની વૃતી તેવીજ સર્વદા રહે એવું ઇચ્છુ છું.

છેવટમાં સવાલોના જવાબો આપવામાં જો કે દરેક પ્રકારની સભ્યતા અને માન જાળવવા કાળજી રાખેલી છે છતાં કોઈ જગોએ આપની લાગણી દુખાવાનું કાંઇ કારણ જણાય તો તે માટે દરગુજરની દ્રષ્ટિથી જોશો એવું આજીજીથી માંગી લઉં છું.

એજ અરજ.

લી૦ આદીમે દીન.

ગુલામે ઇમામે મઉજુદ.

વ. લીભાઈ નાનજી ઝુડા.



# મી૦ આકાંક્ષીનો પત્ર અને તેનો ખુલાસો.

અમો મી૦ અએનના જવાબો લખી રહ્યા અને તેને પ્રેસમાં મોકલવાની તઈયારીમાં હતા, એવામાં મી૦ **આકાંક્ષી** નામના કોઈ જીજ્ઞાસુનો અમોને પત્ર મલ્યો તેમની ઈચ્છા અનુસાર અમોએ આજ જગોએ નિવેડો કરી નાંખવાનું વાજબી ધાર્યું છે અને તેથી તેમનો આખો પત્ર નીચે આપીએ છીએ.

## મી૦ આકાંક્ષીનો પત્ર.

મહેરબાન સુવકતા અને સુજ્ઞ ઉપદેશક સાહેબ,

વલીભાઈ નાનજી હુદા જોગ—મુંબઈ.

**આપના તરફથી ઈમામે મોજુદ ભા. ૨ જો પ્રગટ થવાની જાહેર ખબર ઇસ્માઈલી સતપંથ પ્રકાશ પુસ્તક ૪ [illegible] અંક ૩ જા માં વાંચી અત્યંત આનંદ [illegible] છે, તે કાર્ય ખરેજ સ્તુતિ પાત્ર છે પરન્તુ તે પ્રેસમાં મોકલાવ્યા પ્હેલાં આ એક બાબત ઉપર જરૂર લક્ષ આપવા મહેરબાની કરશો તો વારંવાર નવા ભાગો છપાવવાની કડાકુટ કંઈક અંશે ઓછી થવા સંભવ છે.**

## હકીકત નીચે મુજબ.

(૧) ઇમામ એટલે શું? અને તેની આવશ્યકતા શું છે?

(૨) ઇમામનું ચરીત્ર કેવું હોવું જોઇએ?

(૩) પ્રાચીન ઇમામ અને અર્વાચીન ઇમામમાં કાંઇ ભેદ છે કે નહી? જો હોય તો તે શું તે જણાવો!

(૪) પ્રાચીન ઇમામો અર્વાચીન ઇમામો મ્વાફીક દુન્યવી માયા સંગ્રહતા હતા કે કેમ?

(૫) દરેક ઇમામ પોતાના સમયમાં પોતાના ટોળાને પોતાની પછવાડે ખુદાની ઇબાદત કરાવતા હતા, અને હમણા તે રીવાજ કેમ બંધ પડયો છે?

(૬) ઇમામમાં નમ્રતા કેટલી હદ સુધી હોવી જોઇએ?

(૭) ઇમામને દરેક અલ્લાહમાંજ વકત વીતાડવો જોઇએ કે અયાશીમાં?

(૮) હજરત અલી અ૦ પોતાના જમાનામાં પોતે જવની સુકી રોટલીઓ ખાઇ મહેનત મજુરી કરી ગરીબોને ખવડા-

વતાં અને દુન્યવી માયાનો સંગ્રહ ન્હોતા કરતા અને આજ તે જમાનાથી વિરૂદ્ધ વર્તન થાય છે તો તે અને આ જમાનામાં ફેર શું ?

(૯) ઈમામોની સ્થતિ કેવી હોવી જોઇએ ?

(૧૦) ઈમામ અને દુનીયાદારીમાં શું ફેરક છે ?

(૧૧) આગલા ઇમામોની સ્વતંત્રતા અને પરતંત્રાનો સંબંધ કોની સાથે હતો અને હાલનાનો કોની સાથે છે ?

(૧૨) જેમ ઇસ્માઇલી જ્ઞાતીમાં ઇમામ છે, તેમ કોઇ બીજા મઝહબમાંથી કોઈ શખ્સ પરહેઝગાર થઈ પોતાને ઇમામ તરીકે ગણાવે તો તેને માન્ય રાખવો કે કેમ ? ઈમામને ઓળખવા શી રીતે ?

(૧૩) દુન્યામાં દુન્યવી અયાશી જીંદગી કોણ ભોગવે ? ઇમામ કે દુનીયાદાર ?

(૧૪) આખેરતમાં દુન્યવી પરહેઝગાર શખ્સ ને આરામ મળશે કે અયાસી ઈમામને ?

(૧૫) પયગમ્બર સાહેબ અરબીક ભાષાનું ઈલ્મ ધરાવી જ્ઞાન મેળવી નીતિજ્ઞ ગણાયા અને તેમના તરફથી વંશપરં-

પરા ઈમામની ગાદીએ બેસનાર એજ વર્તનથી ચાલ્યા આવ્યા જ્યારે આજે દરેક ભાષા શીખી નીતિજ્ઞ ગણાય છે અને અરેબીક ભાષા તરછોડી દેવાય છે, તો અરેબીક ભાષા ઉચ્ચ છે કે હાલની અન્ય ભાષા?

(૧૬) પયગમ્બર સાહેબ અને ત્યારપછી હજરત અલી અ૦ પોતાની જીંદગી પર્યંત કેવી રીતે વર્ત્યા? અને તે દીવસથી આજ લગીમાં કયારથી ફેર પડી ગયો કે જેથી આજે અરેબીક ભાષાથી સદન્તર દુર રહેવું પડે છે.

(૧૭) ગત ઈમામોના ચારીત્રો અને સહન-શીલતાની પ્રશંશા કરવી જોઇએ કે નહી?

(૧૮) ગત ઈમામોના ચારીત્રો પડવા અને સાંભળવા? કે વીતી ગએલ ઇમામોની નસીહતો ગ્રહણ કરવી?

(૧૯) હીન્દુ દેવતાઓ પણ શું ગત ઇમામો કરતાં શ્રેષ્ઠ હતા? કે જ્યારે તેઓના દૃષ્ટાંતો અપાય છે, અને ઇમામોના દૃષ્ટાંતો બંધ થાય છે.

(૨૦) ગત ઇમામો ઐતીહાસીક પુરાવાથી પોતાના જમાનાામાં દરેક મનુષ્ય કરતાં ઇલ્મમાં શ્રેષ્ઠ હતા તો ચાલુ જમાનામાં જેને ઇમામ ગણાવામાં આવે છે તે ચાલુ જમાનાનાં સર્વ ઇલ્મ ધરાવનાર કરતાં શ્રેષ્ઠ હોવા જોઇએ કે નહી?

ઉપર મવાફીક કેટલીક શંકાઓ ઇસ્માઇલીઓ સીવાય અન્ય મુસ્લમાનો સાથે સમાગમ થતાં તેઓ વારંવાર ફરી જણાવે છે, ત્યારે ઉત્તરો કાંઇપણ આપી શકાતા નથી જેથી આપ ઇમા-મની ચોખવટ કરવા પ્રકાશી નીકળેલા હોવાથી આપને સુચના આપવી યોગ્ય જણાઇ છે જેથી ઇસ્માઇલી સતપંથ પ્રકાશદ્વારા આપને આપી છે, માટે આ શંકાઓ અને અન્ય એવી બીજી શંકાઓનો તોડ કરી ઇસ્માઇલીઓ સાથે અન્ય ઇસ્લામ ટકી શકે નહી તેવી મજબુત દલીલો સાથે ઇમામે મોજુદ ભાગ બીજો જાહેરાતમાં લાવશો તો ખરેખર ઘણુંજ પ્રકાશ પડી શકશે.

હાલ આપ કંઇ પદ્ધતિસર શરૂ કરેલ છે, તેથી હું અજ્ઞાન છું માટે આપને યાદી આપેલ છે, ધર્મની બાબતમાં મુમુક્ષુને જે કાંઇ પુછવુ હોય તેની છુટ હોય છે જેથી દોષ ક્ષમા કરી નમ્ર હૃદયે વીચાર કરી દરગુજર કરશો.

તા. ૧૧-૧-૧૯૨૦

લી૦ " આંકાંક્ષી "

ના યોગ્ય સ્વીકારશો.

## અમારો ખુલાસો.

ભાઇ આકાંક્ષી! આપના પત્રમાંના વીશ સવાલોમાં-ના ઘણાખરા સવાલોના જવાબો અમોએ મી૦ ચએનને આપેલ ત્રીસ જવાબમાં આવી જતા હોવાથી, તેની પુનરાવર્તી કરવાની જરૂર જણાતી નથી અને તેથી તેના જવાબમાં ફકત મજકુર જવાબોના હવાલાઓજ આપેલા છે, તે આપ વાંચી મનન કરી જોશો, તો આપ બરાબર જવાબ મેળવી શંકાઓનુ સમાધાન કરી શકશો.

જવાબ ૧ લો—"ઇમામ" નો અર્થ "ઓલિલ અમ્રમિનકુમ"વાળી આયત જે જવાબ ૨૮ માં આપવામાં આવેલ છે, અને જેનો ખુલાસો ત્યાંઆણથી તે જગોએ કરવામાં આવેલ છે તે જોઇ લેવા કૃપા કરશોજી.

**જવાબ** ૨–૩–૪–૫–૬–૭–૮–૯–૧૦–૧૧–૧૩–૧૪ = આ સવાલ તો ઇમામના કાર્યો માટે હદ બાંધવા બાબતના છે એ માટે અમારા જવાબ ૭–૮ તથા અન્ય જે જે જગાએ તે બાબતનો ખુલાસો હોય તે તે વાંચી લેવા કૃપા કરવી.

**જવાબ ૧૨ મો**—આ માટે અમારો જવાબ ૫ મા પુરતા ધ્યાનથી વાંચી જવા મહેરબાની કરવી.

**જવાબ ૧૫ મો ૧૬ મો**—આપ ભાષા ઉપર વધારે વજન આપો છો પણ ભાષા એ કંઈ મુક્તીનું સાધન નથી એમ એક નાનું બચ્ચું પણ સમજી શકે છે અને એ માટે આપ સવાલ કરો છો એ જોઈ અમોને તાજુબી ઉપજે છે. ખુદાવન્દ તઆલાએ તો ફરમાવ્યું છે કે—

"અમે કોઈ પયગમ્બરને પોતાની કોમની ભાષા સીવાય મોકલ્યો નથી (તે ભાષા સહીત મોકલ્યો છે) એટલા માટે કે તે ધર્મ-નિયમોનું તેઓને માટે વર્ણન આપે. પછી જેને ખુદા ચાહે છે તેને તે આડે રસ્તે લઇ જાય છે અને જેને ચ્હાએ તેને સીધો રસ્તો બતાવે છે, અને તે શકતીવાન અને સત્ય કરનાર છે."

(સુરતો—એબ્રાહિમ આ૦ ૪ થી)

એ મુજબ અરબસ્તાનનાં ૯૦ રસુલિલ્લાહ રહેવાસી હોવાથીજ **અરબી** ભાષામાં કુરઆન ઉતર્યું અને તેજ મુલ્કની ભાષા સાથે પયગમ્બર આવ્યા પણ જરા આપ લાંબો ખ્યાલ કરો કે ઉપરની આયત મુજબ જો હિન્દુસ્તાનમાં પયગમ્બર ઉતર્યા હોત તો કઇ ભાષા સાથે હોત ? મતલબમાં ભાષા સાથે ધર્મને કે ખુદાવન્દ તઆલાને કોઇ લાગતું વળગતું નથી. ખુદાવન્દ તઆલા દરેક ભાષા

સમજવાની તાકત ધરાવે છે. તેની પાસે દરેક ભાષાઓ સરખીજ છે અને તેથીજ ખુદાવન્દ તઆલાએ એજ આયતમાં ચોખે ચોખું ફરમાવ્યું છે કે—

ખુદા જેને ચ્હાય છે. તેને સીધો રસ્તો બતાવે છે. (ભાષાનું જ્ઞાન નહી.)

**જવાબ ૧૭ મો**—ગત રાજાઓના ચરીત્રો ચાલુ જમાનાના રાજાના વખતમાં વાંચવા અને વખાણવા જેટલા જરૂરના, ઉપયોગી અને ફાયદાકર્તા છે. એ-લાજ ગત ઇમામોના ચારીત્ર વગેરે હાલના જમાનાના ઇમામના વખતમાં વાંચવા, વખાણવા, જરૂરના ઉપયોગી અને ફાયદાકર્તા છે.

**જવાબ ૧૮ મો**—ગત અને વીતી ગયેલાનો અર્થ એકજ છે. "**વારો તેની આણ**" એ કહેવત જગ-મશહુર છે. ગત કે વીતી ગયેલા રાજાઓના હુકમ અને કાયદા ઉપર અમલ કરનાર અને ચાલુ રાજાના હુકમો અને કાયદાની દરકાર નહી કરનાર જેવીજ સ્થીતી ગત ઇમામની નસીહતો પર અમલ કરનાર અને ચાલુ જમા-નાના ઇમામના હુકમ અને કાયદાની નહી દરકાર કરનારની છે.

**જવાબ ૧૯ મો**—હિન્દુ દેવતાઓ યાને હિન્દુસ્તાનના મહાન પુરૂષો પણ અગાઉના જમાનાના હિન્દુસ્તાનના લોકોના રાહનુમા (હાદી) હતા અને તેઓને પણ ખુદા-વન્દ તઆલાએ મોકલ્યા હતા જેમ ખુદાવન્દ તઆલાએ ફરમાવ્યું છે કે—

"નથી કોઈ એવી કોમ કે જેના પર હાદી મોકલ વામાં આવ્યો નહિ હોય!"

તો હિન્દુસ્તાનના વતનીઓ અતી પ્રાચીન કોમ છે, તેમના પર પણ ખુદાવન્દના કઉલ મુજબ હાદી યાને પયગમ્બરો મોકલવામાં આવ્યા હતા અને તેઓજ તે મહાનં પુરૂષો છે અને એક લાખ અને ચોવીસ હજાર પેગમ્બરોમાંના તેઓ પણ હોવા જોઇએ, એમ ખુદાવન્દતઆલાના મજકુર કઉલથી સાબીત થાય છે, તો ઇસ્લામી ગણાવનારે તે પેગમ્બરોના દરેકને બરહક સમજવાજ જોઇએ અને જો બરહક સમજે તો ઇમામો કે પેગમ્બરોથી તેમનો ઉતરતો દર-જ્જો ગણવાની મુર્ખાઇ અને બેઅદબી નહીજ કરવી જોઇએ અને તેથી તમારા ૧૮ માં સવાલના જવાબ મુજબ તેઓને પણ ગત ઇમામો જેવાજ ગણવા જોઇએ અને તે મુજબ તેમની પ્રસંશા વગેરે થાય તે વાસ્તવીક અને વ્યાજબી છે.

**જવાબ ૨૦ મો**—આ માટે અમારો જવાબ ૨૩–૨૯–૩૦ વાંચી જવા તકલીફ લેવી,

એજ અરજ.

લી૦

**વલીભાઇ નાનજી હુદા.**

# મી૦ ગુલામહુસેનભાઈ જંગબારવાળાને જવાબ.

## ઇમામે મોજુદ મુરદું જીવતું કરી શકે છે.

ભાવનગર (કાઠીયાવાડ) મુકામે પ્રગટ થતું ઇશના અશરી માસિક **રાહેનજાત** કિતાબ ૨૮ મી હિસ્સો ૧૧ પાને ૩૪૧ માં મી૦ ગુલામ હુસેનભાઈ "**ઇમામે મોજુદનું રેવ્યુ**"ના હેડીંગ હેઠળ જે લખાણ કરે છે તેમાં ખાસ મુદા તરીકે "**ઈમામે મોજુદ મુડદું જીવતું કરી શકે**" એ દલીલ પેશ કરે છે. આ દલીલનો જવાબ આજ બુકમાં સમાઈ જાય એવા હેતુસર તઇયાર થયેલ આ બુકને બાઈન્ડીંગમાં જતી અટકાવી, આ બાબત દાખલ કરવાનું વાજબી ધાર્યું છે.

મી૦ **ગુલામહુસેનભાઇ જંગબારવાળા** જણાવે છે કેઃ—

# ચર્ચા ઉપરથી ઉપજતો વિચાર અને મુખ્ય મુદ્દો.

" મી૦ અલીજાનના જવાબમાં હાજી નાજી સાહેબે જે ટુંકમાં ખુલાસો આપ્યો હતો તેમાં આ નીચલી વિગત સાથે જોડી લેવામાં આવત તો આ ચર્ચા લંબાવવાને મી૦ એડીટર ભાગ્યેજ હીમ્મત કરત, ઈમામની સીફતોમાંથી મુરદાને જીવતું કરવું ઇત્યાદી સામાન્ય માણસોથી નહીં થઈ શકે તેવાં કામો વડે ઇમામની સચ્ચાઇની દલીલ હાજી નાજી સાહેબે ગણાવી છે તો તે દલીલવડે ઈમામે ઝમાનના દાવા કરનારાઓ જો મોઅજીઝા બતાવી શકતા હોય તો તેમને માનવા હાજી નાજી સાહેબ તઇયાર છે, એવાં હાજી નાજી સાહેબનાં લખાણના જવાબમાં મી૦ અલીજાને ખરો જવાબ ન આપતાં વાતને આડી મરડી નાંખી છે, કે હ૦ ઇસા તથા બુઝોર્ગ શખ્સ તરફે મુરદાને જીવતું કરેલ છે, એમને ઇશના અશરીઓ ઇમામ તરીકે ગણશે કે? હાજી નાજી સાહેબના મી૦ અલીજાનને આપેલા જવાબમાં

આ વાકય જોડવાને હું દુરસ્ત લેખું છું કે "મારા કરેલા સવાલનો મી૦ અલીજાન સીધો જવાબ આપતા નથી, હું એમ કહું છું કે મારી માન્યતા મુજબ ઈમામે ઝમાન ગાયબ છે, જયારે મી૦ અલીજાન ઈમામે ઝમાનને હાજર મનાવે છે, અત્રે તો મારો અગાઉનો સવાલ આબાદ વગર જવાબ મળ્યે કાયમ છે કે જેઓ ઇમામે ઝમાન હાજર હોવાનો દાવો કરે છે તેઓ મુરદાંને જીવતું કરી શકે છે? જો તેવા ઇમામો મુરદાંને જીવતું કરી શકતા હોય તો હું તેવા ઈમામોને માનવા તઈયાર છું" મી૦ અલીજાન, અને તેની સાથે મી૦ એડીટર એવી સાબેતી આપી શકતા હોય કે તેમણે માનેલા ઇમામની અંદર એવી કુદરત છે કે તે મુરદાંઓને જીવતાં કરી શકે છે તો માત્ર હાજી નાજી સાહેબ તો શું તમામ મુસલમાનો તેમને ખુદાનો પ્રતિનિધી ગણવા તઇયાર થશે અને મુસલમાનો સીવાય બીજા લોકો તેને દઈવી પુરૂષ ગણશે, પણ આજ દીન સુધી ઇમામે ઝમા-

નના દાવો કરનારાઓએ કોઇ મુરદાંને જીવતાં કરવાની ખબર આખી દુન્યામાં બાહેર આવી નથી.”

## અમારો ખુલાસો.

“ઇમામે મોજુદ”ની સીફાતોમાંની એક મુખ્ય સીફાત મુરદાને જીવતુ કરવુ તે છે “એમ મી૦ ગુલામહુસેનભાઈ જંગબારવાળા જણાવે છે. અમો તો એટલે હદ સુધી કહીએ છીએ કે ઇમામ મુરદું જીવતું કરી શકે છે એટલુંજ નહિ પણ ઇમામથી નીચેના દરજ્જાના પીર પણ તેવી રીતે મુરદું જીવતું કરી શકે છે જે માટે મહાન પીર શમ્સ તબ્રેઝ કે જે ઇસમાઇલી પીરોમાંના એક છે, તેઓએ પણ મુરદું જીવતું કરેલ હોવાનું સાબેત છે.

વળી મી૦ હાજી ગુલામઅલીને તેઓ જવાબ આપવા માટે શીખામણ દેતા લખે છે કે “જો તેવા ઇમામો મુરદાંને જીવતું કરી શકતા હોય તો હું તેવા ઇમામોને માનવા તૈયાર છું.” [illegible]

ત્યાર બાદ તેઓ જણાવે છે કે "પણ આજ દીન સુધી ઈમામે ઝમાનમાં દાવો કરનારાઓએ કોઈ મુરદાંને જીવતાં કરવાની ખબર આખી દુન્યામાં બ્હાર આવી નથી." તો જણાવવાનું કે જેઓને હિદાયત લેવાની ગરજ છે અને હાદીની શનાખત મેળવવા ઇન્તેઝાર છે. તેઓને તેવા સાચા હાદીની હિદાયત તુરત મળી શકે છે અને ન્હાની જણાતી બાબતમાંથી મહાન બોધ મેળવી શકે છે.

આજનો ચાલુ જમાનો વ્હેમનો નથી. ચાલુ જમાનામાં મુરદાંને જીવતું કરવું એટલે મરી ગયેલા માણસને જીવતું કરવું એ કેટલું વ્હેમ ભરેલું ગણવામાં આવે? તે આજના જમાનાનો અભ્યાસક સારી રીતે સમજી શકે છે. અમારો ઇસમાઇલી દીન ફીલોસોફીથી ભરેલો છે. અમો હિઝ હાઇનેસ ના૦ આગાખાનને ચાલુ ઝમાનાના ઈમામે મઉજુદ તરીકે માનીએ છીએ. તેઓ નામદારમાં એક સાચા ઈમામની દરેક સીફાતો જોઇએ છીએ, અમારા એ નામદારે એક મુરદું તો શું પણ એક આખી મુરદાલ કોમને [illegible] કરી છે; [illegible] નામદારના

મુરીદોના બોલથી સાબીત કરવા નથી માંગતા, પણ ઇસ્લામી આગેવાનોના શબ્દોથી સાબીત કરવા માંગીએ છીએ જેનો પુરાવો નીચે આપીએ છીએ.

## ઇમામે મોઅુદ સુરદું જીવતું કરી શકે છે.

જ્યારે ના૦ આગાખાન તા૦ ૧૧ મી જાનેવારી ૧૯૧૩ ના રોજ સુરત મુકામે પધાર્યા ત્યારે ઓનરેબલ સરદાર સઇયદઅલી એદરૂસે પોતાને ત્યાં તેઓ નામદારને ખાસ આમંત્રણ કરી બોલાવ્યા હતા જે પ્રસંગે સુરતના આગેવાન શહેરીઓ ઉપરાંત સુરતના કલેકટર સાહેબ મી૦ એન્ડરશાન, આસીસટન્ટ કલેકટર મી૦ રોજવીક પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ મી૦ મેકડોનલ્ડ, જીલ્લા જજ મી૦ એડવર્ડી, નગરશેઠ મી૦ ભગુભાઈ, ખા૦ બા૦ મી૦ બમનજી એદલજી મોદી, ખા૦ સા૦ મોલવી મી૦ અબદુલ કાદર, તઈયબભાઇ, મુલ્લાં મહમદઅલી મશાકતી તથા મી૦ નુરમહમદ શેખ વગેરે આગેવાન સંભાવીત ગ્રહસ્થો હાજર હતા.

શરૂઆતમાં ઓ૦ સર સઇયદઅલી એમ. એદરૂસે ના૦ આગાખાન સાહેબનો ઉપકાર માન્યો અને એ

બાદ અન્જુમને ઈસ્લામ તરફનું માનપત્ર સઈયદ અબુબકરે વાંચી સંભળાવ્યું હતું, જેમાં ના૦ આગાખાન સાહેબની બાબજ તારીફ કરવામાં આવી હતી, જેમાં બીજા પેરામાં જણાવવામાં આવ્યું હતું કેઃ—

## અન્જુમને ઈસ્લામના માનપત્રનો થોડોક ભાગ.

"આપ શેહનશાહી ખાનદાનના આલી નાયબ હોવા છતાં હામીએ, ઈલ્મ અને મુસલમાનોના હકોના સરપરસ્ત કરનાર એક બાહોશ ફરઈયાઝ, હીંદના સઘળા મુસલમાનો માટે કોમી અને મુલ્કી ખીદમત બજાવી આવવામાં સુર્ય માફક પ્રકાશીત છો, અને સર સઈયદ સાહેબના મનમાં જે ખ્યાલો અને ઈરાદા હતા, તે સરવે આપે સાંભળેલા સીધ્ધ કરી બતાવ્યા છે અને સર સઈયદના ગુજરવા પછી—

**મુરદા સમાન અવસ્થામાં પડેલી (મુસલમાન કો ) ને સજીવન કરી બતાવી—**

સર સઈયદ સાહેબની ભવીશ્ય વાણી ખરી કરી બતાવી છે; જેમકે "**મરદી અઝ ગયબ બીરૂન આયદ**

**વ કાર બકુનહ** " એટલે અણધાર્યો એક પુરૂષ બ્હાર આવી કામ સંપુર્ણ કરી બતાવશે અને જે હમદર્દી અને ઉદારતા બાલકન લડાઈના ઝખમી ગાઝીઓ તથા યતીમ બચ્ચાંઓ તથા વીધવાઓની અંતઃકરણથી કીધી હતી તે માટે ઇસ્લામીઓમાં સંતોષ અને ખુશાલી વ્યાપી રહી છે. **ટુંકમાં આપ નામદાર પુર્ણ કળાએ ચઢેલા પ્રકાશ રૂપ છો.** વગેરે."

**ભાઇ ગુલામ હુસેન**! ઉપરના માનપત્રમાં સમાયેલા શબ્દો આપ જો ઈમામે મોજુદની શોધ ખરા અંતઃકરણથી કરવા નીકળો તો, રસ્તો બતાવનારા માલુમ પડશે. ઉપરના માનપત્રનાજ કેટલાક બોલો જે અમારા ના૦ આગાખાન માટે એક ઇસ્લામી સંસ્થા તરફથી ઉચ્ચારવામાં આવેલ છે તેમાં, અમો તે નામદારના ખાકશાર મુરીદો એક સાચા ઇમામમાં હોવી જોઇતી સઘળી સીફાતો જોઇ શકીએ છીએ જેમકે—

૧. તેઓ નામદાર શહેનાહી ખાનદાનના આલીનસબ છે.

૨. તેઓ નામદાર હામીએ ઈસ્લામ અને મુસલમાનોના હકોના સરપરસ્ત કરનારા એક આલીશાન ફઇયાઝ છે.

૩. તેઓ નામદાર ઇસ્લામી કોમી અને મુલ્કી ખીદ-મત બજાવી લાવવામાં સુર્ય માફક પ્રકાશીત છે.

૪. **તેઓ નામદાર મુરદા** (સમાન અવસ્થામાં પડેલી કોમને) **સજીવન કરનાર છે.**

૫. **તેઓ નામદાર** અણુધાર્યા એક મહાન ઇસ્લામી નર તરીકે ઇસ્લામી ઇલ્મી કાર્યને સંપુર્ણ કરનાર છે.

૬. તેઓ નામદાર ઇસ્લામીઓને સંતોષ આપે અને ખુશાલી ઉત્પન્ન કરે એવી ઉદારતા અને હમદર્દી ધરાવનારા નર છે.

૭. તેઓ નામદાર પુર્ણ કળાએ ચઢેલા સુર્યના પ્રકાશ રૂપ છે.

ઉપરની સાત બાબતો જે ઇસ્લામના ખરા પેશ-વામાં યાને **એક સાચા ઇમામમાં** હોવી જોઇએ તે સઘળી તેઓ નામદારમાં મોજુદ છે, એમ ઉપર મુજબ સાબેત થાય છે. તે સીવાય એક સાચા ઇમામમાં હોવી જોઇતી અન્ય સીફાતો તેઓ સંપુર્ણ રીતે ધરાવે છે, એમ અમો તેઓના કાર્યોથી અનેક વખત જોઇ શકીએ છીએ પણ—

"એ ઘુવડ સુર્યની રોશની જોઇ ન શકે તો સુર્યનો વાંક નથી."

એ સીવાય આપ માટે અમો વધુ શું કહીએ?

વળી મી૦ ગુલામ હુસેનભાઈ! આપ તે બાદ જણાવો છો કેઃ—

"મી૦ અલીજાનનાં લખવા મુજબ હ૦ ઇસા અલય હિસ્સલામ તથા બુઝુર્ગ શમ્સ તબ્રીઝે મુરદા જીવતાં કર્યાં હતાં. હ૦ ઇસા અ૦ના બારામાં તો કુરાન સાક્ષી પુરે છે કે તે હજરતે આવો મોઝીઝો બતાવ્યો હતો; જયારે બુઝુર્ગ શમ્સ તબ્રીઝના બારામાં મી૦ અલીજાને કોઇ સાબેતી આપી નથી. વગેરે."

ઉપર મુજબ આપ બુઝુર્ગ શમ્સ તબ્રેઝે મુરદાંને જીવતું કરવા બાબતમાં મી૦ અલીજાન પાસે સાબેતી માંગો છો પણ એ બાબત સુર્યની હસ્તી જેવી સાબેત છે. હિન્દુ આલેમો પણ આ બાબત સત્ય માને છે, જ્યારે આપ એક ઇસ્લામી હોવા છતાં, એક ઇસ્લામી મહાન પુરૂષના જાહેર કાર્યથી નાવાકેફ છો તે જોઇ તાજુબ થઇએ છીએ.

૯૦ શમ્સ તબ્રિઝે મુરદું જીવતું કર્યાં બાબતમાં મી૦ મહાસુખભાઈ ચુનીલાલ વિસનગરવાળા **અનવર કાવ્ય** આવૃતી પાંચમી નામની મશહુર કીતાબના દીબાચામાં પોતે ૨૭ માં જણાવે છે કે:—

## કીતાબ અનવર કાવ્યમાંથી ઉતારો.

"શમ્સ તબ્રિઝ પરમેશ્વરનો ખરો આશક ફકીર હતો, તે કબ્રસ્તાનમાં પડી રહેતો હતો. એક દીવસે બાદશાહનો છોકરો મરી ગયો તેથી બાદશાહે તમામ શાસ્ત્રકારોને બેગા કરી હુકમ કર્યો કે "તેને જીવતો કરો નહી તો બધાને મારી નાખીશ." આવા હુકમથી શાસ્ત્રકારો મુવાને જીવતો કરે એવા માણસની શોધ કરવા લાગ્યા તો કબ્રસ્તાનમાંથી આ શમ્સ તબ્રેઝ મળી આવ્યો અને તેને પાદશાહ આગળ ખડો કર્યો. શમ્સ તબ્રિઝે શરૂઆતમાં જાહેર કર્યું કે "હું આ છોકરાને જીવતો કરીશ અને આ બધા શાસ્ત્રકારોને મરતા બચાવીશ પણ મને ખાતરી છે કે તમે બધા શાસ્ત્રકારો મને મારશો." બધાએ કહ્યું કે "અમે તને કંઈ નહી કરીયે" ત્યારે શમ્સ તબ્રિઝે [illegible]દાને કહ્યું "કુમ

**એઈજની**" ( ઉઠ મારા હુકમથી ) આ શબ્દોથી છોકરો જીવતો થયો."

એ સીવાય અન્ય પુસ્તકોમાં પણ ઉપરની વાત મળી આવે છે અને અમારા ઇસમાઈલી શાસ્ત્રોમાં તો આ બાબત ઠેક ઠેકાણે નજરે પડે છે.

મી૦ ગુલામ હુસેનભાઇ ! છેવટમાં આપ નામદારને અર્જ ગુજારવાની રજા લઉં છું કે, આપનો મુદ્દો **મુરદાને જીવતું કરવાનો** જવાબ અમોએ ઉપર આપ્યો છે તેથી સંતોષ થશે છતાં આપ શરીયતી પાઇરીથી આગળ વધેલા નહિ હોવાથી એ બાબત આપના ધ્યાનમાં કદી નહી ઉતરે તે માટે આપે આગળ વધવું અને ફીલસુફીનો અભ્યાસ કરવો કે જેથી આવી ગુઢ બાબતો સમજવા આપ શકતીવાન બનો.

ખુદાવન્દ તઆલા આપ અને આપ જેવા ખરા જીજ્ઞાસુઓને હિદાયત બક્ષે એવી દુઆ ગુજારી આ નાનકડું પુસ્તક ખતમ કરીએ છીએ. વસ્સલામ.

સમાપ્ત.

તદ્દન મફત! તદ્દન મફત!!

## આ કિતાબ

દાઉદી વહોરા તથા ઇસ્નાઅશરી ગ્રહસ્થોને પોસ્ટેજ
માટે અર્ધો આનો મલવાથી મફત મોકલવામાં આવશે.